


# બાળ ગીતા

રજૂઆત: શ્રી મહેન્દ્રભાઈ નાયક.

પ્રારંભિક સાધકો અને બાળકો માટે ગીતાની એક પ્રાથમિક ઓળખ

# અનુક્રમણિકા

અનુક્રમણિકા ........................................................................ 1
નોંધ: ................................................................................ 7
પ્રાસ્તાવિક........................................................................... 10
અધ્યાય – ૧ અર્જુનનો વિષાદ ........................................................ 16
૧.શ્રીમાન સત્યવાદી. .................................................................. 20
અધ્યાય – ૨ પ્રભુનું જ્ઞાન ............................................................. 26
૨ યધ્યે - લક્ષ્ય :....................................................................... 37
અધ્યાય – 3 કર્મ યોગ ................................................................ 42
3 .સર એલેક્ઝાંડર ફ્લેમીંગ. ......................................................... 49

અધ્યાય – ૪ જ્ઞાન કર્મ સન્યાસ યોગ........................................... 64
૪ એકલવ્ય એક આદર્શ વિદ્યાર્થી. ........................................... 73
૫ .આદિ શંકરાચાર્ય) અથવા શંકર: (........................................... 88
અધ્યાય – ૬ આત્મસંતોષ કે ધ્યાન યોગ........................................... 92
૬: ધ્રુવની કથા . ........................................... 95
અધ્યાય - ૭ જ્ઞાન - વિજ્ઞાન યોગ ...........................................100
૭: બધા જ જીવોમાં ઈશ્વરના દર્શન . ...........................................107
૮.અદ્દ્શ્ય ...........................................110

અધ્યાય – ૮ અક્ષર બ્રહ્મ યોગ........................................................115
૯.રાજા ભરતની કથા ........................................................119
અધ્યાય – ૯ રાજ વિદ્યા રાજગૂહ્ય યોગ - ........................................125
૧૦.બાળક જેણે પ્રભુને ભોજન કરાવ્યું ........................................132
૧૧વાલ્મીકિ ........................................................136
૧૨પગલાં . ........................................................140
અધ્યાય – ૧૦ વિભૂતિ યોગ ........................................................144
૧૩ આંધળાનો હાથી. ........................................................147

અધ્યાય – ૧૧ વિરાટરૂપ દર્શન યોગ ............................................151
૧૪.ઈશ્વર તમારી સાથે જ છે ..................................................153
અધ્યાય – ૧૨ ભક્તિ યોગ ..........................................................159
૧૫ભક્ .ત પ્રહલાદ ....................................................................163
અધ્યાય – ૧૩ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ વિભાગ યોગ -........................................171
૧૬: મીઠાંની પૂતળી . ................................................................175
૧૭: શાકાહારી વાઘ ..................................................................179

અધ્યાય – ૧૪ ગુણત્રય વિભાગ યોગ ....................................................182
૧૮.ત્રણ લૂંટારા . ........................................................................187
અધ્યાય – ૧૫ પુરુષોત્તમ યોગ............................................................190
૧૯ .બાળકૃષ્ણની કથા.......................................................................194
૨૦.ની કથાકૃષ્ણશ્રી રામ . .................................................................197
અધ્યાય – ૧૬ દેવાસુર સંપદ વિભાગ યોગ.........................................201
૨૧: શ્વાન અને હાડકું . ....................................................................204
૨૨.દ્રોપદીની કથા . ..........................................................................207

અધ્યાય – ૧૭ શ્રધ્ધાત્રય વિભાગ યોગ.........................................210
૨૩. કાગડોતરસ્યો ....................................................................214
૨૪સસલા અને . કાચબાની કથા.......................................................216
૨૫. જેણે કદી હાર ન માનીક્તિવ્ય ..................................................219
અધ્યાય – ૧૮ મોક્ષ સન્યાસ યોગ...................................................225
૨૬! હું કાંઈ સારસ નથી ...........................................................232
અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ..........................................................239

## નોંધઃ

વિષ્ણુ પુરાણમાં એક કથા છે, જેમાં અતિશય અત્યાચારો અને પાપોથી ત્રાસેલી પૃથ્વી ગાયનું રૂપ ધારણ કરી વૈકુંઠમાં વિષ્ણુ પાસે પહોંચે છે અને પોતાની દયાજનક સ્થિતિનું વર્ણન કરી પોતાને બચાવી લેવા પ્રાર્થના - આજીજી કરે છે. વિષ્ણુ પણ એની કથા સાંભળી ખુબ જ દુઃખી થાય છે અને એને સાંત્વના આપે છે કે એ ટૂંક સમયમાં જ એક ગોપાલના સ્વરૂપે પૃથ્વી પર અવતરશે અને એના બધા જ ભક્તોને, દુર્જનો, રાક્ષસો અને અસુરોના ત્રાસથી છોડાવશે, તથા ધર્મની પુનઃ સંસ્થાપના કરશે.

પરિણામે કપરા સંજોગોમાં કૃષ્ણનું આગમન થાય છે - ગોકુળ વૃંદાવન તેમનું ધામ બને છે અને એ પોતાનું કાર્ય ત્યાંથીજ આરંભ કરે છે. સમયાંતરે એમણે આપેલા વચન મુજબ પૃથ્વી પરના પાપોને એક પછી એક નાબુદ કરે છે

અને અંતે પોતાના મિત્ર - સખા અને ભક્ત અર્જુનને ગીતાનો પાઠ ભણાવી - તેના થકી મહાભારતનું યુદ્ધ જીતીને પોતાનું કાર્ય પૂર્ણ કરે છે.

આ ગીતા તે એજ છે ગીતા જેને ઋષિ મુનિઓએ બીરદાવી છે. તેમણે નોંધ્યું છે કે વેદોરૂપી ઘાસ ચરીને અનેક ઉપનિષદો રૂપી ગાયો અસ્તિત્વમાં આવી અને વેદવ્યાસે આ ગાયોનું દોહન કરીને ગીતારૂપી દૂધનું શ્રીકૃષ્ણના હાથે અર્જુનને પાન કરાવ્યું.

એ જ ગીતાએ કેવળ અર્જુનને જ મહાભારતમાં વિજય અપાવ્યો એવું નથી પરંતુ, એ ગીતા આજે પણ એટલી જ પ્રસ્તુત છે અને આજના આ વિષમ કાળમાં દરેક માનવીને પોતાની અંદર અને બહાર ચાલી રહેલા મહાભારતના યુદ્ધને જીતવામાં મદદરૂપ થઈ શકે છે. આ જ્ઞાન અગાઉ પણ વારંવાર વિસરાયું હતું અને આજે પણ એજ પરિસ્થિતી છે, ત્યારે ફરી કોઈ ગોપાલ આવી તમારી

રક્ષા કરે તેની રાહ જોયા વિના ગીતાના આ પાઠનો અભ્યાસ કરી સૌ પોતપોતાના આંતરિક અને બાહ્ય મહાભારત પર વિજય મેળવશે તો એજ સાચો કર્મયોગ કહેવાશે.

આવશ્યકતા છે કે આવો પાઠ અને તેનો અભ્યાસ બાળવયથી જ થાય. અને આ બાળવય માત્ર શારીરિક જ ન રહેતા આધ્યાત્મિક હોય તો પણ તેને સ્વીકારી એનું અધ્યયન અને અનુસરણ થાય એ ઈચ્છનિય છે.

આવી એક દૃષ્ટિ રાખી અત્રે ગીતાના સંદેશને સરળ રીતે રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે. આશા છે એ દરેકને ઉપયોગી થશે.

સપ્ટેંબર ૧૨, ૨૦૧૨

મહેન્દ્ર નાયક,

નવસારી

# પ્રાસ્તાવિક

આભા : દાદાજી, હું આ ભગવદ્ ગીતાના બોધને બરાબર સમજી નથી શકતી, શું તમે મને એમાં કાંઈ મદદ કરશો?

દાદાજી : જરૂર, આભા, મને તો એમાં આનંદ જ થશે. તારે એ ખરેખર જાણવું રહ્યું કે આ પવિત્ર ગ્રંથ આપણ સૌને આ જગતમાં સુખ અને શાંતિથી કેવીરીતે જીવવું એનો જ બોધ આપે છે. આ સનાતન ધર્મ જેને આપણે હિન્દુ ધર્મ તરીકે ઓળખીએ છીએ, તેનો એ અતિ પુરાતન ગ્રંથ છે, પરંતુ એને જગતમાં કોઈ પણ ધર્મ પાળનારા, સહેલાઈથી સમજી અને અનુસરી શકે છે. ગીતમાં કુલ ૧૮ પ્રકરણો કે અધ્યાય છે અને બધુ મળીને માત્ર ૭૦૦ શ્લોકોમાં જ એ સમાયેલ છે.

કોઈપણ વ્યક્તિ, રોજનો થોડા અમસ્તા શ્લોકોનો અભ્યાસ કરી ટૂંક સમયમાં જ એનો સાર ગ્રહણ કરી શકે છે.

'ભગવદ્' શબ્દનો અર્થ થાય પ્રભુ કે મહાપ્રભુ જેને આપણે ભગવાન્ કહીએ છીએ. ગીતા નો અર્થ થાય કવિતા કે કાવ્ય. એ રીતે ભગવદ્ ગીતાનો અર્થ થાય ભગવાનનું કાવ્ય અથવા પવિત્ર કવિતા, કારણ એને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણએ ગાએલ છે.

ચાલ, સૌ પ્રથમ હું તને ગીતા અંગેની પ્રાથમિક સમજ આપું :

પુરાતન કાળમાં એક રાજા થઈ ગયો જેને બે પુત્રો હતા ધૃતરાષ્ટ્ર અને પાંડુ. ધૃતરાષ્ટ્ર જન્મથી જ આંધળો હતો, માટે એ રાજાનું રાજ્ય પાડુંને મળ્યું. પાંડુનાં પાંચ પુત્રો હતા અને તઓ પાંડવો તરીકે ઓળખાતા. ધૃતરાષ્ટ્રને સો

પુત્રો હતા અને તે બધા કૌરવો તરીકે ઓળખાતા. દુર્યોધન કૌરવોમાં સૌથી મોટો હતો.

પાંડુના અવસાન પછી એનો સૌથી મોટો પુત્ર યુધિષ્ઠર કાયદેસર રીતે રાજા બન્યો. દુર્યોધનને ખૂબ ઈર્ષ્યા થઈ. એને પોતાને આ રાજ્ય જોઈતું હતું. રાજ્યના બે ભાગ પાડવામાં આવ્યા અને પાંડવો તેમજ કૌરવોને સોંપાયા. પરંતુ દુર્યોધનને એટલાથી સંતોષ ન થયો. એને તો આખું રાજ્ય જ જોઈતું હતું. એણે પાંડવોનો વિનાશ કરવા ઘણાં દુષ્ટ યત્નો કર્યા જેથી આખું રાજ્ય એને મળી જાય, યેન કેન પ્રકારે એણે પાંડવો પાસેથી એમનું રાજ્ય પડાવી લીધું અને લડાઈ વિના એ રાજ્ય પાછું સોંપવાની ઘસીને ના પાડી દીધી. શ્રીકૃષ્ણ અને અન્યો દ્વારા કરાયેલા શાંતિ માટેના પ્રયત્નો વિફળ થયા અને એ રીતે મહાભારતના યુદ્ધનેં ટાળી ન શકાયું.

પાંડવોની લડવાની જરાએ ઈચ્છા નો'તી, પરંતુ તેમની સામે માત્ર બે જ માર્ગ બચ્યા હતા : એમના હક્ક માટે લડવું જે એમની ફરજ હતી અથવા લડાઈથી ભાગીને શાંતી અને અહિંસા માટે હાર સ્વીકારી લેવી. પાંચ પાંડવોમાંથી એક ભાઈ એવા અર્જુન સમક્ષ લડાઈના મેદાનમાં આવો જ પ્રશ્ન ઉપસ્થિત થયો.

એણે ક્યાંતો રણક્ષેત્રમાં લડીને સામા પક્ષે લડનારા પોતાના સ્વજનો તેમજ ગુરુને તથા અન્ય, નિર્દોષ લોકોને હણવાના હતા, અથવા અહિંસક અને શાંત રહેવા રણ છોડીને પલાયન થવાનું હતું. ગીતાનાં આ અઢારે અઢાર અધ્યાય એ આ વિષાદમાં આવેલા અર્જુન અને એના સખા, ગુરૂ અને મસીઆઈ એવા શ્રીકૃષ્ણ - જેઓ ભગવાનનો અવતાર હતા - એ બે વચ્ચે કુરૂક્ષેત્ર રણમેદાન પર થયેલ સંવાદ રૂપે છે. કુરુક્ષેત્રનું રણમેદાન ભારતના દિલ્હી નજીક જ આવેલું છે અને આ લડાઈ આશરે ૫૧૦૦ વર્ષ પહેલાં લડાઈ હતી.

આ સંવાદની વિગત આંધળા રાજા ધૃતરાષ્ટ્રના સારથી સંજય દ્વારા વર્ણવાય હતી અને તેની નોંધ મહાભારત ગ્રંથમાં મળે છે.

માનવ કે અમાનવ બન્ને પ્રકારના બધા જ જીવોને હિન્દુ ધર્મમાં પવિત્ર ગણવામાં આવે છે, અને અહિંસા એ એનો પાયાનો સિદ્ધાંત છે. માટે જ્યારે શ્રીકૃષ્ણ અર્જુનને ઉઠીને લડવાની સલાહ આપે ત્યારે જો એ લડાઈની પૃષ્ઠભૂમીને તુ પુરેપુરી ન સમજે તો ગૂંચવાણ ઉભી થવાનો સંભવ છે.

ભગવાન શ્રીકૃષ્ણ એને તેના ભક્ત તેમજ પ્રિય એવા સખા વચ્ચે થયેલો આ સંવાદ, કોઈ મંદીર કે એકાંત સ્થળે અથવા પર્વતની ટોચ પર નો'તો થયો, પરંતુ એ લડાઈના મેદાનમાં લડાઈ શરૂ થનાર હતી તેવે સમયે થયો હતો.

આભા : ‘દાદાજી આતો ખૂબ જ રસ પડે તેવી વાર્તા જણાય છે, શું તમે એ મને કહેશો?'

દાદાજી : હું રોજ સાંજે જ્યાં બેસું છે ને, આભા, ત્યાં તું આવશે તો હું તને રોજનો એક એક અધ્યાય લઈને આખી વાર્તા કહીશ. માત્ર તારે એટલું જ ધ્યાન રાખવાનું કે તુ તારૂં શાળાનું અને ઘરનું કામ પતાવીને મારી પાસે આવે અને ત્યાર બાદ તારી પાસે સાંભળવાનો પુરતો સમય હોય. તને જો એ કબુલ હોય તો આપણે આવતી કાલથી શરૂઆત કરીશું.

આભાઃ  દાદાજી, હું એ સાંભળવા, આવતી કાલે જરૂરથી આવી પહોંચીશ.

# અધ્યાય - ૧ અર્જુનનો વિષાદ

આભા : દાદાજી, સૌ પ્રથમ તો મારે એ જાણવું છે કે શ્રીકૃષ્ણ અને અર્જુન લડાઈના મેદાનમાં આ વાતો કેવી રીતે કરવા પામ્યા.

દાદાજી : એમા થયું એવું, આભા, કે જ્યારે શ્રીકૃષ્ણ એને અન્યો દ્વારા કરાયેલા શાંતી માટેના અને યુદ્ધને ટાળવાના બધાજ પ્રયત્નો નિષ્ફળ ગયા. મહાભારતનુ યુદ્ધ લડાવાની તૈયારમાં જ હતું. જ્યારે લડાઈના મેદાન પર સૈન્યો સામસામા ગોઠવાઈ ચૂક્યા હતા ત્યારે અર્જુને શ્રીકૃષ્ણને એમના રથને બે સૈન્યો વચ્ચે લઈ જવા વિનંતી કરી, ત્યાંથી જ્યારે એણે બંને પક્ષે પોતાના જ સઘળા સંબંધીઓનો ભેગા થએલા જોયા તો આ બધાના જ થનારા નાશ અંગે વિચારીને એ ગભરાઈ ગયો, એનામાં અચાનક કરૂણા ઉપજી.

આભા : આ કરૂણા એટલે શું, દાદાજી ?

દાદાજી : કરૂણાનો અર્થ દયા નથી થતો, આભા. દયાભાવ એટલે અન્યોને ગરીબ અને સહાનુભૂતિને  પાત્ર ગણવા. અર્જુનને એ બધાનું દુઃખ અને તેમની બદ્‌નસીબ સ્થિતિ પોતાનાં જ હોય એવી લાગણી થઈ રહી હતી. અર્જુન એક મહાન યોદ્ધા હતો, અને તે ઘણી બધી લડાઈઓ લડીને આ યુદ્ધ માટે સંપૂર્ણ રીતે તૈયાર હતો, પરંતુ અચાનક ઉપજેલી આ કરૂણાને કારણે એયુદ્ધથી હટવા માંગતો હતો. એણે આ યુદ્ધના ખરાબ પરિણામો વિશેની વાત કરી અને હથિયારો નીચે મુકી રથની પાછળ જઈ બેસી ગયો, એનુ મન દુઃખથી ઘેરાઈ ગયું હતું, એણે આ યુદ્ધની નિરર્થકતા જોઈ લીધી હતી. એને શું કરવું તેની કશી જ સમજ રહી નો'તી.

આભા : હું એને દોષ નથી દેતી. મારે પણ આવું લડવાનું આવે તો હું પણ ન જ લડું. દાદાજી, લોકો કેમ એકબીજા જોડે લડતા હોય છે? આ યુદ્ધો થવા જ શા માટે જોઈએ?

દાદાજી : આભા, આ યુદ્ધો કાંઈ કેવળ જુદા જુદા દેશો વચ્ચે જ નથી થતા, પરંતુ બે વ્યક્તિ વચ્ચે, બે ભાઈઓ વચ્ચે, ભાઈ અને બહેન વચ્ચે, પતિ અને પત્ની વચ્ચે, મિત્રો અને પડોશીઓ વચ્ચે પણ થતાં જ રહે છે. એનું મુખ્ય કારણ તો એજ છે કે લોકો પોતાની સ્વાર્થ વૃત્તિઓને અને ઈચ્છાઓને છોડી નથી શકતા. મોટા ભાગના યુદ્ધો પોતાની મિલ્કત અને સત્તાને કારણે જ થતાં હોય છે. પરંતુ લોકો જો પ્રશ્નોના બન્ને પક્ષને બરાબર સમજે અને સહમતી કેળવે તો બધાજ પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે છે. યુદ્ધ કરવું કે લડવું એ કેવળ અંતિમ ઉપાય હોવો જોઈએ. આપણાં પવિત્ર ગ્રંથો કહે છે કેઃ કોઈએ કોઈપણ અન્ય પ્રત્યે હિંસા

આચરવી ન જોઈએ. કારણ વિનાની હિંસા કોઈ પણ સંજોગોમાં સજાને પાત્ર જ છે. શ્રી કૃષ્ણએ અર્જુનને એના હક્કમાટે જ લડવાનો અનુરોધ કર્યો અને જણાવ્યું કે કારણ વિના તો હિંસા ન જ આચરવી. એને કહ્યું કે એક યૌદ્ધા તરીકે જાહેર કેરલી આ યુદ્ધને લડવું એજ એની ફરજ છે, અને તેને જીતીને એણે આ પૃથ્વી પર શાંતી અને કાયદા તેમ જ નિયમોનું રાજ્ય સ્થાપવું જ રહ્યું.

માનવી તરીકે આપણાં સૌની અંદર પણ સતત એક યુદ્ધ ખેલાઈ રહ્યું છે. આપણી અંદર રહેલાં હકારાત્મક અને નકારાત્મક બળો હમેંશ લડતા જ રહે છે. આપણાં નકારાત્મક બળો કૌરવો દ્વારા દર્શાવાયા છે અને હકારાત્મક બળો પાંડવો દ્વારા દર્શાવાયા છે. આવી વાતો સમજાવવા ગીતામાં કોઈ દૃષ્ટાંતો આપવામાં આવ્યા નથી, માટે મારી વાતોમાં હું અન્ય સ્થળેથી લીધેલી વાર્તાઓ ઉમેરીશ જેથી તને સમજવામાં સરળતા રહે.

આ વાર્તા મહાભારતમાં અન્ય એક સ્થળે શ્રીકૃષ્ણએ જ અર્જુનને કહી હતી. એ વાર્તા હકારાત્મ અને નકારાત્મક વિચારો વચ્ચેના ઘર્ષણની જ છે.

## ૧.શ્રીમાન સત્યવાદી.

એક સમયે એક મહાતપસ્વી થઈ ગયા જે પોતાની સત્યવાદિતા માટે ખૂબ પંકાયેલા હતા. અમેણે કદીપણ જૂઠું ન બોલવાનું પ્રણ લીધું હતું. અને એઓ શ્રીમાન સત્યવાદી તરીકે જ ઓળખાતા. એ ભલે ને ગમે તે કહે, લોકોનો એમનામાં સંપૂર્ણ વિશ્વાસ હતો કારણ એમણે એઓ જ્યાં તપ કરતાં હતા તે વિસ્તારમાં પોતાની સત્વાદિતાની શાખ જમાવી હતી.

એક દિવસ એક લૂટારો કોઈ એક વેપારીની પાછળ પડયો હતો, તે તેને લૂંટીને મારી નાખવા માંગતો હતો. વેપારી એનો જીવ લઈને ભાગી રહ્યો હતો.

લૂટારાથી છૂટવા માટે જ્યાં પેલાં તપસ્વી રહેતા હતા તે તરફના જંગલ તરફ દોડયો.

વેપારીને લાગ્યું કે એ હવે સલામત છે અને લૂટારો એ ક્યાં છૂપાયો છે તે જાણી નહીં શકે. પરંતુ પેલા તપસ્વીએ એને જંગલની દિશા તરફ જતા જોઈ લીધો હતો.

લૂટારો તપસ્વીને આશ્રમે આવી પહોંચ્યો અને તેમને પ્રણામ કર્યા. લૂટારાને એ ખબર હતી કે આ તપસ્વી સાચું જ કહેશે અને એના કહ્યા પર પુરે પુરો વિશ્વાસ કરી શકાય તેમ છે, માટે એણે તમને, કોઈને અહીંથી ભાગીને ગયું છે કે કેમ એવું પુછ્યું. તપસ્વીને ખબર હતી કે આ લૂટારો કોઈને લૂંટીને તેને મારી નાખવા માટે જ શોધી રહ્યો છે, તેથી તેની સમક્ષ એક મોટી ગૂંચ આવી પડી. જો એ સાચું કહે તો પેલો વેપારી ચોક્કસ જ માર્યો જાય, જો એ ખોટું બોલે

તો એને તેનું પાપ લાગે અને પોતાનું થયેલું નામ પણ ગૂમાવે. તમારૂં કોઈ કાર્ય, જો અન્યને નૂકસાન કરે તો તે પાપ જ ગણાય. અહીંસા અને સત્ય એ દુનિયાના બધા જ ધર્મોના ખૂબજ અગત્યના મુદ્દાઓ છે જે સૌએ અનુસરવા જોઈએ. આપણે જો આ બે વચ્ચે કોઈ એકની પસંદગી કરવાની હોય તો આપણે કોને પસંદ કરીશું? આ એક ખૂબ જ મુશ્કેલ પસંદગી છે.

પોતાની સાચુ બોલવાની ટેવને કારણે તપસ્વીએ લૂટારાને કહ્યું. “હા, મેં કોઈને આ તરફ દોડી જતા જોયો છે." આ રીતે લૂટારાએ વેપારીને શોધી કાઢયો અને મારી નાખ્યો. તપસ્વી સત્યને છૂપાવી એક જીવને બચાવી શક્યો હોત, પરંતુ એણે કાળજીથી વિચાર ન કર્યો અને એક ખોટો નિર્ણય લીધો.

શ્રી કૃષ્ણનો અર્જુનને આ વાર્તા કહેવા પાછળનો આશય એટલો જ હતો કે એ સમજે અને જાણ કે કેટલીક વાર આપણે પસંદગી ઊંડી ખાઈ અને ખીણ

વચ્ચે કરવાની હોય છે. શ્રી કૃષ્ણએ અર્જુનને જણાવ્યું કે પેલો તપસ્વી અને લુટારો પાપમાં એક સરખા જ ભાગીદાર થયા. તપસ્વીએ સાચું ન કહ્યું હોત તો લૂટારો એને શોધી ન શકત, માટે જ્યારે બે ઉમદા નિયમો એકબીજાની સામે આવી પડે ત્યારે આપણે જાણવું જ રહ્યું કે તેમાથી ઉત્તમ કયો હશે. અહિંસાને સૌથી વધુ મહત્ત્વ મળવું જોઈએ, માટે એ પરિસ્થિતિમાં કોઈનો જીવ બચાવવા તપસ્વીએ જુઠું જ બોલવું જોઈતું હતું. કોઈને પણ નૂકસાન પહોંચાડી શકે તેવું સત્ય પણ ન જ બોલવું. જીવનની વાસ્તવિક સ્થિતિમાં કોઈ વાર ધર્મ કે અધર્મનો નિયમ લાગુ કરવો મુશ્કેલ બની જતો હોય છે કારણ કેટલીકવાર ધર્મ શું છે અને અધર્મ શું છે તેનો નિર્ણય લેવા મુશ્કેલ થઈ જતો હોય છે. એવી સ્થિતિમાં કોઈ જ્ઞાનીની સલાહ લેવી આવશ્યક થઈ પડે છે.

શ્રીકૃષ્ણે એક અન્ય દૃષ્ટાંત આપ્યું જેમાં એક લૂટારો કોઈ ગામ તરફ લૂંટ અને હિંસા માટે ધસી રહ્યો હતો, આ સ્થિતિમાં લૂટારાને મારી નાખવો એજ અહિંસા કહી શકાય. કારણ માત્ર એકને જ મારવાથી ઘણાંનો જીવ બચાવી શકાય. સ્વયં શ્રીકૃષ્ણએ મહાભારતનું યુદ્ધ જીતવા માટે ઘણાં પ્રસંગોએ આવા નિર્ણયો લેવા પડયા હતા, અને એ રીતે પાપીઓનો અંત આવ્યો.

એટલું યાદ રાખજે, આભા, કે કદી જૂઠું ન બોલવું અને કોઈપણ જીવને નૂકસાન ન પહોંચાડવું, પરંતુ જીવનો બચાવ કરવો તેને જ પ્રાથમિકતા આપવી રહી.

અધ્યાય ૧ નો સાર :

અર્જુને પોતાના સારથીને રથ બે સૈન્યો વચ્ચે લઈ જવા કહ્યું, જેથી તે તેમને બરાબર જોઈ શકે. જ્યારે અર્જુને સામે પક્ષે પોતાના મિત્રો તેમજ સંબંધીઓને જોયા ત્યારે, લડાઈ જીતવા તેમને હણવો પડશે તે સમજી ખૂબ જ કરૂણા સભર (આર્દ્ર?) થઈ ગયો એ એટલો બધો ગૂંચવાઈ ગયો કે, યુદ્ધના દૂષણો વર્ણવવા લાગ્યો અને હથિયાર હેઠા મૂકી એણે લડવા માટે ના પાડી દીધી.

## અધ્યાય – ૨ પ્રભુનું જ્ઞાન

આભા : જે લોકોને એણે મારવાના હતા તેમના પ્રત્યે જો અર્જુનને દયાભાવ જાગ્યો હોય તો, દાદાજી, એ આગળ વધીને એમને મારી કેવી રીતે શક્યો ?

દાદાજી : બરાબર એ જ અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું :

એ બોલ્યો : હે મધુસુદન ! હું પૂજનીય ભીષ્મપિતા અને મારા ગુરૂ દ્રોણાચાર્યને રણભૂમીમાં બાણો વડે શી રીતે મારીશ ? તેઓ તો મારા આદરને પાત્ર છે.

(અધ્યાય ૨ શ્લોક - ૪)

અર્જુનની વાત સાવ સાચી હતી. વૈદિક પરંપરા મુજબ વડીલો અને ગુરૂ તો આદરને પાત્ર જ હોય. પરંતુ શાસ્ત્ર એવું પણ શીખવે છે કે જે કોઈપણ તમારી કે અન્ય કોઈ સમક્ષ ખોટો વ્યવહાર કરે નિયમોનું ઉલ્લંઘન કરે અને જે

કોઈપણ આવા કાર્યોનું અનુમોદન કરે, એવી વાતોને ટેકો આપે તે આદરને પાત્ર રહેતા નથી અને તેમને શિક્ષા થવી જ જોઈએ. અર્જુન અહીં પોતાની ફરજ અંગે ગુંચવાયો હતો અને તેથી જ એણે શ્રીકૃષ્ણને માર્ગદર્શન આપવા વિનંતી કરી, ત્યારે શ્રીકૃષ્ણએ તેને આત્મા અને શરીર અંગેનું સાચું જ્ઞાન આપ્યું.

આભા : દાદાજી, આ આત્મા એટલે શું?

દાદાજી : આત્મા, જુદા જુદા ઘણાં નામોથી ઓળખાય છે. જેમ કે શક્તિ, ઈશ્વર ભગવાન ઈત્યાદી - એજ આ સૃષ્ટિનો આધાર અને એનું કારણ છે. આ આત્મા નથી તો કદી જન્મ લેતો કે નથી એ કદી મરતો અને એ હમેશાં - શાશ્વત જ છે. આપણું આ શરીર જન્મે છે અને મૃત્યુ પામે છે પરંતુ એની સાથેનો આત્મા નથી તો જન્મતો કે નથી એનું મૃત્યુ થતું, આ આત્મા જ શરીરનો આધાર છે. જો આત્મા ન હોય તો શરીર મરેલું જ ગણાય છે. એ આત્મા જ છે જે શરીરને, મનને

અને ઈન્દ્રિયોને શક્તિ પુરી પાડે છે, જે રીતે હવામાંનો પ્રાણ વાયુ અગ્નિને બળવામાં મદદ કરતો હોય છે.

આ આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, એને અગ્નિ બાળી શકતો નથી, એને પાણી પલાળી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.

આ આત્મા છેદી શકાય, બાળી શકાય, ભીંજવી શકાય કે સુકવી શકાય તેવો નથી કારણ કે આ આત્મા નિત્ય, સર્વવ્યાપક, અચળ, સ્થિર રહેનાર અને સનાતન છે. (૨-૨૪)

આભા : પણ દાદાજી, આપણાં આ શરીર અને આત્મા વચ્ચે ફરક શો છે?

દાદાજી : આ સંસારમાં જેટલા પણ શરીરો છે તે બધામાં જ આત્મા રહેલો છે. સમય જતાં આપણું આ શરીર બદલાય છે. બાળપણનું શરીર અને ઘડપણનું શરીર જુદા જ હોય છે. પરંતુ આત્મા એનો એજ રહે છે એ કદી બદલાતો નથી.

એક જીવન દરમ્યાન આત્મા બાળપણનું, યુવાનીનું અને ઘડપણનું એમ જુદા જુદા શરીરો ધારણ કરે છે અને મૃત્યુ બાદ એ એક નવું જ શરીર ધારણ કરે છે. (૨-૧૩)

આત્મા સર્વત્ર વિદ્યમાન છે પરંતુ એને વ્યક્તિગત રીતે કોઈ એક શરીર સાથે જોડાયેલો ગણીએ ત્યારે એ જીવાત્મા તરીકે ઓળખાય છે અને એના સર્વત્ર પ્રસરેલા રૂપને પરમાત્મા તરીકે ઓળખવામાં આવે છે. આ પરમાત્માને એક વિશાળ જંગલ માની લઈએ તો એમાનું દરેક વૃક્ષ એ એક જીવાત્મા ગણી શકાય.

આપણું આ શરીર એ આત્માનું વસ્ત્ર ગણી શકાય. જે રીતે માનવી જૂનાં વસ્ત્રો છોડીને નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમ જીવાત્મા જૂનાં શરીરને છોડીને અન્ય નવાં શરીર ધારણ કરે છે. (૨-૨૨)

સર્વ પ્રાણીઓ (જીવો) જન્મ અને મૃત્યુની વચ્ચે જ નજરે પડે છે, જન્મ પહેલાં અને મૃત્યુ બાદ તેઓ દેખાતા નથી - અદૃશ્ય જ રહે છે. (૨-૨૮)

માટે આપણે કદી આ શરીરનો નાશ થાય તો તે અંગે શોક કરવાની આવશ્યકતા નથી. આપણે આ શરીર છીએ જ નહીં. આપણે તો આત્મા જ છીએ. મૃત્યુનો કેવળ એટલો જ અર્થ છે કે આપણો આત્મા એક શરીર છોડીને બીજામાં પ્રવેશી રહ્યો છે.

આભા : જો એવું જ હોય તો અર્જુનને પોતાના યુદ્ધમાંના પોતાના પ્રિયજનોના મૃત્યુ માટે શોક શા માટે થયો ? એ લડવા કેમ નો'તો માંગતો ?

દાદાજી : અર્જુન એક શૂરવીર યોદ્ધા હતો, આભા, પરંતુ એને યુદ્ધની ભયાનકતાથી દૂર ભાગીને એક સન્યાસીનું સરળ જીવન જીવવું હતું. શ્રીકૃષ્ણએ અર્જુનને કર્મયોગનો સિદ્ધાંત સમજાવી - આડકતરી રીતે આપણ સૌને પણ, આ

સંસાર યુદ્ધનો સામનો કરવાની પ્રેરણા આપી છે. કર્મયોગનો આ સિદ્ધાંત એક શાંતીપૂર્ણ અને અર્થસભર સાદું જીવન કેવી રીતેજીવવું તેનું જ માર્ગદર્શન છે. ગીતાના ત્રીજા અધ્યાયમાં એ અંગે વિસ્તારથી જણાવવામાં આવ્યું છે.

અર્જુનને યુદ્ધના પરિણામની વિશેષ ચિંતા હતી. પરંતુ શ્રીકૃષ્ણ આપણને જણાવે છે કે પરિણામ કે ફળની ચિંતા કર્યા વિના આપણે આપણી ફરજ બજાવવી જોઈએ - તે માટે જે કાંઈ કરવું પડે તે (કાર્ય) કરતા રહેવું જોઈએ, નફો-નુકસાન, હાર-જીત ઈત્યાદીના વિચારોમાં સમય વ્યર્થ ન કરવો જોઈએ. તમે જો તમારા અભ્યાસના પરિણામોની ચિંતા કરતા રહેશો. તો કદીએ તમારા અભ્યાસ પર પૂરેપુરું ધ્યાન આપી નહીં શકો.

આભા : પરંતુ દાદાજી, અર્જુન જો જીતવા માટે અને કાંઈક મેળવવા માટે ન લડે તો એ સૌથી ઉત્તમ રીતે કેવી રેતી લડી શકે?

દાદાજી : અર્જુને લડવાનું તો જીતવા માટે જ છે, પરંતુ લડતી વખતે પરિણામની ચિંતા કરીને પોતાની શક્તિઓને નબળી નથી પાડવાની. એણે પોતાનું બધું જ ધ્યાન અને શક્તિ લડાઈની ક્ષણે ક્ષણ માટે જ વાપરવા છે. એની શક્તિ જ સારામાં સારા પરિણામો લાવી શકશે.

શ્રીકૃષ્ણ આપણને જણાવે છે કે :

આપણું નિયંત્રણ કેવળ આપણાં કર્મો પર જ છે, પરિણામો પર આપણું નિયંત્રણ કદી હોતું નથી. (૨-૪૭)

તેથી જ કોઈએ કદી ફળની અપેક્ષા સાથે કર્મ કરવું ન જોઈએ.

કરસન પટેલનું કહેવું છે કે, એકખેડૂતે પોતાના ખેતરો અને પાક માટે પુરી મહેનત કરવાની હોય છે પરંતુ લણણી કેવી થશે તે એ કદી જાણતો હોતો

નથી. જો એ એના ખેતર માટે મહેનત જ ન કરે, એની તૈયારી જ પુરેપુરી ન કરે તો એને માટે લણણીની સફળતા માટેની કોઈ અપેક્ષા રહેતી જ નથી.

આ ક્ષણે તો આપણે આપણાં ઉત્તમ પ્રયત્નો જ કરવા રહ્યાં, ભવિષ્ય પોતાની કાળજી પોતે જ કરી લેશે.

આભા : શ્રીકૃષ્ણએ અર્જુનને જણાવેલા સફળતાના રહસ્ય વિશે મને વધુ જણાવી શકશો ? દાદાજી.

દાદાજી : આપણે જે કાંઈપણ કામ કરીએ કે જેનો પણ અભ્યાસ કરીએ, તે કાર્યમાં એવા તો ડૂબી જઈએ કે આસપાસ શું થઈ રહ્યું છે તેનું આપણને જરાએ ધ્યાન ન રહે એટલું જ નહીં પણ જે કાંઈ કરી રહ્યા છીએ તેના પરિણામની પણ ચિંતા ન રહે. આપણે જે કાંઈ પણ કરીએ તેના સારામાં સારા પરિણામ મેળવવા

આપણે આપણું પુરેપુરૂં ધ્યાન કોઈપણ વિક્ષેપ વિના આપણાં કાર્ય પર જ રાખવું જોઈએ.

જે કાંઈ પણ કાર્ય હોય તેને પુરેપુરી નિષ્ઠાપૂર્વક અને પરિણામની ચિંતા વિના કરવું જોઈએ. પરિણામ એની મેળે જ સારૂં આવશે. આપણે આપણું પુરેપુરૂં ધ્યાન અને શક્તિ, પરિણામની ચિંતામાં વેડફ્યાં સીવાય, આપણાં કાર્ય પાછળ જ મુકીએ અને સમજીએ કે પરિણામનો આધાર આપણે કાર્ય પાછળ કેટલી શક્તિ વાપરી છે તેના પર જ રહેલ છે. આપણને કાર્ય કરતી વખતે પરિણામની ચિંતા ન કરવાનું કહેવામાં આવ્યું છે. તેનો અર્થ એવો હરગીઝ નથી કે આપણે પરિણામ અંગે વિચારવાનું જ નથી. પરંતુ આપણે દરેક વખતે સારા જ પરિણામો આવશે એવી અપેક્ષાઓ રાખવી નહીં.

અર્થ સભર જીવન જીવવાનું રહસ્ય - હમેશાં ખૂબ જ કાર્યરત રહીં-આપણાં ઉત્તમ પ્રયત્નો કરવામાં અને પરિણામ કે સ્વાર્થ સભર હેતુઓ વિશે ન વિચારવામાં રહેલો છે. એક આત્મ સાક્ષાત્કાર પામેલ વ્યક્તિ હમેશાં અન્યોના ભલા માટે જ કર્મ કરતી હોય છે.

આભા : દાદાજી આ આત્મ સાક્ષાત્કાર મેળવનાર વ્યક્તિ કેવાં હોય ?

દાદાજી : એક આત્મ સાક્ષાત્કાર પામેલ વ્યક્તિ એક સંપૂણ વ્યક્તિ હોય છે, આભા. શ્રીકૃષ્ણ આપણને જણાવે છે કે : સંપૂર્ણ વ્યક્તિ એ છે જે દુઃખોથી ગભરાતો નથી - અને સુખોની પાછળ ભાગતો નથી, એ ડર, ઈચ્છાઓ, લોભ કે રાગ-દ્વેષથી મુક્ત છે અને એના પોતાના મન અને ઈન્દ્રિયો પર પુરે પુરું નિયંત્રણ છે.

એક આત્મ-સાક્ષત્કારી કે સ્થિતપ્રક્ષ વ્યક્તિ ગુસ્સે નથી થતો અને હમેશાં શાંત હોય છે અને આનંદમાં રહે છે. (૨-૫૬)

આભા : આપણે ગુસ્સાથી કેવી રીતે બચી શકીએ?

દાદાજી : આપણે ગુસ્સે ત્યારે જ થઈએ છીએ જ્યારે આપણી ઈચ્છાઓ સંતોષાથી નથી.(૨-૬૨)

માટે ગુસ્સાને નિયંત્રીત કરવા આપણે આપણી ઈચ્છાઓ પર જ નિયંત્રણ મુકવું આવશ્યક છે. ઈચ્છાઓ વધારે વસ્તુઓ મેળવવા માટે જ હોય છે. ઈચ્છાઓ મનમાં જ ઉગે છે, માટે આપણે આપણાં મનને જ મારવું રહ્યું. જો આપણાં મનને કાબુમાં ન રાખી શકીએ તો સુકાન વિનાની નાવની જેમ આપણે આમથી તેમ ફંગોળાતા જ રહીએ છીએ.

એક વિદ્યાર્થી તરીકે તારે પોતાને માટે આનંદ અને સુખ કરતાં પણ ઉંચા એવા ધ્યેયો નક્કી કરવા જોઈએ. તુ તારા ઉત્તમ પ્રયત્નો કર અને તારા અભ્યાસ પર જ મનને એકાગ્ર કર. આ એકાગ્રતા કેળવનારા તરીકેનું એક સરસ ઉદાહરણ તને અર્જુનમાં જોવા મળશે. આ રહી તેની કથા :

## ૨ : લક્ષ્ય - ધ્યેય

કૌરવો અને પાંડવો બન્નેના શસ્ત્રવિદ્યા માટેના ગુરૂ - દ્રોણાચાર્ય હતા. શસ્ત્રવિદ્યાનું સત્ર પુરૂં થતાં અંતિમ પરિક્ષાનો સમય આવ્યો. દ્રોણે એક યાંત્રિક પક્ષીને નજીકના એક વૃક્ષની સૌથી ઉપરની ડાળ પર ગોઠવ્યું હતું. એ સાચું પક્ષી નથી એવી જાણ કોઈને પણ ન હતી. એ કોઈ સાચા પક્ષી જેવું જ જણાતું હતું, પરિક્ષામાં ઉત્તિર્ણ થવા માટે દરેકે પેલા પક્ષીની આંખ વિંધવાની હતી.

ગુરૂ દ્રોણે સૌ પ્રથમ પાંડવોમાં સૌથી મોટા એવા યુધિષ્ઠિરને બોલાવ્યો : “ચાલ, તૈયાર થા, સામે વૃક્ષ પર જો જ્યાં પેલું પક્ષી બેઠું છે, અને મને જણાવ તને ત્યાં શું શું દેખાય છે."

યુધિષ્ઠીરે ઉત્તર આપ્યો : મને આકાશ, વાદળો, ઝાડ, એની ડાળીઓ, એના પાંદડાં અને ત્યાં બેઠેલું પક્ષી બધું જ દેખાય છે.

ગુરૂ દ્રોણને આ ઉત્તરથી સંતોષ ન થયો. એમણે એ જ સવાલ વારાફરતી બધા જ વિદ્યાર્થીઓને પુછ્યો. દરેકે લગભગ એવા જ ઉત્તરો આપ્યા. અંતે અર્જુનનો વારો આવ્યો.

દ્રોણે અર્જુનને પુછ્યું : તૈયાર થા, પેલા પક્ષીને જો અને મને જણાવ કે તને શું શું દેખાય છે.

અર્જુને જવાબ આપ્યો : “હું કેવળ એ પક્ષીની આંખ જ જોઈ રહ્યો છે. બીજું કશુંજ મને દેખાતું નથી."

ગુરૂ દ્રોણ એ ઉત્તરથી પ્રસન્ન થયા અને એમણે અર્જુનને બાણ છોડવા કહ્યું. અત્યંત સહેલાઈથી એક જ બાણ વડે અર્જુને પક્ષીની આંખ વિંધિ નાખી, કારણ કે એક ધ્યાન થઈ પોતાના નિશાનને તાકી રહ્યો હતો. એ પરિક્ષામાં ઉત્તમ રીતે સફળ થયો.

અર્જુન એના સમય નો કેવળ મહાન યોદ્ધા જ ન હતો પરંતુ સાથે જ એ એક કરૂણા સભર કર્મયોગી પણ હતો. ભગવાન શ્રીકૃષ્ણએ પવિત્ર ગીતાનું જ્ઞાન સૌને આપવા માટે અર્જુનને જ એક માધ્યમ તરીકે પસંદ કર્યો.

આપણે સૌએ અર્જુનના દાખલાનું અનુસરણ કરવું જોઈએ. ગીતાનો અભ્યાસ કરો અને અર્જુન જેવા થાવ. મારી દીકરી આભા ! અર્જુન બન અર્જુન,

તું જે કાંઈપણ કામ કરે તેને પુરેપુરી એકાગ્રતા સાથે કર અને તારી બધીજ શક્તિઓને પુરેપુરા મન અને હ્રદયથી કામમાં રેડી દે. કર્મ યોગનો મુખ્ય અર્થ જ એ છે, અને ગીતામાં દર્શાવ્યા મુજબ કોઈ પણ કાર્યમાં સફળતા મેળવવાનું એ જ રહસ્ય છે.

સ્વામી વિવેકાનંદે પણ યુવાનોને સલાહ આપી છે : “તમે જે કાંઈપણ કરો, તમારું સંપુર્ણ મન એમા પરોવી દો. તમે જો લક્ષ્ય વેધ કરી રહ્યા છો, તો તમારી સંપૂર્ણ એકાગ્રત એ લક્ષ્ય પર જ હોવી જોઈએ, અને તો જ તમે એને કદી ચૂકશો નહીં. તમે જો અભ્યાસ કરી રહ્યા છો તો હમેશાં એ અભ્યાસ અંગે જ વિચારો, ભારતમાં દરેક વિદ્યાર્થીને આ જ શીખવવામાં આવે છે."

અધ્યાય - ૨ નો સાર :

અર્જુનના માધ્યમથી શ્રીકૃષ્ણ આપણને શરીર અને આત્માનો ફરક સમજાવે છે. આત્મા અજન્મા અને અમર છે. દરેક જીવમાં, માનવ હોય કે અમાનવ હોય, એક જ આત્મા વસે છે, એ રીતે આપણે સૌ એકબીજા સાથે જોડાએલા જ છીએ. આપણે આપણી ફરજ આપણી ઉત્તમ શક્તિઓ ખર્ચીને બજાવવી જોઈએ અને સફળતા કે નિષ્ફળતાની ચિંતાને ત્યાગવી જોઈએ. આપણે આપણી દરેક ભૂલોમાંથી કાંઈને કાંઈ શીખીને, એનાથી નિરાશ થયા વિના આગળ વધતા રહેવું જોઈએ. એક સંપૂર્ણ વ્યક્તિ બનવા માટે આપણે આપણી ઈચ્છાઓને મર્યાદામાં અને નિયંત્રણમાં રાખવીજોઈએ.

# અધ્યાય – ૩ કર્મ યોગ

આભા : આપણે આપણી ઈચ્છાઓ પર નિયંત્રણ શા માટે મુકવું જોઈએ?

દાદાજી : તમે જ્યારે ઈન્દ્રિય સુખો માટેના તમારા વર્તનને સ્વીકારી લો છો ત્યારે તેની સાથે જ તેના પરિણામો પણ તમારા પર લદાઈ જાય છે. એ જ કારણ છે કે જે કાંઈપણ કરો તે બધાના હિતમાં હોય અને નહીં કે માત્ર પોતાની સ્વાર્થી ઈચ્છાઓને સંતોષવા માત્ર કે પોતાના ફાયદા માટે હોય. જે કર્મયોગનું આચરણ કરે છે તે કર્મયોગી છે. એક કર્મયોગી સેવાની સાચી પદ્ધતિ શોધી કાઢે છે અને પોતાના કાર્યને જ પુજામાં ફેરવી નાખે છે. કર્મ યોગમાં કોઈપણ કામ અન્ય કોઈ કામથી વધુ કે ઓછા મહત્ત્વનું નથી હોતું.

આભા : ગયે વર્ષે મગનકાકા પોતાના ઘર અને કુટુંબને છોડી ઈશ્વરની શોધમાં ચાલ્યા ગયા. શું આપણે ઈશ્વરને શોધવા હોય તો બધું છોડીને જવું પડે?

દાદાજી : ના, એવું કરવાની જરૂર જ નથી. શ્રીકૃષ્ણએ ગીતામાં આપણને ઈશ્વર પ્રાપ્તિ માટેના ત્રણ જુદા જુદા માર્ગો સુચવ્યા છે. તમે કયો માર્ગ અપનાવો એ તમારી વ્યક્તિગત પ્રકૃતિ પર આધાર રાખે છે. સામાન્ય રીતે આ સંસારમાં બે પ્રકારના લોકો છે : અન્તરમુખ - જે પોતાનામાં જ વ્યસ્ત અને મસ્ત હોય અને બહિરમુખ - જે ખુબ ઉત્સાહી હોય એવા. જેઓ મગનકાકા જેવા અન્તરમુખ હોય તેમને માટે ઈશ્વરપ્રાપ્તિ અર્થે આધ્યાત્મિક જ્ઞાન મેળવવાનો માર્ગ ઉત્તમ છે. આ માર્ગે જનારા કોઈ એક ગુરૂને શોધી કાઢી તેમના યોગ્ય માર્ગદર્શન હેઠળ વેદો અને શાસ્ત્રોનું જ્ઞાન મેળવે છે. એ રીતે વ્યક્તિ પોતે કોણ છે તે અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરીને સુખી અને શાંતીપૂર્ણ જીવન જીવવાનું શીખે છે.

આભા : શું ઈશ્વરને સમજવા માટે અને મેળવવા માટે આપણે બધાજ શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે ?

દાદાજી : આપણાં સનાતન ધર્મ હેઠળ ઘણાં શાસ્ત્રો આવરી લેવાયા છે, જેમકે ૪ વેદો, ૧૦૮ ઉપનિષદો, ૧૮ પુરાણો, રામાયણ, મહાભારત વિવિધ પ્રકારના સુત્રો સંહિતાઓ અને એવું તો ઘણું બધું સાહિત્ય છે. એ બધાનું અધ્યયન કરવું તો ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ શ્રીકૃષ્ણ ઈશ્વરને જાણવા અને પ્રાપ્ત કરવા માટે આવશ્યક એવું બધું જ ગીતામાં આપ્યું છે. આ ગીતામાં વેદો અને ઉપનિષદોનો બધો જ નિચોડ આપવામાં આવ્યો છે અને તે આજના યુગમાં પણ ઉપયોગી થાય તેવો છે.

આભા : રણછોડકાકા પોતે એક ખેડુત છે, એને એમને ગીતાનો અભ્યાસ કરવામાં કોઈ રસ નથી. એમનું કહેવું છે કે ગીતાતો ખુબજ અઘરી છે અને એમના જેવા સામાન્ય માનવીને એ સમજાય તેવી નથી. તો પછી રણછોડકાકા જેવાને ઈશ્વરની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

દાદાજી : રણછોડકાકાએ ગીતામાં સુચવેલ બીજો માર્ગઅપનાવવો જોઈએ - એ માર્ગ છે કર્મ યોગનો માર્ગ, જે આ ત્રીજા અધ્યાયમાં સમજાવવામાં આવ્યો છે. આ માર્ગ તમારી ફરજો સમજવાનો અને નિસ્વાર્થ સેવા કરવાનો માર્ગ છે. જે લોકો પોતાના કુટુંબના ભરણપોષણમાં વ્યસ્ત છે - ખૂબ મહેનત કરે છે - જેમની પાસે અન્ય જ્ઞાન મેળવવાનો સમય નથી અને રસ પણ નથી, તેમને માટે આ સૌથી ઉત્તમ માર્ગ છે. આ માર્ગને અનુસરનારા માટે પોતાનું ઘર કે કુટુંબ છોડીને અન્યત્ર ક્યાંએ જવાની જરૂર નથી. જરૂર છે તો કેવળ નિઃસ્વાર્થ ભાવે, સમાજના ઉત્થાન માટે શક્ય હોય તેવું દરેક કામ કરી છુટવાની. (એણે સ્વાર્થી વલણ જરૂર છોડવું પડે.)

આભા : પરંતુ લોકો તો પોતાને ફાયદા થતો હોય તો જ મહેનત કરવાના, ખરૂંને દાદાજી?

દાદાજી : એ વાત સાચી છે કે, સ્વાર્થ હોય ત્યારે લોકો વધારે મહેનત કરે અને મેળવે પણ, પરંતુ એવું કરનારને કદી કાયમી સુખ કે શાંતી મળતાં નથી. માત્ર એવા લોકો જ જે પોતાની ફરજ નિઃસ્વાર્થભાવે અને સમાજના હિતમાં, બજાવે છે કેવળ તેમને જ સાચાં શાંતી અને સંતોષ મળતા હોય છે.

આભા : લોકોએ જો પોતાના નીજી ફાયદા માટે કામ ન કરવાનું હોય તો શું તેઓ ઉત્તમ રીતે કાર્ય કરશે ખરા? શું તેઓ આળસુ તો નહીં થઈ જાય?

દાદાજી : એક સાચો કર્મયોગી હશે તે પોતાના વ્યક્તિગત ફાયદાને અવગણીને પણ સખત મહેનત કરશે જ. આ સંસાર આજે સરળતાથી ચાલી જ રહ્યો છે કારણ એવા લોકો છે જે પોતાની ફરજ નિઃસ્વાર્થભાવે બજાવી રહ્યા છે. મા-બાપ પોતાના કુટુંબને આધાર આપવા સખત મહેનત કરે જ છે, બાળકો પણ તેમને ભાગે પડતું બધું જ કામ કરે છે. કોઈપણ હમેશ માટે કામ વિના - આળસુ બનીને

બેસી ન શકે મોટાભાગના લોકો પોતાને પોતાની આવડત મુજબ કોઈને કોઈ ઉદ્યમમાં રોકી રાખે છે.

સર્જક બ્રહ્માએ માનવીને સૌથી પ્રથમ શિક્ષણ એવું કહીને આપ્યું કે : “તમે સૌ એકબીજાને મદદ કરો, તમારી ફરજ યોગ્ય રીતે બજાવો અને એ રીતે સમૃદ્ધ થઈ પ્રગતિ સાધો." (૩-૧૦/૧૧)

આભા : લોકો જો પોતાના ફાયદા માટે જ કામ કરે તો શું થાય?

દાદાજી : તો એ લોકો પાપ કરી રહ્યા છે, આભા. કોઈપણ કાર્યને, એની અસર અન્યો પર શુ થશે તે જાણ્યા વિના માત્ર પોતાના સ્વાર્થ માટે જ કરવું એ ખોટું છે. શ્રીકૃષ્ણ આવી વ્યક્તિને ‘ચોર' કહે છે, એ આ સંસાર માટે નકામો છે એટલું જ નહીં પરંતુ પાપી પણ છે.

આ સંસારમાં સારી રીતે જીવવું હોય તો કદી કેવળ સ્વાર્થ ભાવે એટલે કે માત્ર પોતાને માટે જ કાર્ય ન કરવું જોઈએ. આપણે એકબીજાને મદદ કરી એકબીજાની સેવા જ કરવી જોઈએ.

આભા : માનવી જો બ્રહ્માની સલાહ પ્રમાણે સમાજના ભલા માટે જ કાર્ય કરે તો એને શું મળે?

દાદાજી : આવી વ્યક્તિને જીવનમાં શાંતી અને સફળતા મળે છે, એ ઈશ્વરને પ્રાપ્ત કરી લે છે અને એને આ સંસારમાં વારંવાર જન્મ લેવો પડતો નથી.

અધ્યાય - 3 માં વર્ણવેલ - નીઃસ્વાર્થભાવની સેવાનું જે પરિણામ મળે છે તે આ એક આધુનિક યુગની સાચી કથાથી પણ સમજાશે.

## ૩. સર એલેક્ઝાંડર ફ્લેમીંગ.

સ્કોટલેન્ડ નો એક ગરીબ ખેડૂત, એના કુટુંબની ભરણ પોષણની પેરવીમાં એક દિવસ એના ખેતરમાં સખત મહેનત કરી રહ્યો હતો, ત્યારે અચાનક એણે નજીકના તળાવ પાસેથી મદદ માટેની બૂમ સાંભળી. એ એના હથિયાર ફેંકીને તળાવ તરફ દોડયો ત્યાં એણે જોયું કે એક ગભરાઈ ગયેલો છોકરો તળાવના કાદવમાં કમર સુધી ઉતરી ગયો હતો અને જેમ જેમ નીકળવાના પ્રયત્ન કરતો તેમ તેમ વધુને વધુ અંદર ગરકી રહ્યો હતો. ફ્લેમીંગ નામના એ ખેડૂતે જાનના જોખમે પેલા છોકરાને બચાવી લીધો, નહીં તો એ જરૂર એક ધીમા પરંતુ ભયાનક મોતને ભેટત.

બીજે દિવસ એ ખેડૂતના સાદા સીધા ઘરને આંગણે એક કિંમતી, શણગારેલ ચાર ઘોડાની બગી આવીને ઉભી રહી. તેમાંથી એક સુઘડ કપડાં

પહેરેલો ઉમરાવ ઉતરીને આગળ આવ્યો અને પોતાની ઓળખ ફલેમીંગે બચાવી લીધેલા છોકરાના બાપ તરીકે આપી.

“હું તારો આભાર માનું છું અને કાંઈ વળતર આપવા માંગું છું." પેલો ઉમરાવ બોલ્યો, “તેં મારા પુત્રને જીવનદાન આપ્યું છે."

“મેં જે કાંઈપણ કર્યું તે બદલ હું કોઈપણ વળતર સ્વીકારી ન જ શકું" સ્કોટીશ ખેડૂત કોઈપણ જાતના વળતરને નકારતા જણાવ્યું.

એ સમયે ઘરના બારણાંમાંથી એ ખેડૂતનો પુત્ર બહાર આવ્યો.

“શું આ તારો પુત્ર છે?" પેલા ઉમરાવે પૂછ્યું.

“હા" ખેડૂતે ગર્વથી જવાબ આપ્યો.

“હું તારી જોડે એક સોદો કરૂં છું, મને તારા પુત્રને મારા પુત્ર જેટલી જ ભણવાની સગવડ આપવા દે. જો આ છોકરો એના બાપ જેવો જ પાકશે, તો એ એક એવો યુવાન બનશે જેને માટે આપણને બન્નેને ગર્વ થશે."

અને એણે એવું જ કર્યું. ખેડૂત ફલેમીંગના પુત્રએ સારામાસારી સંસ્થામાં શિક્ષણ મેળવી. એ સમય જતાં લંડનની સેંટ મેરી હોસ્પીટલ મેડીકલ સ્કુલનો સ્નાતક બન્યો અને ત્યારબાદ એ આખા જગતમાં જાણીતા એવા સર એલેક્ઝાન્ડર ફલેમીંગ તરીકે પ્રખ્યાત થયો કારણ એણે પેનેસિલિનની શોધ કરી હતી.

વર્ષો પછી એજ ઉમરાવનો પુત્ર જેને બચાવી લેવાયો હતો તે ન્યુમોનિયામાં પટકાયો એનો જીવ આ વખતે કોણે બચાવ્યો ખબર
છે ? પેનેસિલેને.

પેલા ઉમરાવનું નામ? લોર્ડ રન્ડોલ્ફ ચર્ચિલ. એના દીકરાનું નામ? પ્રખ્યાત એવા સર વિન્સ્ટન ચર્ચિલ.

કોઈકેએક વાર કહ્યું છે કે : જેવું વાવો તેવું લણો. આ એક કર્મનો શાશ્વત નિયમ છે. તમે કોઈના સ્વપ્ન સાકાર કરવામાં મદદ કરશો તો તમારા સ્વપ્ન ઈશ્વર સામે ચાલીને પાર પાડશે!

આભા : દાદાજી, મને આવા થોડા વધુ દાખલાઓ જણાવોને.

દાદાજી : આભા, તેં રામાયણની વાર્તા તો વાંચી જ છે ખરૂં ને? તેમા સીતાના પિતા જનક છે, જે જનકપુરીના રાજા હતા. એમને, એમની પ્રજાની પોતાના જ બાળક તરીકે, નિઃસ્વાર્થભાવે, સેવા કરવાની ધગશને કારણે, આત્મા સાક્ષાત્કાર થયો અર્થાત પ્રભુપદ પ્રાપ્ત થયું. એણે પોતાની ફરજને પ્રભુની પૂજા તરીકે જ બજાવી. સ્વાર્થ વિના, પોતાની ફરજ તરીકે કરેલાં કામો એ પ્રભુની પૂજા સમાન

જ છે. કારણ તે વળે તમે પ્રભુને આ સંસાર ચલાવવામાં મદદરૂપ જ થઈ રહ્યા છે.

મહાત્મા ગાંધી એક સાચા કર્મયોગી હતા, જેમણે પોતાનું સંપૂર્ણ જીવન કોઈપણ નીજી ઈચ્છાઓ વિના નિઃસ્વાર્થભાવે માનવતા અને દેશની સેવામાં પોતાની ફરજ તરીકે જ અર્પણ કરી દીધું. એવી નિઃસ્વાર્થ સેવા આપનાર ઘણી વ્યક્તિઓના દાખલા જોવા મળે છે.

આભા : શું આપણાં નેતાઓ એ પ્રમાણે જ પોતાનું કાર્ય ન કરવું જોઈએ?

દાદાજી : જરૂર એ પ્રમાણે જ કરવું જોઈએ. એક સાચો કર્મયોગી પોતે નિઃસ્વાર્થ સેવાં કરીને જ અન્યો માટે દાખલો બેસાડી શકે અને એ રીતે કર્મના માર્ગે પ્રભુપ્રાપ્તિ કરી શકે - (૩-૨૧)

આભા : જો કર્મયોગી બનવું હોય તો મારે શું કરવું જોઈએ?

દાદાજી : કર્મયોગ માટે માનવીએ જીવનમાં પોતાની ફરજને પોતાનાથી બનતા ઉત્તમ પ્રયત્નોથી, નિઃસ્વાર્થ પણે, પરિણામની કોઈ પણ ચિંતા કે અપેક્ષા વિના, પાર પાડવા જોઈએ. એક કર્મયોગી સફળતા અને નિષ્ફળતા બન્નેમાં સમાન રીતે જ શાંત રહે છે. અને એને કોઈપણ વ્યક્તિ, સ્થાન, વિષય કે કામ પ્રત્યે રાગ કે દ્વેષ હોતો નથી. માનવતાના કલ્યાણ માટે, નિઃસ્વાર્થભાવે કરેલું કોઈપણ કાર્ય, સારાં કે ખરાબ એવા કોઈપણ પ્રકારના કર્મના બંધનો ભગાં કરતું નથી અને વ્યક્તિને ઈશ્વર તરફ દોરી જાય છે.

આભા : વ્યક્તિગત રીતે કાંઈક ફાયદો થાઈ એવી અપેક્ષા વિના કામ કરવું એ આપણે માટે ખુબજ અઘરું હોય એવું લાગે છે. દાદાજી, આવું આપણે કઈ રીતે કરી શકીએ ?

દાદાજી : જે વ્યક્તિ આધ્યાત્મિક રીતે અજ્ઞાન છે અભણ છે તે જ કેવળ પોતાને માટે એટલેકે સ્વાર્થથી કામ કરે છે. જે શાણો છે જેને કાંઈક અંશે આત્મજ્ઞાન થયેલું છે તે બધાના કલ્યાણ માટે હોય તેવું જ કાર્ય કરતો હોય છે. અજ્ઞાની પોતાની મહેનતના પરિણામોને ભોગવવાના આશયથી જ કામ કરે છે એને એવું કરવામાં એ કર્મોથી બંધાય છે કારણ એ એવું માનતો હોય છે કે એ સ્વયં જ એ કામનો કરનાર છે. એને એવું જ્ઞાન નથી કે બધું જ કામ ઈશ્વરે એને સોંપેલી શક્તિને કારણે જ થતું હોય છે. આપણને આપણી ફરજ બજાવવા ઈશ્વરે આપેલ સાચું કે ખોટું સમજવાની બુદ્ધિ અને શક્તિને કારણે આપણે આપણાં દરેક કાર્ય માટે જવાબદાર બનીએ છીએ. લોકો ખોટાં કાર્યો એટલા માટે કરે છે કે તેઓ પોતાની બુદ્ધિનો ઉપયોગ યોગ્ય રીતે કરતા નથી અને તેમણે કરેલા કાર્યોની અન્ય લોકો પર શું અસર થશે તે વિશે વિચારતા જ નથી.

જે શાણો છે જ્ઞાની છે તે પોતાનું બધું જ કાર્ય ઈશ્વરને સમર્પિત કરે છે અને તેમાં તેમની પોતાની કોઈ સ્વાર્થવૃત્તિ હોતી નથી. જ્યારે જે અજ્ઞાની છે તે કેવળ પોતાની વ્યક્તિગત ઈચ્છાઓ સંતોષવા જ કાર્ય કરે છે. (૩-૨૫)

આભા : શું મારા જેવી સામાન્ય વ્યક્તિ પણ રાજા જનક અને મહાત્મા ગાંધી જેવા મહાન લોકો કરી ગયા તેવું કાર્ય કરી શકે?

દાદાજી : થોડા અમસ્તા જ પ્રયત્નોથી કોઈપણ વ્યક્તિ કર્મયોગનો માર્ગ અપનાવી શકે છે. તમે જે કાંઈ પણ કાર્ય કરો તેને માનવજાતને સમર્પિત કરી દો. જો તમે વિદ્યાર્થી છો, તો તમારી એજ ફરજ છે કે તમે શાળાએ નિયમિત જાઓ, તમને આપેલું કાર્ય દિલથી કરો, તમારા શિક્ષક અને વડીલોનો આદર કરો અને તમારા વર્ગના મિત્રો તેમજ ભાઈ બહેનોને શક્ય એટલી મદદ કરતા

રહો. તમારા વિદ્યાર્થી જીવન દરમ્યાન એક સારૂં શિક્ષણ મેળવી પોતાને ભવિષ્યના એક સારા અને ઉપયોગી નાગરિક બનાવો.

આભા : હું ભણી રહું ત્યારબાદ મારે કયા પ્રકારનું કામ કરવું જોઈએ, દાદાજી.

દાદાજી : એવું કાર્ય પસંદ કરવું જે તને ગમતું હોય અને જે તુ સારી રીતે કરી શકે. જે પણ કામ કરે તેનો તારી પ્રકૃતિ સાથે મેળ ખાવો જોઈએ (૩-૩૪, ૧૮-૪૭) તું જો એવું કાર્ય પસંદ કરે જે માટે તારામાં કુદરતી કુશળતા નથી કે જેનું તને કોઈ આકર્ષણ નથી, તો તેમાં તારે માટે સફળ થવાની શક્યતાઓ ખૂબજ મર્યાદિત હોવાની. તુ સૌથી ઉત્તમ રીતે શું કરી શકે તેની તને જાણ છે જ. આ જે દુઃખો અને નિષ્ફળતાઓનું જો કોઈ સૌથી મોટું કારણ હોય તો એ છે કે તમે જે નથી તે જ થવાના પ્રયત્નો કરતા રહો છો.

આભા : પણ શું મારે, એન્જીનીયર, ડોક્ટર, સરકારી નોકર, શિક્ષક ઈત્યાદિ જેવા કાર્યો શોધી કાઢવા માટે પ્રયત્નો ન કરવા જોઈએ?

દાદાજી : સારું કે ખરાબ કાર્ય જેવું કાંઈ હોતું જ નથી. આ સંસારને ચલાવવા માટે દરેક પ્રકારના કાર્યની જરૂર છે. કેટલાક કાર્યોમાં વધુ વળતર જરૂર મળે છે, પરંતુ એવા કાર્યો માટે જો તમે પુરી રીતે સજ્જ ન હો તો તે તમારે માટે વધુ મુશ્કેલ અને તાણભર્યા બની જાય છે. તમે જો ઓછી કમાણી થાય તેવા કાર્યો માટે જ કેળવાયા હો તો દેખાદેખી કર્યા વિના સાદું જીવન જ જીવો અને નિરર્થક વસ્તુઓથી દૂર રહો. એક સાદું જીવન એટલે વધારે પડતી ભૌતિક વસ્તુઓની ઈચ્છા ન રાખવી. જીવનની પાયાની જરૂરિયાતો સુધી જ પોતાની મર્યાદા બાંધી લો. તમારી ઈચ્છાઓને નિયંત્રણમાં રાખો. ભગવાન બુદ્ધે જણાવ્યું હતું કે, “બધા જ દુઃખો અને દારિદ્રયનું કારણ સ્વાર્થી ઈચ્છાઓ જ હોય છે."

આભા : શું લોકો ખરાબ કામ, સ્વાર્થી ઈચ્છાઓને કારણે જ કરે છે?

દાદાજી : સાવ સાચું! આભા, આપણી સુખ ભોગવવા માટેની સ્વાર્થી ઈચ્છાઓ જ બધા દુષણોનું કારણ છે. આપણે જો આપણી ઈચ્છાઓ પર નિયંત્રણ નહીં રાખીએ તો આપણી ઈચ્છાઓ જ આપણાં પર શાસન કરવા માંડે છે, અને આપણે આપણી ઈચ્છાઓના જ ગુલામ થઈને રહી જઈએ છીએ, કારણ તમે જેની ઈચ્છા રાખશો તે જ તમને ભરખી જશે!

આભા : તો શું બધી જ ઈચ્છાઓ ખરાબ હોય છે?

દાદાજી : ના, એવું નથી, બધી ઈચ્છાઓ ખરાબ નથી હોતી. અન્યોની સેવા કરવાની ઈચ્છા એ એક ઉમદા ઈચ્છા છે. કેવળ આનંદ જ માણવાની ઈચ્છા ખરાબ કહેવાય, કારણ એ તમને ગુનાહિત અને પાપ કર્મો કરવા માટે પ્રેરે છે.

એટલું હમેશાં યાદ રાખ જે કે ઈચ્છાઓ, તમને જે તે મળી જાય પછી પણ કદી સંતોષાતી નથી. એકમાંથી બીજી ઈચ્છા જન્મતી જ રહે છે અને તમારો લોભ વધતો જ જાય છે. અને જો તમને જે જોઈતું હોય તે ન મળે તો તમે ગુસ્સે થાવ છો અને માણસ જ્યારે ગુસ્સે થાય ત્યારે હંમેશાં ખરાબ અને ખોટા કામો જ કરે છે.

આભા : આપણી સુખ અને આનંદ માટેની ઈચ્છાઓને આપણે કેવી રીતે નિયંત્રણમાં રાખી શકીએ?

દાદાજી : એનો એક રસ્તો છે ગીતામાં આપેલાં જ્ઞાનને પચાવીને અને તે અંગે તમારી વિચાર શક્તિનો ઉપયોગ કરીને તમે કોઈપણ ઈચ્છા માટે કાંઈક કરો તે પહેલાં હમેશાં એને વિશે અને એના પરિણામ વિશા શાંત ચિત્તે વિચારો. ઈચ્છા

મનમાં જ જન્મે છે અને ત્યાં જ રહે છે. તમે તમારા મનને બુદ્ધિ અને તર્કથી નિયંત્રણમાં રાખી શકો.

વરસાદની ઋતુમાં જે રીતે એક તળાવનું પાણી ડહોળું થાય છે તે રીતે જ જ્યારે તમે યુવાન હો છો ત્યારે મન અસ્પષ્ટ અને ડહોળું હોય છે. જો તમારી બુદ્ધિ તમારા મન પર નિયંત્રણ નહીં લાદે તો તમારૂં મન તમને ઈન્દ્રિય સુખો તરફ જ ખેંચી જશે. એ કારણે જ તમે જીવનના ઉચ્ચ ધ્યેયોને હાંસલ કરવાથી વંચિત રહી જશો, માટે જીવવાનો કોઈ ઉંચો આદર્શ નક્કી કરો અને ધૂમ્રપાન, મદિરા, ડ્રગ્સ અને ઈન્દ્રિય સુખોથી તેમ જ એવી અન્ય ખરાબ આદતોથી તમારા મનને ડહોળાઈ જતું બચાવો. ખરાબ આદતો પડયા પછી એનાથી છૂટકારો મેળવવો ખુબજ કઠીન છે. માટે તેને શરૂઆતથી જ જાકારો આપો. હમેશાં સારો સાથ કેળવો, સત્સંગમાં જ રહો, સારાં પુસ્તકો વાંચો અને ખરાબ લોકોની

સંગતથી દૂર રહો. તમે જે કાંઈ કરો તેના લાંબેગાળે કેવા પરિણામ આવશે તેનો હમેશાં શાંત અને સ્વસ્થ મને વિચાર કરો.

આભા : જ્યારે આપણને સારા અને ખરાબની સમજ છે, દાદાજી, તો પછી આપણે ખરાબ કરવાનું કેમ ટાળી શકતા નથી?

દાદાજી : જો આપણે આપણાં મનને નિયંત્રણમાં ન રાખીએ તો એ આપણી વિવેક બુદ્ધિને ભ્રષ્ટ કરીને ઈન્દ્રિય સુખો આપણને અધોગતિના માર્ગે જ ખેંચી જાય. આપણે હમેશાં આપણાં મનને સતર્કતાથી તપાસતા રહેવું જોઈએ અને એને હંમેશાં સાચા માર્ગે દોરવું જોઈએ.

અધ્યાય ૩ નો સાર :

શ્રીકૃષ્ણએ જીવનને સુખ અને શાંતી તરફ દોરી જવાના બે મુખ્ય માર્ગો સુચવ્યા. દરેકે પોતાની વ્યક્તિગત રીતે આ બેમાંથી યોગ્ય એવા માર્ગનું ચયન

કરવાનું છે. મોટા ભાગના લોકો માટે કર્મયોગનો માર્ગ, નિઃસ્વાર્થ સેવાનો માર્ગ. સરળ રહે છે. બ્રહ્માની સૌ પ્રથમ શિખ હતી એક બીજાને મદદ કરવી. એને કારણે જ આ સંસારની પ્રગતિ થતી રહે છે: આપણે સૌએ આપણાં સઘળાં પ્રયત્નો સાથે આપણી ફરજ બજાવતા રહેવું જોઈએ. તમારી પ્રકૃતિને ઉત્તમ રીતે બંધ બેસે, તેવી જ કારકિર્દીનું ચયન કરો. કોઈપણ કામ નાનું કે મોટું નથી હોતું, કામ એકામ જ હોય છે. તમે શું કરો છો તે મહત્ત્વનું નથી પરંતુ તે તમે કેવી રીતે કરો છો એ જ અગત્યનું છે. અંતે શ્રીકૃષ્ણ આપણને કહે છે કે, આપણે આપણી ઈન્દ્રિય સુખો માટેની ઈચ્છાઓને સંપૂર્ણ નિયંત્રણમાં રાખવી જ જોઈએ. આ ઈન્દ્રિય સુખો માટેની બેફામ ઈચ્છાઓ જ આપણાં જીવનનો દુઃખો અને નિષ્ફળતાની ખાઈમાં ઢકેલે છે. આપણે જે કોઈ પણ કાર્ય હાથ પર લઈએ ત્યારે એને કરતાં પહેલાં એના લાંબા ગાળાના પરિણામો અંગે સ્પષ્ટતાથી વિચારી લેવું જોઈએ. કોઈપણ સંજોગોમાં, અને કોઈપણ કિંમતે દુર્જનોથી હમેશાં દૂર રહો.

## અધ્યાય – ૪ જ્ઞાન કર્મ સન્યાસ યોગ

આભા : ગીતામાં જે કાંઈ કહેવાયું તે યુદ્ધભુમી પર જણાવાયું હતું. પરંતુ એ લખ્યું કોણે, દાદાજી?

દાદાજી : ગીતાનું જ્ઞાન તો ખૂબ ખૂબ પુરાતન છે, સૃષ્ટિના પ્રારંભકાળે આ જ્ઞાન શ્રીકૃષ્ણ દ્વારા સૂર્યદેવને અપાયું હતું. સમય જતાં એ જ્ઞાન વિસરાઈ ગયું. ગીતા એના અત્યારના સ્વરૂપે પરમપ્રભુ શ્રીકૃષ્ણ દ્વારા આશરે ૫૧૦૦ વર્ષ પહેલાં અર્જુનને અપાયું.

આભા : એટલે કે શ્રીકૃષ્ણ જ ગીતાના રચનાકાર થયા, ખરૂંને?

દાદાજી : ખરૂં સમજી તું, શ્રીકૃષ્ણ જ ગીતાના રચનાર છે, એને ઋષિ વ્યાસે આપણી સમક્ષ રજુ કરી, જેમણે ચાર વેદોનું પણ સંપાદન કર્યું હતું. વ્યાસ ઋષિ પાસે ભૂત અને ભવિષ્યના પ્રસંગો જોવાની અને યાદ રાખવાની અદ્‌ભૂત કળા હતી, પરંતુ તેઓ આ પ્રસંગો યાદ કરવાનું અને તેમને લખવાનું એ બન્ને કાર્યો એક સાથે નો'તા કરી શકતા. એમને મદદની જરૂર હતી. ભગવાન શ્રી ગણેશ જે જ્ઞાનના દેવતા હતા તેમણે લખવાની મદદ આપવાનું સ્વીકાર્યું?

સન ૮૦૦ માં જગદ્‌ગુરૂ આદી શંકરાચાર્ય દ્વારા સૌ પ્રથમ ગીતાના સંસ્કૃત પદ્ય સ્વરૂપને સંસ્કૃત ગદ્ય સ્વરૂપમાં સંપૂર્ણ સમજ સાથે અનુવાદીત કરાયું.

આભા : શ્રી કૃષ્ણ કેમ આટલા બધા મહત્વના છે?

દાદાજી : શ્રીકૃષ્ણ એ પરમાત્મા શ્રી વિષ્ણુના આઠમાં અવતાર છે. પરમાત્મા પ્રભુ - આ પૃથ્વી પર જ્યારે જ્યારે પાપીઓનો અત્યાચાર વધી જાય અને આ

સંસારની શાંતી જોખમાય, ત્યારે ફરી એકવાર બધું વ્યવસ્થિત કરવા માટે અવતાર લે છે. એ માનવજાતના કલ્યાણ માટે પયંગબરો અને ગુરૂઓને પણ પૃથ્વી પર મોકલતા રહે છે. એમનો જન્મ અને કાર્યો દિવ્ય હોય છે અને એમના દરેક અવતારનો એક ચોક્કસ આશય હોય છે. પરમાત્મા પ્રભુના દશે દશ અવતારનું વિવરણ ભાગવત પુરાણમાં આપવામાં આવ્યું છે. ભગવાન બુદ્ધ, મોઝેસ, જીસસ, મહમદ અને એવા અન્ય ધર્મના સંતો પણ ભગવાનના જ અવતારો ગણાય છે. આ યુગ, જે કળીયુગ તરીકે ઓળખાય છે, તેના અંતે, એટલે કે નજીકના ભવિષ્યમાં જ ભગવનના કલ્કીનો અવતાર ધારણ કરશે.

આભા: શું ભગવાન શ્રીકૃષ્ણ આપણને આપણે જે કાંઈપણ એમની પૂજા-પ્રાર્થનામાં માંગીએ તે આપે છે ખરા?

દાદાજી : હા, ભગવાન શ્રીકૃષ્ણ તમે જે માંગો તે તમને આપશે (ગીતા ૪-૧૧), જેમકે તમારી અભ્યાસમાં સફળતા, પરંતુ તે માટે તમારે સંપૂર્ણ શ્રદ્ધા સાથે એમની પૂજા કરવી રહી. માનવી પ્રભુના કોઈપણ નામ અને સ્વરૂપની પૂજા, તેની પ્રાર્થના કરી શકે. આવા સ્વરૂપને કે નામને આપણે મૂર્તિરૂપે સ્થાપીએ છીએ. માનવી પ્રભુની પુજા મૂર્તિની મદદ વિના, અમૂર્ત સ્વરૂપે પણ કરી શકે છે.

આભા : જો પરિક્ષામાં સારી રીતે સફળ થવું હોય તો, આવી પૂજા-પ્રાર્થના ઉપરાંત પણ આપણે અભ્યાસ કરવો પડે ખરો?

દાદાજી : જરૂર, તમારે અભ્યાસ તો કરવો જ પડે. તમારાથી બનતી બધીજ મહેનત કરો અને ત્યાર બાદ જ પ્રાર્થના કરો. ભગવાન કાંઈ તમારે બદલે અભ્યાસ નથી કરવાનો, તમારૂં કામ તો તમારે જાતે જ કરવું પડે, ખરૂંને? વળી

તમારૂ આ કામ કોઈપણ પ્રકારની સ્વાર્થભરી ઈચ્છાઓ વિનાનું જ હોવું જોઈએ, અને તમારે કોઈનુ નુકસાન થાય, કોઈને દુઃખ પહોંચે એવું પણ કશું કરવું ન જોઈએ. તો જ તમે કર્મથી બંધાશો નહીં.

આભા : દાદાજી, આ કર્મ શું છે?

દાદાજી : આ સંસ્કૃત શબ્દ કર્મનો અર્થ છે કામ, કાર્ય કે ક્રિયા. એનો અર્થ ક્રિયાનું પરિણામ પણ થાય છે. તમારી દરેક ક્રિયા કે કાર્ય -કર્મમાં પરિણમે છે. જે સારૂં પણ હોઈ શકે અને ખરાબ પણ. જો આપણે આપણું કામ કેવળ એના પરિણામોને પોતાના નીજી સુખ કે આનંદ માટે જ કરીશું તો એ પરિણામની સંપૂર્ણ જવાબદારી આપણે માથે જ આવશે. જો આપણાં કરેલા કામથી કોઈનું નુકશાન થાય તો આપણુ કર્મ ખરાબ ગણાય અને એને જ પાપ કહેવામાં આવે છે, અને તેને માટે આપણે નરક ભોગવવું પડે. આપણેં જો અન્યનું ભલું કરીએ તો આપણે

સારા કર્મના ભાગીદાર થઈએ, આપણને પૂણ્ય મળે અને ફળ સ્વરૂપે આપણને સ્વર્ગ ભોગવવું પળે.

આવા સુખ કે દુઃખને ભોગવવા જ આપણાં કર્મને અનુરૂપ આપણોં પુનર્જન્મ થાય છે. આ કોઈ બેન્કમાં સારા અને ખરાબ કર્મોનું ખાતું ખોલવા બરાબર છે. જ્યારે આ બન્ને સરખાં થાય તો ત્યાર બાદ આપણે ફરી જન્મ લેવો પડતો નથી. આવા જન્મ મૃત્યુના ફેરામાંથી મુક્તિને આપણે મોક્ષ કે નિર્વાણ કહીએ છીએ. આ મુક્તિ થાય ત્યારે આત્મા પરમાત્મા સાથે એક થઈ જાય છે.

આભા : આપણે જ્યારે આ સંસારમાં રહીને કામ કરતા રહીએ ત્યારે આ કર્મથી કેવી રીતે છૂટકારો મેળવી શકીએ?

દાદાજી : કર્મને એકત્રીત ન કરવાનો સારામાં સારો માર્ગ એ જ છે કે કેવળ સ્વાર્થ માટે કદી કોઈ કામ કરવું નહીં, અને જે કાંઈ કરો તે બધું જ માનવ કલ્યાણ માટે જહોય તેનું ધ્યાન રાખવું.

હમેશાં એ રીતે જુઓ કે જાણો આ પ્રકૃતિ જ બધું કરી રહી છે; આપણે કોઈપણ કાર્યના વાસ્તવિક કર્તા છે જ નહીં. આપણે જો આ દૃઢતા પૂર્વક માની શકીએ અને પ્રભુના સેવક તરીકે જ કામ કરીએ તો આપણને કોઈ પણ કર્મનું બંધન થતું નથી, એટલું જ નહીં પરંતુ આપણાં બધાજ પાછલાં કર્મો પણ, આત્મજ્ઞાનને કારણે બળી જાય છે. જ્યારે બધાજ કર્મો નાશ પામે ત્યારે આપણે મુક્ત થઈ જઈએ છીએ. આ રીતે પ્રભુ સાથે જોડાઈ જવાના માર્ગને જ નિઃસ્વાર્થ કર્મ કે કર્મયોગ કહેવાય છે.

આભા : આપણે આપણાં ભૂતકાળનો કર્મો (સંચિત) થી કેવી રીતે છૂટકારો મેળવીએ, દાદાજી?

દાદાજી : ખૂબ જ સરસ સવાલ! આત્મા કે ઈશ્વર વિશેનું સાચું જ્ઞાન અગ્નિનું કામ કરે છે અને તમારા પાછલા બધાજ કર્મોને બાળી નાખે છે (ગીતા ૪-૩) નિઃસ્વાર્થ સેવા (કર્મયોગ) તમને એવું આત્મજ્ઞાન મેળવવા માટે તૈયાર કરે છે. એક કર્મયોગી હોય તે એની મેળે જ સમય જતાં આત્મજ્ઞાન મેળવી લે છે. (ગીતા ૪-૩૮) જેની પાસે ઈશ્વર કે આત્માનું સાચું જ્ઞાન છે એ આત્મજ્ઞાની કે પ્રભુનો સાક્ષાત્કાર પામેલ વ્યક્તિ ગણાય છે.

આભા : મુક્તિ મેળવવાના અન્ય કોઈ માર્ગ પણ છે ખરા, દાદાજી?

દાદાજી : છે ને! આભા, ઈશ્વર પ્રાપ્તિની અન્ય રીતો અને માર્ગો પણ છે. આ રીતો આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કે સાધના તરીકે ઓળખાય છે. માનવ કલ્યાણ માટે

થતું કોઈપણ કાર્ય 'યજ્ઞ', સેવા કે બલિદાન તરીકે પણ ઓળખાય છે. જુદા જુદા પ્રકારના યજ્ઞો નીચે મુજબના છેઃ

૧. સારા કાર્ય માટે પૈસાનું દાન કરવું.

૨. પૂજા, ધ્યાન અને યોગ ક્રિયાઓ કરવી.

૩. ઈશ્વર અંગેનું જ્ઞાન મેળવવા શાસ્ત્રોનું અધ્યયન કરવું.

૪. મન અને અન્ય પાંચ ઈન્દ્રિયો પર નિયંત્રણ કેળવવું - (ગીતા : ૪-૨૮)

આ ચાર માંનો કોઈપણ એક યજ્ઞ જે સાચા હૃદયથી કરે છે તેના પર પ્રભુ પ્રસન્ન થાય છે અને તેમને પોતાની પાસે લાવવા આત્મજ્ઞાનની ભેટ આપે છે. આવી વ્યક્તિ સુખી અને શાંત થઈ જાય છે. (ગીતા : ૪-૩૯)

આભા : જે લોકો નિત્ય પૂજાપાઠ કરે છે તેમનું શું? શું તેઓ પણ પ્રભુને પ્રાપ્ત કરી લે છે.

દાદાજી : હા, જેઓ સંપૂર્ણ શ્રદ્ધા સાથે નિત્ય પૂજા કરે છે તેમની પણ બધી ઈચ્છા પૂર્ણ થાય છે. (ગીતા ૪-૧૧,૧૨) મોટા ભાગના હિન્દુ પોતાની પસંદગીના કોઈ એક દેવની નિત્ય પૂજા પોતાની ઈચ્છાપૂર્તિ માટે કરતા હોય છે. આ માર્ગ પ્રાર્થના - પૂજાનો માર્ગ કહેવાય છે.

મહાભારતમાં એક સાચા કર્મયોગી અને આદર્શ વિદ્યાર્થીની વાર્તા છે જેણે પોતાના ગુરુની શ્રદ્ધાપૂર્વક પૂજા કરી પોતાને જે કાંઈ જોઈતું હતું તે મેળવ્યું.

## ૪ એકલવ્ય એક આદર્શ વિદ્યાર્થી.

ગુરુ દ્રોણાચાર્યને ભિષ્મપિતામઃ એ પાંડવો અને કૌરવ રાજકુમારો માટે શસ્ત્રવિદ્યાના શિક્ષણ માટેના ગુરુ તરીકે નિમ્યા હતા. બીજા ઘણાં રાજકુમારોને પણ તેઓ શસ્ત્રવિદ્યાની કેળવણી આપતા. દ્રોણ ખાસ કરીને અર્જુનની સેવાઓ

તેમજ ભક્તિથી ખૂબજ ખુશ હતા અને એમણે અર્જુનને વચન આપ્યું હતું કે, “હું તને આ સંસારનો સૌથી ઉત્તમ બાણાવળી બનાવીશ."

એક દિવસ એકલવ્ય નામનો એક અતિ વિનમ્ર બાળક નજીકના એક ગામડેથી દ્રોણને મળવા આવ્યો, એની ઈચ્છા ગુરુ દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યા શીખવાની હતી. એણે એની માતાને મુખે આ મહાન બાણાવળી દ્રોણાચાર્ય, જે ભારદ્વાજ ઋષિનો પુત્ર અને ઋષિ પરશુરામનો શિષ્ય હતા તેમને વિશે સાંભળ્યું હતું. એકલવ્ય જંગલમાં રહેતા શીકારી કબીલાનો બાળક હતો. ત્યારે અને આજે પણ આ આવા કબીલાઓ સામાજીક રીતે પછાત જ ગણાતા હતા. દ્રોણની ચિંતા એ હતી કે રાજકુમારો સાથે એ આ પછાત કબીલાના બાળકને કેવી રીતે શિક્ષણ આપી શકશે. તેથી એમણે એને નકારવાનું નક્કી કરી જણાવ્યું : “પુત્ર, મારે માટે તને શિક્ષણ આપવું મુશ્કેલ છે. પરંતુ તુ તારા જન્મથી જ

બાણાવળી છે. તુ જંગલમાં જઈ પુરી મહેનત સાથે આ વિદ્યાનો અભ્યાસ કર. તું પણ મારો શિષ્ય જ છે. તારી ઈચ્છા મુજબ ધનુર્વિદ્યામાં પારંગત થા!"

એકલવ્યમાટે તો દ્રોણના શબ્દો જ મહાન આશિર્વાદ સમાન હતા. એ ગુરૂ દ્રોણની મજબુરી સમજી ગયો. અને એને લાગ્યું કે ગુરુની શુભેચ્છા તો એને મળી જ છે. એણે કાદવમાંથી ગુરુની એક મૂર્તિ બનાવી, એની યોગ્ય રીતે સ્થાપના કરી, એની આદર અને શ્રદ્ધાપૂર્વક પૂજા અર્ચના કરીને પોતાનો અભ્યાસ શરૂ કર્યો. એ રોજ એ રીતે ગુરૂમૂર્તિની પૂજા અર્ચના કરી - પોતાનો અભ્યાસ ખૂબ જ મહેનતથી કરતો. અને જોત જોતામાં એણે ધનુર્વિદ્યામાં મહારત હાંસલ કરી લીધી.

એક તરફ અર્જુને પ્રત્યક્ષ ગુરુ દ્રોણની હાજરીમાં ધનુર્વિદ્યામાં મહારત મેળવી, તો બીજી તરફ એકલવ્યએ એજ ગુરુનું શ્રદ્ધા અને ભક્તિથી સ્મરણ કરતાં

કરતાં એમની આદરપૂર્વક પૂજા કરીને દૂર થી એટલી જ મહારત હાંસલ કરી. જ્યારે એને કોઈપણ મુશ્કેલી પડતી તો એ દોડીને ગુરુમુર્તિ પાસે જતો, એને પોતાની મુશ્કેલી જણાવતો અને એનો ઉત્તર ન મળે ત્યાં સુધી ત્યાંજ ધ્યાન ધરીને બેસી રહેતો. અને ત્યારબાદ જ એ આગળ વધતો.

એકલવ્યની વાર્તા એવું દર્શાવે છે કે વ્યક્તિ જો શ્રદ્ધાપૂર્વક નિખાલસતાથી જીવનમાં મહેનત કરે તો કોઈપણ ધ્યેયને પ્રાપ્ત કરી શકે છે. વાર્તા આગળ ચાલે છે :

એકવાર કૌરવ અને પાંડવ રાજકુમારો શિકાર માટે જંગલમાં ગયા, એમનો પાળેલો એક શ્વાન આગળ આગળ દોડી રહ્યો હતો. એકલવ્ય જે હવે યુવાન થઈ ચૂક્યો હતો અને જેણે વ્યાઘ્રચર્મ અને શંખોની માળા પહેર્યા હતા તે ધનુર્વિદ્યાનો અભ્યાસ કરી રહ્યો હતો. પેલો શ્વાન એને જોઈને ભસવા લાગ્યો.

કદાચ પોતાની કુશળતાનું પ્રદર્શન કરવા એકલવ્યએ સાત બાણો એવી રીતે ચલાવ્યા કે શ્વાનનું
મોઢું કોઈપણ ઈજા વિના આ બાણો વડે ભરાઈ ગયું. શ્વાન ગભરાઈને આવી રહેલા રાજકુમારો તરફ પાછો ફર્યો. રાજકુમારોએ જ્યારે બાણોની આ કરામત જોઈ તો તેઓ વિચારવા લાગ્યો કે કોણ આવો બાણાવણી હશે.

આ જોઈ અર્જુનને કેવળ આશ્ચર્ય જ નહીંપણ સાથે ચિંતા પણ થઈ, એને તો આ સંસારના સૌથી કુશળ બાણાવળી થવું હતું.

રાજકુમારો પેલા બાણાવળીને શોધતા શોધતાં છેવટે એકલવ્ય પાસે પહોંચ્યા.

અર્જુને કહ્યું, “તુ એક કુશળ બાણાવળી છે, તારો ગુરુ કોણ છે?"

“મારા ગુરુ દ્રોણાચાર્ય છે" એકલવ્યએ નમ્રતાથી જવાબ આપ્યો. શું આ સાચું હશે? શું એના વ્હાલા ગુરુએ આ છોકરાને આટલું બધું શીખવ્યું હશે? અને જો એવું હોય તો એમણે મને આપેલા વચનનું શું? દ્રોણે આ છોકરાને આ બધું ક્યારે શીખવ્યું હશે? અર્જુને તો પહેલા કદી એકલવ્યને જોયો જ નો'તો.

જ્યારે દ્રોણે આ વાત સાંભળી ત્યારે એને એકલવ્ય યાદ આવ્યો, અને તેઓ એને મળવા ગયા.

દ્રોણે કહ્યું, “વત્સ, તેં ખૂબજ સરસ રીતે ધનુર્વિદ્યા શીખી છે, મને ખૂબ જ સંતોષ થયો. તે પૂર્ણ ભક્તિ અને અભ્યાસથી ખૂબજ ઉત્તમ વિદ્યા હસ્તગત કરી છે. તારી આ સફળતા સૌને માટે એક દાખલો બને."

એમને જોઈ એકલવ્ય ખૂબજ ખુશ થયો અને એણે કહ્યું, ‘‘હે ગુરૂદેવ ! તમારો ઘણો જ આભાર. હું પણ તમારો જ શિષ્ય છું. તે વિના હું આ કરી શકત જ નહીં."

દ્રોણે કહ્યું, ‘‘તુ જો મને ગુરૂ તરીકે સ્વિકારતો હોય તો તારે મને ગુરુદક્ષિણા આપવી પડશે. વિચારી લે."

એકલવ્યએ હસતા હસતા જવાબ આપ્યો, ‘‘એમાં વિચારવાનુ શું હોય, ગુરુવર? હું તમારો શિષ્ય છું અને તમે મારા ગુરુ. કૃપાકરી મને એ જણાવો કે ગુરુદક્ષિણામાં તમે શું ઈચ્છો છો. તે માટે મારે મારું જીવન બલિદાન કરવું પડે તો તમારી ઈચ્છા પુરી કરવા હું તે પણ કરીશ."

“એકલવ્ય, મારે તારી પાસેથી એક મહાન બલિદાનની જ માંગણી કરવાની છે, જેથી મેં ભીષ્મ અને અર્જુનને આપેલું મારૂં વચન પાળી શકુ મને માફ કરજે, બેટા, પણ શું તુ મને તારા જમણા હાથનો અંગુઠો, ગુરૃદક્ષિણામાં આપી શકીશ?"

એક ક્ષણ માટે તો એકલવ્ય દ્રોણાચાર્ય તરફ જોતો જ રહી ગયો. અને ગુરુની મુશ્કેલી ફરી એકવાર સમજાઈ ગઈ. એ ઉભો થઈ ચાલીને ગુરુની મુર્તિ પાસે આવ્યો અને આંખના પલકારામાંપોતાના જમણા હાથના અંગુઠાને કાપીને એમના ચરણમાં મૂકી દીધો.

દ્રોણ, એકલવ્યને પહોંચેલ ક્ષતિથી ખુબજ દુઃખી થયા, પરંતુ તે સાથે જ એની આ મહાન ભક્તિથી ગળગળા થઈ એકલવ્યને ભેટી પડયા અને કહ્યું,

“વત્સ, તારા ગુરુ પ્રત્યેનો પ્રેમ અનન્ય છે. મને તારા જેવા શિષ્ય મળવા બદ્દલ ખુબ જ સંતોષ છે, ભગવાન તારૂં ભલું કરે!"

એકલવ્યને એની હારમાં પણ એક જીત મળી! જમણા અંગુઠાની ગેરહાજરીમાં એ એનું ધનુષ બરાબર વાપરવાને અસમર્થ હતો, પણ એણે એનો અભ્યાસ એના ડાબા હાથથી નિરંતર ચાલુ જ રાખ્યો. એણે આપેલા બલિદાનના બળથી એના પર ઈશ્વરની કૃપા ઉતરી અને એ ડાબા હાથવાળા ધનુર્ધર તરીકે એવી જ મહારત મેળવી શક્યો. એણે એના પ્રયત્નો દ્વારા પુરવાર કર્યું કે તમે નિખાલસતાથી અભ્યાસ કરતા રહો તો તમને આગળ વધતા કોઈપણ રોકી નહીં શકે. એણે એના કાર્યોથી અને વર્તનથી, એવું પુરવાર કર્યું કે કોઈપણ મહારત હાંસલ કરવામાં તમે કઈ જાતીના છો તેની સાથે કોઈ સંબંધ હોતો નથી, પરંતુ

તેના આધાર તમારી દૃષ્ટિ કેવી છે અને તમારા મન તેમજ હૃદયની પ્રકૃતિ કેવી છે તે છે.

દ્રોણ એક મહાન ગુરુ હતા, આભા, પરંતુ આ જગતમાં એવા પણ કેટલાક ગુરૂઓ છે જે તમને અવળે માર્ગે પણ ચઢાવે.

આભા : શું ઈશ્વરને મેળવવા ગુરુ આવશ્યક છે ખરા?

દાદાજી: કોઈપણ વિષય શીખવો હોય તો શિક્ષક કે ગુરુની જરૂર પડવાની જ, પછી તે વિષય ભૌતિક હોય કે આધ્યાત્મિક, પરંતુ એક સાચા ગુરુને મેળવવા એ એટલું સરળ અને સહેલું નથી. ચાર પ્રકારના ગુરુ હોય છે.

(૧) વિષયનો જાણકાર, અથવા તો એક શિક્ષક

(૨) એક બનાવટી ગુરુ

(૩) સદ્‌ગુરૂ અને

(૪) પરમગુરુ.

એવા ઘણાં બનાવટી ગુરુ હોય છે જે ગુરુનો ઢોંગ માત્ર કરતા હોય છે. સદ્ગુરુ એ છે જેણે સ્વયં સાક્ષાત્કાર મેળવ્યો હોય, આવા ગુરૂ ભાગ્યે જ મળતા હોય છે. ભગવત શ્રીકૃષ્ણ એ જગદ્ગુરુ કે પરમ-ગુરુ તરીકે ઓળખાય છે જે કેવળ એક જ આખા જગત માત્રના ગુરુ છે.

જ્યારે તુ કોલેજમાંથી સ્નાતક થઈ જાયને ત્યારબાદ તારા કૌટુંબિક જીવનમાં પ્રવેશે ત્યારે તારે એક ગુરૂ અથવા આધ્યાત્મિક માર્ગદર્શક શોધવો પડશે. ત્યાં સુધી શાસ્ત્રોને અને સમાજના નિયમો ને અનુસરતા રહેવું તથા જીવનમાં કદી હારવું નહીં.

અધ્યાય ૪ નો સાર :

પ્રભુ આ પૃથ્વિ પર બધું સારી રીતે ચાલ્યા કરે તે જોવા વારંવાર અવતાર લઈ આવે છે. જે પ્રભુની ભક્તિ કરે છે, તેમની
ઈચ્છાઓની પ્રભુ પૂર્તિ કરતા હોય છે. આધ્યાત્મિક ક્રિયાઓ કે યજ્ઞ, ચાર પ્રકારના હોય છે. નિઃસ્વાર્થ સેવા અને આત્મજ્ઞાન એ બન્ને
આત્માના કર્મના બંધનમાંથી મુક્ત કરનારા છે. જેઓ નિઃસ્વાર્થ સેવા કરે છે, પ્રભુ તેમને જ આત્મજ્ઞાનઆપે છે. આત્મજ્ઞાન આપણાં
બધાજ પાછલાં (સંચિત) કર્મોને બાળી નાંખે છે અને આ સંસારચક્રના જન્મ તથા મૃત્યુના ફેરામાંથી આપણને મુક્ત કરે છે.

## અધ્યાય – ૫ કર્મ - સન્યાસ યોગ

આભા : અગાઉ તમે બે માર્ગોનો ઉલ્લેખ કર્યો, મોટા ભાગના લોકો માટે કયો માર્ગ વધારે સારો પડે, દાદાજી, આધ્યાત્મિક જ્ઞાનનો માર્ગ કે પછી નિઃસ્વાર્થ સેવાનો.

દાદાજી : એક વ્યક્તિ જેને ઈશ્વરનું સાચું જ્ઞાન થઈ જાય છે તે એવું જ માને છે કે આ સંસારમાં જે કાંઈ થઈ રહ્યું છે એ કુદરતની શક્તિ દ્વારા જ થાય છે અને એ પોતે કાર્યનો વાસ્તવમાં કર્તા છે જ નહીં. આવી વ્યક્તિને સન્યાસી તરીકે ઓળખવામાં આવે છે અને એ આત્મજ્ઞાન ધરાવે છે.

એક કર્મયોગી નિઃસ્વાર્થભાવે, ફળની અપેક્ષા વિના કાર્ય કરતો રહે છે. આવો કર્મયોગ વ્યક્તિને આત્મજ્ઞાન મેળવવાની પાત્રતા અપાવે છે. (ગીતા ૪-૩૮, ૫-૦૬) આવું આત્મજ્ઞાન વ્યક્તિને સન્યાસ તરફ દોરી જાય છે. આ રીતે

કર્મયોગ અર્થાત નિઃસ્વાર્થ સેવા જ સન્યાસ માટેનો આધાર બને છે. આ બન્ને માર્ગો અંતે તો પ્રભુ તરફ જ લઈ જાય છે. શ્રીકૃષ્ણએ કર્મયોગને બે માંથી ઉત્તમ ગણ્યો છે, કારણ એ મોટાભાગના લોકો માટે સહેલો અને ઝડપથી અનુસરી શકાય તેવો છે. (ગીતા ૫-૦૨)

આભા : સામાન્ય રીતે શું સન્યાસનો અર્થ તમારી ભૌતિક સંપત્તી અને સ્નેહીજનોનો ત્યાગ કરી કોઈ આશ્રમ કે એકાંત સ્થળે ચાલ્યા જવું

એવો નથી થતો?

દાદાજી : સન્યાસ, એના ચુસ્ત શાબ્દિક અર્થમાં, એવુ દર્શાવે છે કે, બધી જ વ્યક્તિગત ઈચ્છાઓ દુન્યવી સંપત્તિ, સગાં સ્નેહીઓ એ સઘળાનો ત્યાગ કરવો. પરંતુ એનો અર્થ એવો પણ છે જ કે આ સંસારમાંજ રહેવું અને પોતાની ફરજોને નિઃસ્વાર્થભાવે માનવ કલ્યાણ માટે અદા કરવી. આવી વ્યક્તિ કર્મ-સન્યાસી

તરીકે ઓળખાય છે. કેટલાક આધ્યાત્મિક સંતો, જેવા કે આદિ શંકરાચાર્ય, દુન્યવી સંપત્તિના ત્યાગને સૌથી ઉત્તમ માર્ગ તેમજ જીવનના સર્વોચ્ચ ધ્યેય ગણે છે. એ પોતે પણ બાળક હતા ત્યારે જ સન્યાસી બની ગયા હતા.

શ્રીકૃષ્ણ કહે છે કે : “એક સાક્ષાત્કારી વ્યક્તિ કે સન્યાસી, દરેકમાં જ ઈશ્વરના દર્શન કરે છે. આવી વ્યક્તિ વિદ્વાન, અજ્ઞાની, ધનવાન, ગરીબ, નીચવર્ણના કે પછી ગાય, હાથી કે શ્વાન એ બધાંને જ સમાન નજરે જુએ છે." (ગીતા ૫-૧૮).

હુ તને એક મહાન આધ્યાત્મિક સંત, નેતા, ગુરૂ અને વિચારકની વાર્તા કહેવાનો છું. એનું નામ છે આદિ શંકરાચાર્ય. ગીતાનો કોઈપણ વિદ્યાર્થી એને આદર અને સન્માનને પાત્ર ગણે છે.

## ૫. આદિ શંકરાચાર્ય (અથવા શંકર) :

આદિ શંકરાચાર્ય કે શંકર એ વેદાંતના અદ્વૈત દર્શનના સ્થાપક અને પ્રણેતા છે. એ દર્શાવે છે કે આ સમગ્ર બ્રહ્માંડ એ બીજું કશું જ નહીં પરંતુ માત્ર ઈશ્વર જ છે - બ્રહ્મ જ છે. એનો જન્મ સન ૭૮૮ માં કેરાલા રાજ્ય માં થયો હતો. આઠ વર્ષની ઉમર સુધીમાં એ ચારે વેદોમાં પારંગત થઈ ગયો હતો. અને ૧૨ વર્ષની ઉમરે એણે સમગ્ર સનાતન શસ્ત્રોનું જ્ઞાન મેળવી લીધું હતું. એવું મનાય છે કે એ ભગવાન શિવનો જ અવતાર હતા.

એમણે ઘણાં પુસ્તકો લખ્યા જેમાં ભાગવત, ગીતાનું ભાષ્ય, ઉપનિષદો, બ્રહ્મસુત્ર અને એવા અન્ય બીજા વિષયોને આવરી લેવાયા હતા. આ પવિત્ર ભગવદ્ ગીતા મહાભારતના પૃષ્ટોમાં સંતાએલી હતી ત્યાંથી શંકરે એને તારવીને એનું પ્રથમ ભાષ્ય સંસ્કૃતમાં લખ્યું.

શંકરે ભારતના ચાર જુદા જુદા સ્થળો, ચાર મઠ સ્થાપ્યા : શ્રીંગેરી, બદ્રિનાથ, દ્વારકા અને પુરી. એણે હિન્દુ આદર્શોને દબાવીને થતા બૌદ્ધ ધર્મના પ્રસારને રોક્યો અને હિંદુત્વની પૂર્વેની કિર્તિની ફરીથી સ્થાપના કરી. એના અદ્વૈત સિદ્ધાંત મુજબ દરેક વ્યક્તિગત આત્મા (જીવ) પણ બ્રહ્મ જ છે અને આ સંસાર એ કેવળ માયા નો જ ખેલ છે, જે બ્રહ્મની જ છલના ભરી શક્તિથી વિશેષ કાંઈ જ નથી.

એ બેશક એક સાક્ષાત્કરી જીવ હતો. પરંતુ શરૂઆતમાં એને ઉંચ-નીચનો દ્વૈતભાવ હતો અને પરમ બ્રહ્મનો વિચાર પણ એના હૃદયમાં સંપૂર્ણપણે સ્થિર ન હતો.

એક દિવસ બનારસમાં એ ગંગાસ્નાન કરી શીવનામંદીરે જઈ રહ્યો હતો, ત્યારે એણે એક અછૂત ખાટકીને માંસના લોચા લઈને જતો જોયો. એ ખાટકીએ

શંકરની સામે આવી આદરપૂર્વક શંકરના ચરણ સ્પર્શ કરવા પ્રયત્ન કર્યો. શંકર ગુસ્સે થઈને બરાડયા : આઘો ખસ ! તું મને અડવાની હિંમત જ કેમ કરી શકે છે? હવે મારે ફરીવાર સ્નાન કરવું પડશે. “ભગવન", ખાટકી બોલ્યો, “નથી તો હું તમને અડયો કે નથી તમે મને અડયા. શુદ્ધ આત્મા એ શરીર કે પંચમહાભૂતોનું બનેલું શરીર હોય જ ન શકે." (આ અંગેની વધુ વિગતો અધ્યાય ૧૩ માં) ત્યારે શંકરને પેલા ખાટકીમાં ભગવાન શિવના જ દર્શન થયા. ભગવાન શિવ સ્વયં જ શંકરના હૃદયમાં અદ્વૈતનું દર્શન દૃઢ કરવા માટે આવ્યા હતા. તે દિવસ પછી ભગવાન શિવના કૃપાથી શંકર એક વધુ સારા વ્યક્તિ બન્યા.

આ વાર્તા એવુ દર્શાવે છે કે સર્વ જીવોને હમેશાં સમાન ભાવે જોવા ખૂબ જ અઘરૂં છે. જ્યારે આવો ભાવ સહજ રીતે આવે તો જાણવું કે એ સાચે જ સાક્ષાત્કાર પામેલ સંપૂર્ણ સન્યાસી છે.

અધ્યાય - ૫નો સાર :

શ્રીકૃષ્ણ સામાન્ય માનવી માટે નિઃસ્વાર્થ ભાવે અને પરિણામની ચિંતા વિના થતી માનવતાની સેવાને જ સૌથી ઉત્તમ માર્ગ ગણે છે. આત્મજ્ઞાન અને નિઃસ્વાર્થ સેવા એ બન્ને માર્ગો આ સંસારમાં રહેતાં સુખી જીવને એના મૃત્યુ બાદ નિર્વાણ અપાવે છે. સન્યાસનો અર્થ દુન્યવી સંપત્તિનો ત્યાગ કરવો એવો નથી થતો, એનો અર્થ એ થાય છે કે કોઈ પણ વસ્તુનો રાગ કે દ્વેષ ન રાખવો. એક સાક્ષાત્કાર પામેલ જીવ અન્ય બધા જ જીવોમાં પ્રભુનાં જ દર્શન કરે છે અને બધા સાથે સમાન રીતે જ વર્તે છે.

# અધ્યાય – ૬ આત્મસંતોષ કે ધ્યાન યોગ

આભા : દાદાજી, તમે તો મને કહ્યું હતું કે ઈશ્વર તરફ લઈ જનારા ઘણાં માર્ગો છે. તમે કર્મ અને જ્ઞાનના માર્ગો અંગે જણાવ્યું, મને તે સીવાયના માર્ગો વિશે પણ જણાવોને.

દાદાજી : ત્રીજો માર્ગ છે ધ્યાનનો માર્ગ. એટલે કે ધ્યાનયોગ. જે ઈશ્વર સાથે એ રીતે જોડાઈ જાય છે તેને આપણે યોગી કહીએ છીએ. એવા યોગીનું મન શાંત અને સંપૂર્ણપણે ઈશ્વરમય થયેલું હોય છે. એ યોગીનું પોતાના મન, ઈન્દ્રિયો અને ઈચ્છાઓ પર સંપૂર્ણ નિયંત્રણ હોય છે. એ ક્રોધ અને લોભથી મુક્ત હોય છે, ધૂળ, પત્થર કે સોનું એ ત્રણે એને માટે સમાન જ છે, અને તે બધાંમાં જ ઈશ્વરને જુએ છે. (ગીતા ૬-૦૮, ૧૪-૨૪) એક યોગી દરેક વ્યક્તિને સમાન નજરે જ જુએ છે

પછી તે મિત્ર હોય, દુશ્મન હોય, એને ધૃણા કરનાર હોય, કોઈ સગો હોય, સંત હોય કે પછી પાપી હોય. (ગીતા ૬-૦૯) સમય ગમે તેટલો ખરાબ હોય તો પણ એક યોગીનું મન હમેશાં શાંત જ રહે છે. (ગીતા ૬-૧૯)

આભા : દાદાજી,ધ્યાનની એવી કોઈ પણ રીત છે જે બાળક માટે પણ સરળ હોય.

દાદાજી : જરૂર, આભા, એવી રીત પણ છે ને. આ મન તમારો સૌથી ઉત્તમ મિત્ર પણ છે એ સૌથી નીચ દુશ્મન પણ. જેનો પોતાના મન પર અંકુશ છે તેનો એ મિત્ર છે, અને જેઓ પોતાના મન પર કાબુ નથી રાખી શકતા તેનો એ દુશ્મન છે. (ગીતા ૬-૦૫, ૦૬) માટે તારે આ દુશ્મનને કાબુમાં રાખવાના જ પ્રયત્નો કરવા જોઈએ. આ મન પવન જેવું ચંચળ હોય છે, એ સાવ અસ્થિર હોય છે અને

એના પર કાબુ રાખવો મુશ્કેલ હોય છે, પરંતુ નિયમિત ધ્યાન ધરવાના અભ્યાસ વળે ધીરે ધીરે એના પર કાબુ મેળવી શકાય છે (ગીતા ૬-૩૪)

ગુરુ નાનકે કહ્યું છે કે : તમે જો મનને કાબુમાં કર્યું તો જગત આખું તમારા વશમાં છે.

ધ્યાન ધરવાની એક સરળ રીત :

ધ્યાન માટેનો સૌથી ઉત્તમ સમય છે વહેલી સવારનો. જેને બ્રાહ્મમૂર્હત પણ કહેવાય છે. નિયમિત કોઈ એક નક્કી કરેલા સુઘડ અને સ્વચ્છ સ્થાને આસન પર પલાઠી વાળીને નિરાંતે બેસવું. તમારી કેડ, કરોડરજ્જુ, છાતી, ગરદન અને માથું સીધ્ધા, ટટ્ટાર અને સ્થિર રાખવા. આંખો બંધ કરી થોડા ધીમા અને ઊંડા શ્વાસોશ્વાસ લેવા અને છોડવા. તમારા ઈષ્ટ દેવતાને યાદ કરી એના આશીર્વાદ માંગવા. પાંચ મીનીટ સુધી મનમાં ૐ નો ઉચ્ચાર કરતા રહેવું. તમારૂ

મન આમતેમ ભટકવાનો પ્રયત્નકરે તો જરાપણ બળજબરી વિના ખૂબ જ ધીરજથી પોતાના ધ્યાનને ઈષ્ટ દેવતા પર કેન્દ્રિત કરવું અને આવું કોઈપણ ક્ષતિ વિના રોજ રોજ કરતાં જવું - ધીમે ધીમે અભ્યાસથી તમે આ સહજ રીતે કરતા થઈ જશો.

આપણાં શાસ્ત્રમાં ધૃવ નામના બાળકની જ એક વાર્તા છે જેણે આ ધ્યાનનો માર્ગ અપનાવીને પોતાની ઈચ્છાઓ પૂર્ણ કરી હતી.

## ૬. ધૃવની કથા :

ધૃવ રાજા ઉત્તાનપાદ અને એની રાણી સુનિતીનો પુત્ર હતો. રાજા ઉત્તાનપાદને એની બીજી પત્ની સુરુચી પ્રત્યે વધારે પ્રેમ હતો,
અને ધૃવની માતા સુનિતીથી એ દૂર જ રહેતો. એક દિવસ જ્યારે ધૃવ પાંચ વર્ષનો હતો, ત્યારે એણે જોયું કે રાણી સુરુચીનો પુત્ર, એનો સાવકો ભાઈ રાજાના

ખોળામાં બેઠો હતો. ધૃવ ને પણ ઈચ્છા થઈ કે એ એના પિતાના ખોળામાં બેસે. પરંતુ એની સાવકીમાં એ એને આઘો ખસેડી મુક્યો, અને એને કહ્યું કે, “તારે જો તારા પિતાના ખોળામાં બેસવું હતું તો તારી માને કુખે જન્મવાને બદલે તારે મારી કુખે જન્મવું જોઈતું હતું. હવે તો તું ભગવાન વિષ્ણુને જ પ્રાર્થના કર કે એ એવું કાંઈક કરે."

ધૃવ ને તો એની સાવકી માના શબ્દોથી ઊંડો આઘાત લાગ્યો. એતો રડતો રડતો એની માં સુનિતી પાસે પહોંચ્યો એની માં એ એને સાંત્વના આપી અને કહ્યું કે એ એની સાવકીમાંના કથનને ગંભીરતાથી અનુસરે, અને ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરે, એ સર્વ જીવોને મદદ કરનારા છે.

ધૃવે મનમાં નિશ્ચય કર્યો કે એ ભગવાન વિષ્ણુને મળશે અને એમની પાસેથી ઉચ્ચ સ્થાન મેળવશે. આવો નિર્ણય કરી એ રાજ્ય છોડી જંગલ તરફ

ચાલી નીકળ્યો. રસ્તે એને નારદઋષી મળી ગયા. તેમણે એને ૧૨ - અક્ષરનો મંત્ર, “ૐ નમો ભગવતે વાસુદેવાય" વિષ્ણુને પ્રસન્ન કરવા માટે, આપ્યો. ૬ મહીના સુધી ધૃવે એક પગ પર ઉભા રહી આ મંત્રનો સતત જાપ કર્યો અને ભગવાન વિષ્ણુ એની સમક્ષ ઉપસ્થિત થયા. વિષ્ણુએ આશિર્વાદ આપ્યા અને એને જણાવ્યું કે એને સર્વોચ્ચ સ્થાન મળશે અને એ બ્રહ્માંડનું સૌથી સ્થિર સ્થાન મેળવશે - આજે આપણે અવિચળ એવા એ ધૃવના તારાને ઉત્તર દિશામાં જોઈ શકીએ છીએ.

ત્યારબાદ ધૃવ રાજ્યમાં પાછો ફર્યો. સમય જતા જ્યારે રાજા ઘરડો થયો ત્યારે એણે ધૃવને જ રાજા બનાવ્યો. ધૃવે ઘણાં વર્ષો રાજ્ય કર્યું અને અંતે વિષ્ણુએ સોંપેલા સ્થાને ધૃવ તારક બની સ્થિર થયો. આપણે જોઈએ છીએ કે આજે પણ બધાજ નક્ષત્રો ધૃવ તારાની ચારે તરફ ફરે છે. આજે આપણે ધૃવને

પરમ ભક્ત, મનની પરમ શુદ્ધતા વાળો અને દૃઢ નિર્ણય કરનાર તરીકે, યાદ કરીએ છીએ.

આભા : એવો યોગી જે જીવનમાં સફળ ન થઈ શકે તેનું શું થાય છે?

દાદાજી :એક યોગીએ કરેલી આધ્યાત્મિક સાધના કદી નકામી નથી જતી. એવો અસફળ યોગી આધ્યાત્મિક રીતે આગળ વધેલા કુટુંબમાં ફરીવાર જન્મ લે છે. એ પોતાનું અગાઉનું જ્ઞાન ફરીવાર ઝડપથી મેળવી લે છે અને જ્યાંથી અધુરૂં હતું ત્યાંથી આગળ સાધના ચાલુ રાખે છે. કોઈપણ આધ્યાત્મિક પ્રયત્નો કદી નિરર્થક જતાં નથી.

આભા : દાદાજી, હું એક ઉત્તમ યોગી કેવી રીતે બની શકું?

દાદાજી : એક સારા યોગી થવા માટે બધા જ જીવોમાં સ્વયં પોતાના જ દર્શન કરો અને એમના દુ:ખો અને સુખોને પોતાના જ માનો. પરમ શ્રદ્ધા સાથે અને

પ્રેમપૂર્વક ઈશ્વરને યાદ કરતા રહો. અને તમારા મનને નિરંતર એનામાં જ પરોવી રાખો. (ગીતા - ૬-૪૭)

અધ્યાય ૬ નો સાર :

ઈશ્વર પ્રાપ્તિનો ત્રીજો માર્ગ છે યોગ અથવા ધ્યાનયોગ. અને એક ઉત્તમ યોગી થવા માટે અન્ય જીવોને તમારા સમાન જ ગણો, એમના સુખ અને દુઃખ સ્વયં અપનાવી લો. ધ્યાન માટેની સૌથી સહજ અને સરળ રીત એ છે જેમા મંત્ર ૐ ના અવાજ અને કંપનની મદદ લેવાય છે. કોઈપણ આધ્યાત્મિક સાધના કદી નિરર્થક જતી નથી.

## અધ્યાય - ૭ જ્ઞાન - વિજ્ઞાન યોગ

(આત્મજ્ઞાન અને સાક્ષાત્કાર)

આભા : આ આપણું સંપૂર્ણ વિશ્વ કેવી રીતે બન્યું, દાદાજી, શું કોઈ એનો રચનાકાર પણ છે ખરો ?

દાદાજી : દરેક રચના પાછળ એનો રચનાકાર તો હોવાનો જ,આભા. જેની પાછળ કોઈ શક્તિ કે કોઈ કર્તા ન હોય તેવી કોઈ રચના કે સર્જન હોય ન શકે. માત્ર સર્જન માટે જ નહીં પરંતુ એના આધાર અને રખરખાવ માટે પણ કોઈ સત્તા તો હોવી જ જોઈએ. આવી શક્તિ કે સત્તાનો જે આપણે ઈશ્વર, પરમ, બ્રહ્મ ઈત્યાદી નામો આપ્યાં છે, શસ્ત્રોમાં એને કૃષ્ણ, ભગવાન, શિવ ઈ. નામો પણ આપવામાં આવ્યાં છે. અન્ય ધર્મો અને ભાષાઓમાં પણ આવાજ જુદા જુદા નામો

જોવા મળે છે. જેમ કે, અલ્લા, ફાધર, જીસસ, દેવી ઈ. વાસ્તવમાં ઈશ્વર એ આ વિશ્વનો કેવળ સર્જનહાર જ નથી પરંતુ આ વિશ્વ અને એમાનું બધું જ ઈશ્વર છે. એ સ્વયં જ બ્રહ્મા તરીકે પ્રગટ છે. અને એને જ આપણે સર્જક કે રચનાકાર કહીએ છીએ. વાસ્તવમાં બ્રહ્મા અને અન્ય દેવી દેવતાઓ તો એક જ બ્રહ્મની જુદી જુદી શક્તિઓના નામો માત્ર છે. લોકો એવું સમજે છે કે હિન્દુઓ અસંખ્ય દેવ દેવીઓને પૂજે છે, પરંતુ એ તો કેવળ એમનાં અજ્ઞાનને કારણે એઓ આવું વિચારે છે. આ આખું વિશ્વ જ એક માત્ર ઈશ્વરનું પ્રગટ સ્વરૂપ છે. આ સર્વોચ્ચ દર્શન છે જે કદાચ તુ અત્યારે પૂર્ણ રૂપ સમજી ન શકે.

આભા : એક જ ઈશ્વર આ વિશ્વની અસંખ્ય વસ્તુઓ કેવી રીતે બની શકે ?

દાદાજી : ઉત્પત્તિની સમજ સાંખ્યયોગ પ્રમાણે એવી છે કે ઈશ્વરની શક્તિ સ્વયં જ કોઈપણ પદાર્થની પ્રકૃતિ બને છે, એ પાંચ મૂળભૂત તત્ત્વો માંથી જ બનતી

હોય છે. આ સંપૂર્ણ સૃષ્ટિ આ જ પદાર્થ અને આત્માના વિવિધ સંયોગોમાંથી બને છે. (ગીતા - ૭-૦૬) એ જ સૂર્ય અને ચંદ્રના પ્રકાશ રૂપે છે; એ જ માનવીના મન અને શક્તિરૂપે છે. એજ આપણે લીધેલા ખોરાકનું પાચન કરી આપણાં જીવનનો આધાર બને છે. આપણાં સૌ એક જ આત્માથી જોડાયેલા છીએ જે રીતે એક માળાની દોરીમાં બધા જ મણકા પરોવાએલા હોય છે. (ગીતા - ૭-૦૭)

આભા : જો ઈશ્વર બધે જ હોય, બધામાં જ હોય તો બધા એને સમજતા કેમ નથી એને પ્રેમ કરી એની પૂજા કેમ કરતા નથી?

દાદાજી : આભા, તારો આ પ્રશ્ન ખૂબ જ સરસ અને વ્યાજબી છે. સામાન્ય રીતે લોકોની ઈશ્વર વિશેની માન્યતા સાચી નથી હોતી કારણ એને સમજવાની શક્તિ બધાને મળી નથી. જે રીતે કેટલાક લોકોને પાયાનું ગણિત કે અક્ષરજ્ઞાન પણ

આવડતું નથી તે રીતે જ જે લોકોના કર્મો સારા નથી તે ઈશ્વરને જાણી શકે, સમજી શકે, એને પ્રેમ કરી શકે કે એની પૂજા કરી શકે તેવું બનતું નથી.

આભા : તો પછી એવા કોણ છે જે ઈશ્વરને સમજી શકે?

દાદાજી : એવા ચાર પ્રકારના લોકો છે જે ઈશ્વરને સમજવાનો પ્રયત્ન કરી શકે, એની પૂજા કરી શકે :

(૧) જે લોકો માંદા છે. કોઈ પ્રકારની મુશ્કેલીમાં છે કે જે લોકો મદદની માંગણી કરનારા છે (જેમ કે અભ્યાસ કે નોકરી માટે)

(૨) જેઓ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે.

(૩) જેમને સમૃદ્ધિ (પૈસો ઈ.) જોઈએ છે.

(૪) જે શાણા-જ્ઞાનીઓ છે અને ઈશ્વરને જાણે છે. (ગીતા ૭-૧૬)

શ્રીકૃષ્ણ આ ચારે પ્રકારના લોકોને પોતાના ભક્ત ગણે છે. જ્ઞાનીઓ એમાં ઉત્તમ છે કારણ તેઓ કોઈપણ પ્રકારની અપેક્ષા વિના ઈશ્વરની પૂજા કરતા હોય છે : આવા જ્ઞાનીઓ પણ ઈશ્વરને સંપૂર્ણપણે અનેક જન્મો પછી જ સમજી શકે છે. (ગીતા ૭-૧૯)

આભા : જો હું શ્રીકૃષ્ણની પૂજા કરૂં તો શું પરિક્ષામાં મારા સારા ગુણ આવે કે મને મારી બીમારીથી છૂટકારો મળે ખરો?

દાદાજી : હા, જે એનામાં દૃઢ પણે વિશ્વાસ રાખતા હોય અને એની સંપૂર્ણ શ્રદ્ધા સાથે નિયમિત પૂજા-પ્રાર્થના કરતા હોય તેમની બધી જ ઈચ્છાઓએ પૂર્ણ કરે છે. ઈશ્વર આપણી માતા અને પિતા બન્ને છે. તારે પ્રાર્થનામાં ઈશ્વર પાસે તને જે કાંઈ જોઈતું હોય તે માંગવું જોઈએ. એના સાચા ભક્તોની બધી જ ઈચ્છાઓને એ સંતોષે છે. (ગીતા ૭-૨૧)

આભા : તો પછી બધા જ શ્રીકૃષ્ણની પૂજા કેમ નથી કરતા? આપણે ગણપતિ, હનુમાન, માં સરસ્વતી, વિગેરેની પુજા શા માટે કરીએ છીએ?

દાદાજી : પરમેશ્વરનું નામ શ્રીકૃષ્ણ છે. કેટલાક પરમેશ્વરને ભગવાન શિવ તરીકે પણ ઓળખે છે. અન્ય ધર્મના લોકો એને બુદ્ધ, જીસસ, અલ્લા, પિતા ઈત્યાદી તરીકે પણઓળખે છે. અન્ય દેવી-દેવતાઓ એમની શક્તિના જ સ્વરૂપો છે. જે રીતે વરસાદનું બધું જ પાણી અંતે તો સમુદ્રમાં જ જઈને મળે છે, તે રીતે કોઈપણ દેવી-દેવતાની પૂજા, પરમેશ્વર કે શ્રીકૃષ્ણને જ પહોંચે છે. પરંતુ શરૂઆત કરનારે કોઈપણ એક દેવી કે દેવતાની પૂજા કરવી જોઈએ અને એની નિયમિત પૂજા કરીને અને નમન કરીને એક વ્યક્તિગત સંપર્ક બનાવવો જોઈએ એ રીતે તમારો એ વ્યક્તિગત દેવ કે દેવતા તમારો માર્ગદર્શક અને રક્ષણહાર બને છે. આવા વ્યક્તિગત દેવ-દેવીને ઈષ્ટદેવ કે ઈષ્ટદેવી પણ કહેવાય છે.

આભા : તમે કહ્યું કે સંપૂર્ણ સૃષ્ટિ એ કેવળ ઈશ્વરનું અન્ય રૂપ જ છે. તો ઈશ્વર અમૂર્ત છે અને કોઈપણ રૂપ ધરી શકે છે?

દાદાજી : આ એક પ્રશ્ન એવો છે કે જે કેવળ બાળકોને જ નહીં પરંતુ મોટાઓને પણ કનડે છે. આના ઉત્તરોને કારણે જ હિન્દુ ધર્મમાં પણ અનેક વાડાઓ અને જુથો ઉભા થયા છે. એક જુથ જે આર્યસમાજ તરીકે ઓળખાય છે તેઓ ચુસ્તપણે માને છે કે ઈશ્વરને કોઈ સ્વરૂપો નથી હોતા અને એ અમૂર્ત જ છે. અન્‌ય જૂથ છે તે માને છે કે ઈશ્વર કોઈ પણ રૂપ ધારણ કરી શકે છે. ત્રીજું જુથ છે જે માને છે ઈશ્વર છે તો અમૂર્ત જ પરંતુ એ કોઈ પણ આકાર કે રૂપ ધારણ કરી શકે, બીજા કેટલાક છે જે માને છે કે ઈશ્વર બન્ને રીતે છે. સાકાર અને નિરાકાર.

હું એવું માનું છું કે દરેક વસ્તુને સ્‌વરૂપ તો હોય જ છે. આ વિશ્વમાં, આકાર વિનાનું કાંઈ છે જ નહીં. ઈશ્વરને સ્વરૂપ જરૂર છે પરંતુ આપણી આ

ભૌતિક આંખો એને જોઈ નથી શકતી, અને માનવ મન સમજી શકે તેમ જ નથી કે એને શબ્દોમાં વર્ણવી શકાય તેમ પણ નથી. આ પરમાત્માનો આકાર, વ્યક્તિગત અનુભવ થી પર છે - આ સૃષ્ટિ બહારનો છે. એનો કોઈ આદી નથી કે નથી કોઈ અંત પરંતુ આપણી જાણમાની બધી જ વસ્તુઓનું મૂળ અને આધાર એજ છે. આ અદૃશ્ય ઈશ્વર જ આ દૃશ્યમાન વિશ્વનું કારણ છે. અદૃશ્યનો અર્થ નિરાકાર નથી થતો. આપણે જે કાંઈપણ જોઈ શકીએ છીએ એ એક અન્ય પ્રકારનો ઈશ્વર જ છે. (ગીતા - ૭.૧૯) માં જણાવ્યા, મુજબ બધાજ જીવોમાં એ પરમનો જોવા - તે વર્ણવતી એક વાર્તા અહીં આપવામાં આવી છે.

## ૭. બધા જ જીવોમાં ઈશ્વરના દર્શન :

કોઈ એક જંગલમાં એક ગુરૂ તેના ઘણા બધા શિષ્યો સાથે આશ્રમ બનાવી રહેતા હતા. એ ગુરુએ એમના શિષ્યોને બધાજ જીવોમાં ઈશ્વરને જોવાનું

અને તેમને પ્રણામ કરવાનું શીખવ્યું હતું. એક દિવસ એક શિષ્ય જંગલમાં લાકડા વિણવા ગયો અને અચાનક એણે એક બુમ સાંભળી.

“રસ્તા વચ્ચેથી દૂર ખસી જા! એક ગાંડો હાથી આવે છે!"

પેલા ગુરુના શિષ્ય સીવાય અન્ય સૌ ત્યાંથી ભાગ્યા. ગુરુએ તો બધા જીવોમાં ઈશ્વરને જોવાનું શીખવ્યું હતું અને તેથી તેમની સામે નમવાનું જણાવ્યું હતું, તો એણે શા માટે નાસવું જોઈએ? એ સ્થિર ઉભો રહ્યો, અને હાથીને નમન કરવા લાગ્યો.

હાથીના મહાવતે બરાડો પાડયોઃ “ભાગ! અલ્યા ભાગ!"

પણ શિષ્ય તો ખસ્યો જ નહીં. હાથીએ તેને સૂંઢથી ઉપાડી, દૂર ફેંક્યો અને એ એને રસ્તે પડયા, શિષ્ય જમીન પર બેહોશ થઈને પડયો. આ વાત

જાણ્યા પછી એના ગુરુભાઈઓ એને આશ્રમ પર ઉંચકીને લઈ ગયા. કેટલીક જડીબુટ્ટીઓની મદદથી એ પાછો ભાનમાં આવ્યો.

ત્યારે કોઈએ એને પૂછ્યું : "જ્યારે તેં સાંભળ્યુ કે ગાંડો હાથી આવી રહ્યો છે તો પછી ત્યાંથી ભાગ્યો કેમ નહીં?"

એણે જવાબ આપ્યો, "આપણાં ગુરૂજીએ તો શીખવ્યું છે કે બધા જ જીવોમાં ઈશ્વર છે, મને લાગ્યું કેવળ ઈશ્વર જ આવી રહ્યા છે એટલે હું ન હટયો."

ત્યારે ગુરુએ કહ્યું "હા, વત્સ, એ ખરૂ કે હાથી-દેવતા આવી રહ્યા હતા; પરંતુ જ્યારે પેલા મહાવત - પ્રભુએ તને દૂર થવાનુ કહ્યું તો તે તેમનો વિશ્વાસ કેમ ન કર્યો ? અને બીજું હાથી-દેવતાને એવું આત્મજ્ઞાન ન હતું કે બધા જ ઈશ્વર હોય છે!"

ઈશ્વર બધા જ જીવોમાં છે. એ એક વાઘમાં પણ છે; પણ એનો અર્થ એવો નહીં કે તમે જઈને વાઘને ભેટો! સારા લોકો હોય માત્ર તેમનો જ સંગ કરો અને જે દૂષ્ટ હોય એમનાથી દૂર જ રહેવું. જે અપવિત્ર છે, પાપી છે, અશુદ્ધ છે તેનાંથી હંમેશાં દૂર રહો!

## ૮. અદૃશ્ય.

એક દિવસ એક વર્ગમાં ૬ વર્ષની એક બાળા બેઠી હતી. શિક્ષક બાળકોને વિકાસ અંગે સમજાવવાનાં હતા.

એક નાના બાળકને શિક્ષકે પૂછ્યું : માનવ, શું તને બહાર એક વૃક્ષ દેખાય છે?

માનવ : “હા",

શિક્ષક : “માનવ, શું તને બહાર ઘાસ દેખાય છે?"

માનવ : “હા".

શિક્ષક : “જરા બહાર જઈને જો અને તને આકાશ દેખાય છે કે કેમ તે મને જણાવ."

માનવ : “સારૂં. (થોડીવારમાં એ બહારથી પાછો ફરે છે) હા, મેં આકાશ જોયું."

શિક્ષક : “શું તેં ત્યાં એ ઈશ્વરને જોયા ખરા ?"

માનવ : “ના".

શિક્ષક : “મારે તમને એ જ કહેવું હતું, આપણે ઈશ્વરને જોઈ શકતા નથી, કારણ એ છે જ નહીં, એનું અસ્તિત્વ જ નથી."

પેલી ૬ વર્ષની બાળા ઉભી થઈ, તે પણ માનવને પ્રશ્નો પૂછવા માંગતી હતી. શિક્ષક કબૂલ થયા, અને તેણે પ્રશ્ન પૂછ્યા.

“માનવ, શું તને બાહર વૃક્ષ દેખાય છે ?"

માનવ : “હા.",

બાળા : “માનવ, શું તને બહાર ઘાસ દેખાય છે ? "

માનવ : “હા".

બાળા : “માનવ, શું તુ આપણાં શિક્ષકને જોઈ શકે છે?"

માનવ : “હા".

બાળા : “શું તુ એમના મન કે એમના મગજને જોઈ શકેછે?"

માનવ : “ના".

બાળા : “તો પછી આપણને જે કાંઈ શીખવાયું છે તે મુજબ તેમની પાસે એ છે જ નહીં!"

ઈશ્વર આપણી ભૌતિક આખોથી જોઈ નથી શકાતો. એ આપણી જ્ઞાન, શ્રદ્ધા અને ભક્તિની આંખોથી જ જોઈ શકાય છે અને નહીં કે આંખોથી. (ગીતા ૭-૨૪/૨૫) આપણે આ શ્રદ્ધાથી જ ચાલીએ છીએ અને નહીં કે દૃષ્ટિથી. એ આપણી પ્રાર્થનાનો જવાબ અવશ્ય આપે છે!

અધ્યાય ૭ નો સાર :

ઈશ્વર કેવળ એક જ છે, જે અસંખ્ય નામોથી ઓળખાય છે. આપણાં ધર્મના દેવ-દેવીઓ એજ એક પરમેશ્વરની વિવિધ શક્તિઓના નિરૂપણ માત્ર છે. આ દેવ-દેવીઓ એ ઈશ્વરની શક્તિના અલગ અલગ નામો છે જેથી આપણને તેમને ભજવામાં અને પૂજા કરવામાં પોતપોતાની રીતે સરળતા રહે. ચાર

પ્રકારના લોકો ઈશ્વરને ભજે છે. આ સમગ્ર સૃષ્ટિ પાંચ મૂળભૂત તત્વો અને આત્મ તત્ત્વ માંથી બની છે. ઈશ્વર સાકાર અને નિરાકાર બન્ને છે. ઈશ્વર કોઈપણ રૂપ ધારણ કરી શકે છે. જ્યાં સુધી વ્યક્તિ પાસે આધ્યાત્મિક જ્ઞાન ન હોય ત્યાં સુધી એ ઈશ્વરને જાણી ન શકે.

# અધ્યાય – ૮ અક્ષર બ્રહ્મ યોગ

આભા : દાદાજી, મારો આધ્યાત્મિક શબ્દ ભંડોળ કાંઈ ખાસ નથી. તેથી એના ઘણાં શબ્દો મને સમજાતા નથી. શું તમે એવા કેટલાક શબ્દો સરળ રીતે સમજાવશો ?

દાદાજી : હું તને કેટલાક સંસ્કૃત શબ્દો સમજાવીશ, તો ખૂબ જ ધ્યાનથી સાંભળ, કદાચ આ અર્થો તને શરૂઆતમાં ઓછો સમજાય તો એ ચિંતા ન કરીશ જેમ જેમ તારે માટે એનો વપરાશ વધશે તેમ તેમ એ વધુ સ્પષ્ટ થતા જશે.

જે દરેક જીવની અંદર રહેનાર આત્મા છે તેને સંસ્કૃતમાં બ્રહ્મ પણ કહે છે. આ બ્રહ્મ કેવળ જીવોને જ પોષે છે એવું નથી એ સમગ્ર સૃષ્ટિનો આધાર છે. બ્રહ્મ એ પરમેશ્વરની અરૂપ પ્રકૃતિ છે. બ્રહ્મ અનાદિ અને અનંત છે અને એમાં કદી કોઈ બદલાવ આવતો નથી. માટે અને શાશ્વત બ્રહ્મ પણ કહેવાય છે. આ

શબ્દ બ્રહ્મ ઘણીવાર બ્રહ્મા અર્થાત સર્જન કરનાર કે સર્જક દેવતા સાથે ગુંચવાય પણ છે. એની નજીકના એવા શબ્દો છે બ્રાહ્મણ અને બ્રાહ્મિણ અર્થાત ચાર વર્ણો માનો સર્વોચ્ચ વર્ણ. હું અધ્યાય ૧૮ માં આ અંગે તને વધુ જણાવીશ.

પરબ્રહ્મ, પરમાત્મા, પિતા, માતા એ સઘળા પરમતત્ત્વના નામો છે, જે બધાનો જ સ્રોત છે. મૂળ છે જે માં બ્રહ્મ પણ આવી જાય. એ જીવના સ્તરે આત્મા છે તો સમગ્ર સ્તરે પરમાત્મા.

“કર્મ" એ શબ્દના ઘણાં અર્થો છે. સામાન્ય રીતે એનો અર્થ થાય કાર્ય, કામ કે કર્મ કરવું. એનો અન્ય એક અર્થ થાય તમે પૂર્વ જન્મમાં કરેલા કાર્યોના પરિણામો કે ફળનો સંગ્રહ જે સંચિત કર્મ તરીકે પણ ઓળખાય છે.

બ્રહ્મની વિવિધ શક્તિઓને દૈવ (અથવા દેવ, દેવી કે દેવતા પણ) કહેવાય છે. આપણે આપણી દુન્યવી ઈચ્છાઓની પૂર્તિ માટે આ શક્તિઓની પૂજા કરીએ છીએ.

ઈશ્વર એ બ્રહ્મની એવી શક્તિ છે જે દરેક જીવના શરીરમાં એના માર્ગદર્શન અને નિયંત્રણ માટે રહે છે.

ભગવાનનો સાદો અર્થ થાય શક્તિશાળી. એ બ્રહ્મને માટે પણ વપરાય છે. આપણે શ્રીકૃષ્ણને પણ ભગવાન કહીએ છીએ.

જીવ કે જીવાત્મા એ છે જે જન્મ લે છે, જેનું જીવન મર્યાદિત સમય માટે હોય છે અને જે મૃત્યુ પામે છે કે પોતાનું સ્વરૂપ બદલે છે.

આભા : આપણાં મૃત્યુ સમયે ભગવાનને યાદ રાખવા માટે આપણે કેટલી વખત ભગવાનની પૂજા કરવી જોઈએ કે એનું સ્મરણ કરવું જોઈએ?

દાદાજી : આપણે ભોજન લેતા પહેલાં, રાત્રે સુતા પહેલાં, સવારે ઉઠીને તરત અને કોઈપણ નવું કામ કે અભ્યાસ શરૂ કરતાં પહેલાં હમેશાં ભગવાનને યાદ કરવાની ટેવ પાડવી જોઈએ.

આભા : શું આપણે હમેશાં માનવી તરીકે જ ફરી જન્મીએ છીએ?

દાદાજી : માનવી મૃત્યુ બાદ ૮૪ લાખ યોનીઓમાંથી કોઈ પણ એક યોનીમાં જન્મી શકે. હિન્દુ લોકો પુનર્જન્મમાં માને છે. શ્રીકૃષ્ણએ કહ્યું છે કે, “માનવી મૃત્યુ સમયે જે કાંઈ પદાર્થ કે જીવ વિશે વિચારે તે જ પદાર્થ કે જીવ એ એના મૃત્યુ બાદ મેળવે છે." મૃત્યુ સમયે માનવી એજ યાદ કરે છે જે એના જીવનમાં સૌથી વધારે બન્યું હોય. (ગીતા - ૮-૦૬) માટે માનવીએ હમેશાં, ઈશ્વરને યાદ કરતા (ભજતા) કરતાં જ પોતાની ફરજ બજાવતા રહેવું જોઈએ. (ગીતા - ૮-૦૭) હવે આપણે આત્માના પુનર્જન્મ વિશેની એક કથા જોઈએ.

## ૯. રાજા ભરતની કથા.

એક વાર ઋષિ વિશ્વામિત્ર ઘોર તપસ્યા કરી રહ્યા હતા. ઈન્દ્રને લાગ્યું કે એ એનું ઈન્દ્રાસન છીનવી લેશે, એટલે એણે એમની તપસ્યા ભંગ કરવા અતિ સુંદર અપ્સરા મેનકાને એની પાસે મોકલી. મેનકા એના કામમાં સફળ થઈ અને એને વિશ્વામિત્રથી એક દીકરી અવતરી જેનું નામ શકુંતલા પડયું. એને જન્મ આપી મેનકાનો ફરી સ્વર્ગમાં ચાલી ગઈ. શકુંતલાને ઋષિ કણ્વએ ઉછેરીને મોટી કરી.

એક દિવસ દુષ્યંત નામનો રાજા શિકાર કરતો કરતો ઋષિ કણ્વના આશ્રમે આવી ચઢયો. ત્યાં એણે શંકુતલાને જોઈ અને એના પ્રેમમાં પડી ગયો, અને ત્યાંજ એની જોડે એણે ગાંધર્વ લગ્ન કરી લીધા. ત્યાર પછી શંકુતલાએ એક બાળકને જન્મ આપ્યો જેનું નામ ભરત હતું. એ બાળપણથી જ સુંદર અને

બળીયો હતો. એ કોઈ દેવબાળ જેવો જ જણાતો હતો. એ નાનો હતો ત્યારથી જ સિંહના બાળ જોડે રમતો.

દુષ્યંત પછી ભરત રાજા બન્યો. ભરત આ દેશનો સૌથી મહાન રાજા હતો અને તેથી જ આપણાં દેશનું નામ પણ ભારતવર્ષ પડયું છે. એને નવ પુત્રો હતા. પણ તેમાના કોઈ રાજ્ય સંભાળે તેવા ન હતા એટલે કહેવાય છે કેઅણે સૌ પ્રથમવાર લોકશાહી ઢબે રાજાને પસંદ કરી તેની નિમણૂંક કરી.

ભરત નામ ધરાવનારા અન્ય ઘણા રાજાઓ આપણાં દેશમાં થઈ ગયા, જેવા કે ભગવાન શ્રીરામના ભાઈ ભરત. અહીં અન્ય એક મહારાજાની કથા આપવામાં આવી છે :

એક સાધુ જેવા રાજા ઋષભ દેવનો પુત્ર ભરત પણ પ્રભુનો ભક્ત હતો અને તેણે આપણા આ ભારતવર્ષ પર રાજ્ય કર્યું હતું. એમણે ઘણાં વર્ષો રાજ્ય

કર્યું પણ અંતે બધું છોડી સાધુ થઈ ગયા અને આધ્યાત્મિક માર્ગે ચાલી નીકળ્યા. એણે પોતાના રાજ્યનો તો સંપૂર્ણ ત્યાગ કર્યો પરંતુ જીવનના અંત ભાગમાં એમને હરણીના એક બચ્ચાનો મોહ થયો. એકવાર એ હરણ ક્યાંક ચાલ્યું ગયું અને ભરત એના વિના વિહ્વળ થઈ અને શોધવા નીકળ્યા, અને અચાનક રસ્તે ઠોકર વાગતા પડયા અને ત્યાં જ એમનું મૃત્યુ થયું. મૃત્યુ સમયે એમના મનમાં હરણ જ છવાયું હતું એટલે એમનો જન્મ હરણની યોનીમાં જ થયો.

આતો થઈ આત્માના પુનર્જન્મની વાત, જેમાં આપણી માન્યતા મુજબ આત્મા કોઈપણ યોનીમાં જન્મી શકે. પરંતુ પશ્ચિમના લોકોનો મત એવો છે કે માનવી ફરીવાર માનવી તરીકે જ જન્મે છે.

આભા : જો માનવી અને અન્ય જીવો જન્મ-મરણ ના ફેરામાંથી પસાર થતા હોય તો આ સૂર્ય, ચંદ્ર, પૃથ્વિ ઈત્યાદિ બ્રહ્માંડના જ અંશોનું શું? શું તેઓ પણ ઉત્પત્તિ અને નાશના ચક્રમાંથી પસાર થાય છે ખરા?

દાદાજી : આ સંપૂર્ણ દૃશ્યમાન સૃષ્ટિને પોતાનો જીવનકાળ હોય છે. આ દૃશ્ય સૃષ્ટિ જેમાં ગ્રહને નક્ષત્રો, તારાઓ ઈ. સમાઈ જાય છે, તેમનો જીવન કાળ ૮૬ લાખ વર્ષનો હોય છે. તે દરમ્યાન આ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. (ગીતા ૮-૧૭/૧૯) પરંતુ બ્રહ્મ તો શાશ્વત છે અને કદી નાશ નથી પામતું.

આભા : જો કેટલાક જીવો મૃત્યુ બાદ આ જગતમાં પાછા નથી આવતા તો, એમનું શું થાય છે? શું તેઓ સ્વર્ગમાં જાય છે. અને હમેશ માટે ત્યાં જ રહે છે?

દાદાજી : જેમણે અહીં આ પૃથ્વી પર સત્કર્મો કર્યાએ તેઓ તેમના સત્કર્મોનું ફળ ભોગવવા જરૂર સ્વર્ગમાં જાય છે. પરંતુ એ ભોગવાઈ જાય પછી તેમણે ફરી

પૃથ્વી પર આવવું પડે છે. (ગીતા ૮-૨૫, ૯-૨૧) જેમણે કુકર્મો કર્યા છે તેના દંડરૂપે દુઃખ ભોગવવા નરકમાં જાય છે અને ત્યાંથી પણ શિક્ષા પુરી થતા ફરી પૃથ્વી પર પાછા ફરે છે. જેમને નિર્વાણ કે મુક્તિ મળે છે તે ફરીવાર જન્મ લેતા નથી. તેઓ ભગવાનમાં ભળી જાય છે અને એના પરમધામમાં પહોંચે છે. જે સ્વર્ગથી પણ ઉંચુ અને અનેરૂં હોય છે.

આભા : આપણે આ પરમધામને કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ?

દાદાજી : જેમને સાચું આત્મજ્ઞાન એટલે કે ભગવાનનું સંપૂર્ણ જ્ઞાન થઈ જાય છે તેઓ સાક્ષાત્કાર પામેલ જીવો ગણાય છે. અને તેઓ એ પરમધામને મેળવે છે. તેમને પુનર્જન્મ લેવો નથી પડતો એ મુક્તિનો માર્ગ લેખાય છે. (ગીતા ૮-૨૪) આ માર્ગ અજ્ઞાની લોકો તેમજ જેમની પાસે આવશ્યક યોગ્યતાઓ, જેવાં કે પ્રભુ પ્રત્યે ભક્તિભાવ, શ્રદ્ધા અને જ્ઞાન, ન હોય તેમને માટે આ માર્ગ બંધ જ રહે છે.

કેવળ જેમની પાસે આ ગુણો છે તે જ મુક્તિના માર્ગે જઈ શકે છે. જ્યાંથી કદી પાછા ફરવાનું હોતું નથી. જેમને સાક્ષાત્કાર નથી થયો, પરંતુ જેમણે સત્કર્મો કર્યા છે તે તેમના સત્કર્મોને આધારે સ્વર્ગમાં જાય છે અને તેના ફળ ભોગવી ફરી પૃથ્વી પર જન્મ લે છે, અને જ્યાં સુધી તેઓ સ્વયંને સંપૂર્ણ કરી આત્મજ્ઞાની નથી બનતા ત્યાં સુધી આ ચક્ર ચાલતું રહે છે. (ગીતા ૮-૨૫)

અધ્યાય : ૮ નો સાર

અહીં કેટલાક સંસ્કૃત શબ્દ પ્રયોગોને સમજાવવામાં આવ્યા છે જે, એનો જેમ જેમ વધુ પ્રયોગ કરાશે તેમ તેમ વધુ સ્પષ્ટ થતા જશે. અહીં પૂનર્જન્મ અને સૃષ્ટિના સર્જન વિસર્જનના ચક્રની સમજ અપાઈ છે. પ્રભુ પ્રાપ્તીનો સૌથી સરળ ઉપાય એ છે કે તમારી ફરજ બજાવતા અને હર ઘડીએ એને યાદ કરતા રહો.

# અધ્યાય – ૯ રાજ વિદ્યા - રાજગૂહ્ય યોગ

આભા : કોઈકવાર જો ઈશ્વર અહીં પૃથ્વિ પર આવે તો શું એ આપણા જેવા જ હોય કે પછી કોઈ અન્ય સ્વરૂપ હોય?

દાદાજી : આ એક સરસ સવાલ છે, આભા. એનો જવાબ બન્ને રીતનોછે. દા.ત. તારી આ સોનાની વીંટી અને તારી મમ્મીની ચેઈન કે આ સોનાના સિક્કા ને જો. એ ત્રણે સોનાના જ બનેલા છે, માટે તુ એમને સોના તરીકે પણ જોઈ શકે. અને બીજી જેટલી પણ વસ્તુઓ સોનાની બની હોય તેને તું સોના તરીકે જોઈ શકે ખરૂંને? પરંતુ તે બધાને તું જુદા જુદા ઘાટ અને આકાર, જેવા કે વીંટી, ચેન કે સિક્કા તરીકે પણ ઓળખે છે. એવી જ આપણે ઈશ્વર અને તેના સર્જનને,ઈશ્વરના

પોતાના જ વિસ્તાર તરીકે પણ જોઈ શકીએ. આવી દૃષ્ટિને જ અદ્વૈતવાદ દર્શન તરીકે ઓળખવામાં આવે છે.

અન્ય એક દૃષ્ટિ એવી હોઈ શકે જેમાં ઈશ્વર એક વાસ્તવિકતા છે અને એનું સર્જન એ એક અલગ વાસ્તવિકતા છે. આ થયું દ્વૈતવાદ દર્શન આવી દૃષ્ટિથી જોઈએ તો સોનાનાં વિવિધ ઘાટો એ સોનાથી જુદા જ ગણાય. (ગીતા ૯-૦૪-૦૬)

આભા : લોકો જ્યારે કહે છે કે ઈશ્વર બધે જ છે અને બધામાં જ છે તે એ કારણે જ હશે ખરુંને, દાદાજી?

દાદાજી : હા, આભા તેથી જ એવું કહેવાય છે, આ સૂર્ય પણ ભગવાન છે અને ચંદ્ર, તારા, હવા, અગ્નિ, વૃક્ષો, આ પૃથ્વિ અને અને પથ્થરો પણ ભગવાન જ તો છે જે રીતે જ ભગવાનની બનેલી આ બધી જ વસ્તુઓ પણ ભગવાન ખરી કે

નહીં? તેથી જ હિન્દુઓ પત્થરની મૂર્તિ અને વૃક્ષોમાં સ્વયં ભગવાનને જુએ છે અને તેની તે રૂપમાં પૂજા કરે છે.

આભા : જો બધું ઈશ્વરનું જ બનેલું છે તો શું આ બધું ફરી ઈશ્વર બની જશે, જે રીતે સોનાના કોઈ પાત્ર ઘાટને ગાળીને સોનું બનાવી શકાય છે?

દાદાજી : એ સાચું છે, આભા ! સર્જન અને વિસર્જનનું ચક્ર હમેશાં ચાલ્યા જ કરે છે. એ એના જેવું જ છે કે સોનાનો એક ઘાટ તોડીને આપણે બીજો ઘાટ બનાવીએ છીએ (ગીતા ૯-૦૭, ૦૮) આ આખી સૃષ્ટી વારંવાર અસ્તિત્વમાં આવે છે અને પાછી અદૃશ્ય થાય છે.

આભા : જો આપણે સૌ ઈશ્વર જ છીએ અને ઈશ્વરનાં જ બન્યા છીએ તો પછી બધા જ ઈશ્વરને ચાહતા અને પૂજતા કેમ નથી?

દાદાજી : જેઓ આ વાતને સમજે છે, જેમનું આવું જ્ઞાન થયું છે, તેઓ જાણે છે કે ભગવાન આપણોં જ છે, અને આપણે એના જ અંશ છીએ, એને માટે બન્યા છીએ, એના પર જ આધાર રાખીએ છીએ, માટે તેઓ એને પૂજે છે એને પ્રેમ કરે છે. પરંતુ જે લોકો અજ્ઞાની છે, જેમની આંખો પર માયાનું આવરણ છે તેઓ આવા વૈશ્વીક ઈશ્વરને નથી તો સમજતા કે નથી એનામાં વિશ્વાસ ધરાવતા.

આભા : જો હું ઈશ્વરને રોજ પ્રાર્થના કરું, એને ચાહું અને એને ફળફૂલ ચઢાવું, તો શું એ ખુશ થશે અને મને મારા અભ્યાસમાં મદદ કરશે?

દાદાજી : ભગવાન, શ્રી કૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે એ એના ભક્તોની બધી જ જરૂરીઆતોની કાળજી કરે છે, એવાભક્તોની જે એનામાં પૂર્ણ શ્રદ્ધા ધરાવે અને એને પ્રેમપૂર્વક પૂજે. (ગીતા ૯-૨૨)

આભા : શું એનો અર્થ એવો થાય છે કે ભગવાન એમની જ કાળજી કરે છે જે તેમની પૂજા - પ્રાર્થના કરતા હોય?

દાદાજી : ભગવાન તો બધાને એક સરખી રીતે જ ચાહે છે, પરંતુ આપણે જો એમને યાદ કરીએ અને એમની પૂજા કરીએ તો આપણે એમની વધુ નજીક આવીએ છીએ. માટે જ આપણે સૌએ ભગવાનનું સ્મરણ કરતાં રહેવું જોઈએ, એની પૂજા, એનું ધ્યાન કરવું જોઈએ તથા શ્રદ્ધા અને ભક્તિથી એમની પૂજા કરવી જોઈએ.

આભા : મારે શ્રીકૃષ્ણની વધુ નજીક રહેવું છે, દાદાજી, હું એમના પ્રત્યેની મારી શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ કેવી રીતે વધારી શકું?

દાદાજી : તે માટે તારે હમેશાં ઈશ્વરને યાદ કરવા જોઈએ, એણે જે આપણે માટે સુંદર સુંદર વસ્તુઓ બનાવી છે તેનો વિચાર કરવો. એ આપણને જાત જાતની

વસ્તુઓ ભોજન માટે આપે છે, એણે જ આપણને ગરમી અને પ્રકાશ માટે સૂર્ય આપ્યો છે. આ સુંદર આકાશ જેને ચંદ્ર અને તારાઓ જડીને એણે આપણને આપ્યું છે. આ બધું જ સુંદર સર્જન એનું જ તો છે, માટે વિચારી જો કે એ સર્જનહાર પણ કેવો સુંદર હશે! ઈશ્વરની પૂજા કરવી એટલે એનો આભાર માનવો, પ્રાર્થના કરવી એટલે આપણને એની પાસેથી જે જોઈએ, તેની માંગણી કરવી. ધ્યાન એટલે એ પરમ શક્તિ સાથે જોડાવું જેથી એનું માર્ગદર્શન અને મદદ આપણને સતત મળતા રહે.

આભા : ઈશ્વર જો એક જ હોય, તો આપણને આ બધું કોણ આપે છે, આપણે પૂજા માટે આટલા બધા દેવ દેવીઓ કેમ રાખીએ છીએ, દાદાજી ? આપણે કેવળ ભગવાન શ્રીકૃષ્ણને જ કેમ નથી પૂજતા?

દાદાજી : શ્રીકૃષ્ણએ જ કહ્યું છે કે, “જેઓ અન્ય દેવ દેવીઓને પૂજે છે તેઓ પણ તેમની માર્ફત મારી જ પૂજા કરી છે." (ગીતા ૯-૨૩)

આપણે આપણને અનુકૂળ કોઈપણ દેવતાની પૂજા કરી શકીએ. એ દેવ આપણાં ઈષ્ટદેવ ગણાય અને તે આપણા નીજી માર્ગદર્શક અને રક્ષક બને છે.

આભા : આપણે ઈશ્વરને ફળ અને ફૂલ શા માટે ધરીએ છીએ?

દાદાજી : શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે જે કોઈપણ એમને ફૂલ, ફળ, પાદડું, જળ કે અન્ય કાંઈપણ પ્રેમ અને ભક્તિથી આપે છે, એને એઓ કેવળ સ્વિકારવતા જ નથી પરંતુ આરોગે પણ છે. (ગીતા ૯-૨૬) એ જ કારણ છે કે આપણે ઈશ્વરને આપણાં ભોજન પહેલાં પ્રાર્થના સાથે અન્ન અર્પણ કરીએ છીએ અને પછી એના પ્રસાદ તરીકે જ આરોગીએ છીએ. ઈશ્વરની શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિ પૂર્વક પૂજા

કરનાર કોઈપણ વ્યક્તિ એને મેળવી શકે છે. ભક્તિનો આ માર્ગ સૌને માટે ખૂલ્લો છે.

હવે આપણે શ્રદ્ધાની શક્તિ વિશે એક કથા સાંભળીએ.

## ૧૦. બાળક જેણે પ્રભુને ભોજન કરાવ્યું.

એક શ્રદ્ધાળુ પોતાના ઈષ્ટદેવની રોજ પુજા કરતો અને તેમને ભોગ ચઢાવતો. એક વાર એને આખા દિવસ માટે બહારગામ જવાનું થયું. એણે એના પુત્રને કહ્યું કે, “આજે ઈષ્ટદેવની પુજા તુ કરજે. અને એમને ધ્યાનથી ભોગ ધરાવજે."

તે દિવસે બાળકે યોગ્ય રીતે તે પુજા કરી દેવને ભોગ ધરાવ્યો, પરંતુ મૂર્તિ એ ન તો કાંઈ ખાધું, ન પીધું કે ન કોઈ વાત કરી. બાળક લાંબા સમય સુધી રાહ જોતો રહ્યો, પરંતુ દેવની મૂર્તિ તો જરાએ હલતી પણ નહતી. બાળકને

તો પુરે, પુરી શ્રદ્ધા હતી કે દેવ એના સિંહાસન પરથી નીચે આવશે અને એની સામે જમીન પર બેસીને ભોજન કરશે.

એણે તો દેવને વારંવાર પ્રાર્થના કરી, કહ્યું : હે ભગવાન, કૃપા કરી અહીં પધારો ને આ ભોજન આરોગો, હવે તો ઘણું જ મોડું થયું છે, તમે જો નહીં ખાશો તો મારા પિતા મારાપર ખુબ જ ગુસ્સે થશે. દેવે તો એકે શબ્દ ન કહ્યો.

બાળક તો જોર જોરથી રડવા લાગ્યો અને બોલ્યો, “હે ભગવાન, મારા પિતાએ કહ્યું છે કે મારે તમને ભોજન કરાવવું જ, તમે કેમ આવતા નથી? કેમ મારે હાથે ભોજન નથી લેતા?"

બાળક ખુબજ વિહ્વળ હૃદયથી થોડા સમય માટે રડતો જ રહ્યો. અંતે દેવ હસતા હસતા એના સિંહાસનેથી ઉભા થઈ મનુષ્ય દેહે ભોજનના થાળ સામે બેઠા અને ભોજન કર્યું.

દેવતાને ભોજન કરાવ્યા બાદ બાળક પુજાની ઓરડીમાંથી બહાર આવ્યો. એના બીજા સગાઓએ એને કહ્યું, “ચાલ પુજા પુરી થઈને હવે અમારે માટે પ્રસાદ લઈ આવ."

બાળકે કહ્યું : “ભગવાન બધું જ આરોગી ગયા. આજે એમણે તમારે માટે કશું જ રહેવા દીધું નથી."

તેઓ પુજાઘરમાં ગયા અને તેમણે આશ્ચર્ય થી જોયું કે દેવતા ખરેખર બધું જ જમી ગયા છે અને તેમને માટે કશું જ રહ્યું નો'તું.

કથાનો સાર એ જ છે કે જો તમે ભગવાનને પૂર્ણ શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમથી આગ્રહ પૂર્વક ભોજન આપશો તો એ જરૂર ભોજન કરશે. જેવી શ્રદ્ધા પેલા બાળકને હતી તેવી શ્રદ્ધા આપણાંમાંના મોટાભાગના લોકોમાં હોતી નથી. અને

ભોજન કેવી રીતે કરાવવુ તે આપણે જાણતા જ નથી! એવું કહેવાય છે કે એક બાળક જેવી જ શ્રદ્ધા, આપણને ઈશ્વરમાં હોવી જોઈએ અન્યથા પ્રભુ ના ધામમાં આપણને કદી પ્રવેશ નહીં મળે.

આભા : દાદાજી, જો કોઈ વ્યક્તિ પાપી, ચોર કે લૂંટારો હોય તો શું? શું તે વ્યક્તિ પણ ભગવાનને ચાહી શકે?

દાદાજી : જરૂર, આભા. શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું છે, કે : કોઈ વ્યક્તિ ગમે તેટલો પાપી હોય પણ એક વાર જો પ્રેમ અને શ્રદ્ધાથી મારી પૂજા કરવા લાગે તે એવી વ્યક્તિ થોડા જ સમયમાં સંત બની જાય છે કારણ એણે એક સાચો નિર્ણયલીધો છે. (ગીતા ૯-૩૧)

આવાજ એક લૂંટારાની આ કથા છે :

## ૧૧. વાલ્મીકિ

આપણાં શાસ્ત્રોમાંના બે મહાગ્રંથો છે. એક છે રામાયણ અને બીજું છે મહાભારત. ભગવદ્ગીતા જેની આપણે વાત કરી રહ્યા છીએ તે મહાભારતનો જ એક અંશ છે. મહાભારત આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં લખાયું હશે. નાસાની તાજી શોધખોળ મુજબ રામાયણ કથા વાળી ઘટના આશરે ૮ હજાર વર્ષ પૂર્વે બની હોય. રામાયણના મૂળ રચનાકાર હતા ઋષિ વાલ્મીકિ. એમના બાદ અન્ય ઘણાં સંતો અને મહાપુરુષોએ રામાયણની આ વાર્તા ફરી ફરી સંભળાવી અને લખી છે. આ વાર્તા દરેક બાળકોએ વાંચવી જોઈએ. દંતકથા એવી છે કે નારદ ઋષિએ, ઋષિ વાલ્મીકીને એવી શક્તિઓ આપી હતી કે જેથી એ ઘટના પહેલા જ તેઓ આ આખી વાર્તા લખી શકે.

ઋષિ વાલ્મીકી એમના પૂર્વ જીવનમાં એક ભયાનક લૂંટારા, નામે વાલીયો હતા. એ પોતાનું અને કુટુંબીજનોનું ગુજરાન વટેમાર્ગુઓને લૂંટીને અને મારીને જ ચલાવતા. એક દિવસ ઋષી નારદ એ જ જંગલમાંથી પસાર થયા જ્યાં વાલીયો લૂંટારો રહેતો હતો જ્યારે વાલીયાએ એમના પર હુમલો કરી એમને લુંટવાનો પ્રયત્ન કર્યો ત્યારે નારદે એને પૂછ્યું કે તે આવું કામ શા માટે કરે છે ? તો એણે જણાવ્યું કે એ એના કુટુંબના ભરણ પોષણ માટે જ આ કામ કરેછે.

નારદે વાલીયાને કહ્યું, “તૂં જ્યારે કોઈ વ્યક્તિને લૂંટે અને મારે છે ત્યારે તુ પાપ કરી રહ્યો છે. શું તારા કુટુંબીજનો તારા આ પાપમાં ભાગીદાર થવા રાજી છે ખરા ?"

વાલીયાએ જવાબ આપ્યો, “કેમ નહી ? મને ખાત્રી છે કે તેઓ પણ આ પાપમાં ભાગીદાર થવાના જ."

ઋષિએ કહ્યું “એવું હોય તો જા ઘરે જઈને એમને પૂછી આવ કે તેઓ એના પાપમાં ભાગીદાર ખરા કે નહીં."

વાલીયો એ વાતે કબુલ થયોઅને નારદને નજીકના એક વૃક્ષ સાથે બાંધી ઘરે ગયો, ત્યાં એણે એના કુટુંબના દરેક સભ્યને પૂછ્યું,

“હું તમારે માટે મુસાફરોને લૂંટીને પુષ્કળ પૈસા અને અન્ન વગેરે લાવું છું. એક ઋષિએ મને કહ્યું કે આવા કામથી પાપ લાગે છે, તો શું તમે મારા પાપમાં ભાગીદાર બનશો ખરા ?"

કુટુંબનો કોઈપણ સભ્ય એના પાપમાં ભાગીદાર થવા તૈયાર ન હતો, તેમણે કહ્યું, “અમારૂં ભરણ પોષણ કરવું એ તારી ફરજ છે. તારા પાપમાં હિસ્સેદાર થવાનું અમને કોઈને માન્ય નથી."

વાલીયાને પોતાની ભૂલ સમજાઈ ગઈ. એણે પાછા ફરી નારદ મુનિની માફી માંગી અને પૂછ્યું કે આ પાપમાંથી મુક્ત થવા

એણે શું કરવું જોઈએ. નારદ મુનિએ વાલીયાને સૌથી શક્તિશાળી એવો “રામ" મંત્રનો સતત જાપ કરવા જણાવ્યું અને એને પૂજા ધ્યાન ઈત્યાદી કેવી રીતે કરવું તે શીખવ્યું. વાલીયા લૂંટારાએ પોતાની ખોટી પ્રવૃત્તિઓનો ત્યાગ કર્યો અને ભગવાનની કૃપાથી થોડા જ સમયમાં ઋષિ વાલ્મીકિ બન્યા અને એમણે રામાયણની રચના કરી.

આભા, શ્રીકૃષ્ણએ ગીતામાં જે દર્શાવ્યું છે કે એ આપણાં સૌથી કાળજી કરે છે. (ગીતા ૯-૧૭-૧૮) આ કથા તે જ દર્શાવે છે.  એવી જ એક બીજી કથા પણ છે.

## ૧૨. પગલાં

એક માણસને એક રાત્રે સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં એ એક સમુદ્ર કિનારે રેતીમાં ઈશ્વરનો હાથ પકડી લટાર મારી રહ્યો હતો. સ્વપ્નમાં એણે એના જીવનની જુદી જુદી ઘટનાઓ જોઈ અને ત્યાં એણે જોયું કે દરેક પ્રસંગે રેતી પર બે જણાનાં પગલાંઓની હારમાળા બનેલી હતી. એક તો હતા એના પોતાના પગલાં અને બીજા હતાં ઈશ્વરના.

જ્યારે એના જીવનનું અંતિમ દૃશ્ય એની સામે આવ્યું તો એણે જોયું કે હવે કેવળ એક જ પગલાંની હાર રેતીમાં દેખાઈ રહી હતી. એને એ પણ સમજાયું કે આવું એના જીવનની સૌથી દુ:ખી ક્ષણે થઈ રહ્યું હતું.

આ જાણીને, એ ખૂબ જ ચિંતીત થયો અને એણે એ અંગે ઈશ્વરને પ્રશ્ન કર્યો.

“પ્રભુ, તમે કહ્યું હતું કે તમારે માટે કોઈ વહાલું કે અકારૂં નથી, સૌ તમારે માટે સરખા જ છે, પરંતુ જે તમને શ્રદ્ધા અને ભક્તિપૂર્વક નિયમીત પૂજે છે તમે હમેશાં તેમની સાથે જ રહો છો. (ગીતા ૯-૨૯) મને એવું લાગે છે કે મારા જીવનના સૌથી મુશ્કેલ સમયે હું એકલો જ રહી ગયો હતો. રેતી પર ત્યારે માત્ર એક જ પગલાંની હાર હતી. મને એ નથી સમજાતું કે આવું કેમ થયું,

જ્યારે મને તમારી સૌથી વધારે જરૂર હતી ત્યારે તમે મને એકલો જ છોડી દીધો."

ઈશ્વરે જવાબ આપ્યો : “વત્સ તુ મારો જ આત્મા છે, હું તને ચાહું છું અને તું મને છોડી જાય તો પણ હું તને કદી નહી છોડું, તારા મુશ્કેલીના સમયે જ્યારે તને કેવળ એક જ પગલાંની હાર દેખાઈ તેનું કારણ એ હતું કે ત્યારે મેં તને ઉંચકી લીધો હતો. તને જ્યારે પણ મુશ્કેલી પડી તો તેનું કારણ તારા કર્મો હતાં એ જ સમયે જ્યારે તારી પરિક્ષા થાય છે અને તું વધુ સબળ બને છે."

શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું છે, “જે, ભક્તો મને હંમેશાં પૂજે અને પ્રેમ કરે છે તેમની કાળજી હું સ્વયં લઉં છું." (ગીતા ૯-૨૨)

અધ્યાય ૯ નો સાર :

દ્વૈતવાદના દર્શનમાં ઈશ્વર અને એના સર્જનને બે ભિન્ન વાસ્તવિકતાઓ તરીકે ગણી છે. અદ્વૈત દર્શનમાં ઈશ્વર અને સર્જન બન્ને એક જ છે. ઈશ્વર આપણાં સૌને એક સરખી રીતે જ ચાહે છે, પરંતુ એ એના ભક્તોની વિશેષ કાળજી કરે છે કારણ એવી વ્યક્તિ એની વધુ નજીક હોય છે એ એનાં જેવું છે, જેમ શિયાળામાં તાપણાં નજીકબેઠેલાને વધુ ગરમી મળે છે. એવું કોઈ પાપ કે પાપી નથી હોતા જેને માફ ન કરી શકાય. હ્રદય પૂર્વકના પ્રાશ્ચ્યાતાપના અગ્નિમાં દરેક પ્રકારના પાપો બળીને રાખ થઈ જાય છે.

# અધ્યાય – ૧૦ વિભૂતિ યોગ

આભા : શ્રીકૃષ્ણ જો એવું કહેતા હોય કે જેઓ એમને હંમશા યાદ કરે છે, ચાહે છે, તેમની એ અવશ્ય કાળજી કરશે, તેથી જ મારે ઈશ્વરને જાણવો છે અને તેને ચાહવો છે દાદાજી, હું એવું કઈ રીતે કરી શકું?

દાદાજી : પ્રભુને પ્રેમ કરવો, એને ચાહવો એ જ પ્રભુની ભક્તી છે. તમારામાં જો એના પ્રત્યે શ્રદ્ધા હશે તો ઈશ્વર તમને જ્ઞાન અને આત્માની સમજ આપશે. (ગીતા ૧૦.૧૦) તમે ઈશ્વરની કિર્તિ, શક્તિ અને મહાનતા વિશે જેટલું વધારે જાણો તેટલો  તમારો એમના પ્રત્યનો પ્રેમ વધતો જ જશે. એ રીતે ઈશ્વર વિશેનું જ્ઞાન અને તેમના પ્રત્યેનો પ્રેમ બન્ને પરસ્પર વધતા જ જાય છે.

આભા : ઈશ્વર તો ખૂબ જ મહાન અને શક્તિશાળી છે. હું એમને ખરેખર કેવી રીતે જાણી શકું?

દાદાજી : ઈશ્વરને સંપૂર્ણપણે કોઈપણ સમજી ન શકે. આ વિશ્વ શક્તિ અને સત્તાનું એજ કારણ છે, મૂળ છે, આધાર છે. એ કારણ એક ગૂઢ રહસ્ય જ છે. ઈશ્વર અજન્મા છે, અનંત અને અનાદિ છે. માત્ર ઈશ્વર જ ખરેખર ઈશ્વરને જાણી શકે, સમજી શકે ! (ગીતા ૧૦.૧૫) જો કોઈ એવો દાવો કરે કે, હું ઈશ્વરને જાણું છું, તો એ કશુંજ જાણતો નથી એવું સમજી લેવું. જે કોઈએ પણ સત્યને જાણ્યું છે તે એમ જ કહેશે કે, હું ઈશ્વરને જાણી શક્યો નથી.

આભા : તો પછી દાદાજી, આપણે ઈશ્વર વિશે શું જાણી શકીએ?

દાદાજી : ઈશ્વરને બધું જ ખબર છે, પરંતુ એને કોઈપણ જાણી ન શકે. શંકરના મત મુજબ, આ સમગ્ર સૃષ્ટિ એ અન્ય કશું જ નહીં પણ ઈશ્વરનું જ એક રૂપ છે. આ સૃષ્ટિ ઈશ્વરની જ શક્તિ, જેને આપણે માયા કહીએ છીએ, તેમાંથી જ જન્મી છે. બધુંજ ઈશ્વરમાંથી જ ઉદ્‌ભવે છે અને અંતે એનામાં જ સમાઈ જાય છે. ઈશ્વર સ્વયં તો એક જ છે પરંતુ એણે અનેક રૂપો ધારણ કર્યા છે. એ સર્વત્ર છે અને સર્વમાં છે (ગીતા ૧૦-૧૯-૩૯) એજ બધાનો સર્જનહાર, પાલનહાર અને સંહારનારો છે. એ જ દરેક વસ્તુને ઉત્પન્ન કરે છે, જેમાં સૂર્ય, ચંદ્ર, તારાઓ, વાયુ, જળ, હવા, અગ્નિ એ બધું જ આવી જાય, એટલું જ નહીં પણ એમાં આપણાં વિચારો, લાગણીઓ, બુદ્ધિ અને એવા અન્ય ગુણો પણ સમાવી શકાય. આપણે આ સમગ્ર સૃષ્ટિમાં એની કિર્તી અને મહાનતાનાં દર્શન કરી શકીએ છીએ. આ સુંદર આકાશ અને તેમાં આવેલી આપણી પૃથ્વી અને અન્ય ગ્રહો તો એની

સમગ્ર સૃષ્ટિનો એક નાનકડો અંશ માત્ર જ છે. ઈશ્વરને સર્વત્ર જોવાથી આપણું મન શુદ્ધ અને નિર્મળ થાય છે અને એ આપણને એક સારા વ્યક્તિ બનાવેછે. આપણે ઈશ્વર વિશે કેમ ઓછું જાણીઓ છીએ તે સમજાવતી આ એક કથા છે.

## ૧૩ આંધળાનો હાથી.

ચાર આંધળાઓ ભેગા થઈને એક દિવસ હાથી જોવા ગયા. એકે એનો પગ પકડયો અને કહ્યું, “આ હાથી તો થાંભલા જેવો છે" બીજાએ એની સૂંઢ પકડી અને કહ્યું, “આ તો જાડા દાંડા જેવો છે." ત્રીજાએ એના પેટને હાથ અડાયો અને કહ્યું “આ તો કોઠી જેવો છે." ચોથાએ એના કાન પકડયા એને કહ્યું “આ તો સૂપડાં જેવો છે."

આ રીતે તેઓ એકબીજા જોડે ઝઘડવા લાગ્યા અને સાચો હાથી કેવો છે તે નક્કી ન કરી શક્યા. એક રસ્તે જનાર રાહગીરે

એમને આ રીતે લડતા જોઈ પૂછ્યું, “ભાઈઓ, તમે કેમ લડી રહ્યા છો?" એમણે એને તેમની મુશ્કેલીઓ જણાવી અને નિર્ણાયક બની સાચી હકીકત જણાવવા વિનંતી કરી.

રાહીગરે કહ્યું. “તમારામાંના કોઈએ હાથી જોયો નથી કારણ તમે જોવાને સમર્થ જ નથી, હાથી થાંભલા જેવો નથી પરંતુ એ એના પગ માત્ર છે, એ દંડા જેવો પણ નથી એની સૂંઢ એવી છે, એ કોઠી જેવો તો જરાએ નથી, એ તો એનું પેટ છે એ સૂપડાં જેવો પણ નથી, અરે! એ તો એના કાન છે, અને એ બધું મળે ત્યારે જ એ પુરો હાથી કહેવાય."

એવી જ રીતે ઈશ્વરના ગુણો અને પ્રકૃત્તિ વિશે વાદવિવાદ કરનારા લોકો, એની સંપૂર્ણ વાસ્તવિકતાના કોઈ એકાદા અંશ વિશે જ વાતો કરતા હોય

છે. તેથી જ ઋષિ મુનિઓ એને, “નથી આ કે નથી પેલું" એ રીતે વર્ણવતા હોય છે.

આભા : એ લોકોનું શું જે ઈશ્વરને માનતા જ નથી?

દાદાજી : આવા લોકોને આપણે નાસ્તિક લોકો કહી એ છીએ. તેઓ આ સૃષ્ટિના, સર્જનહારને માનતા નથી કારણકે એમને માટે આવી વિશ્વ વ્યક્તિ કે આવી મહાશક્તિ હોવાથી કલ્પના કરવી જ મુશ્કેલ છે. તેથી તો તેઓ તેના અસ્તિત્વ વિશે શંકાશીલ છે તેમને માટે એ એક કોયડા રૂપ જ છે. તેમની શંકાઓ કદાચ એક દિવસ દૂર થશે. જ્યારે તેમને ઈશ્વર કૃપાથી જ કોઈ સાચો આધ્યાત્મિક ગુરૂ કે માર્ગદર્શક મળશે. નાસ્તિક એવા લોકો છે જેમની ઈશ્વર તરફની યાત્રા હજી શરૂ જ નથી થઈ. શંકાઓ તો ઈશ્વરને માનનારા વ્યક્તિમાં પણ જન્મતી જ હોય છે; માટે શ્રદ્ધા રાખો, ઈશ્વરમાં વિશ્વાસ રાખો અને તમારી ફરજ બજાવતા રહો.

અધ્યાય ૧૦ નો સાર :

પરમાત્મા પ્રભુને કોઈ જાણી ન શકે, કારણ સર્વે જીવોનું મૂળ સ્રોત, સઘળા કારણોનું કારણ, એ જ છે. આપણું શરીર મન, વિચારો અને લાગણીઓ એ બધું ઈશ્વરમાંથી જ આવે છે. એ જ આપણાં સૌનો સર્જનહાર, પાલનહાર અને સંહારક છે, એ અનંત અને અનાદિ છે. આ સમગ્ર સૃષ્ટિ એની શક્તિનો એક નાનકડો અંશ માત્ર છે. (ગીતા૧૦-૪૧-૪૨) બધા જ દેવ-દેવીઓ એની વિવિધ શક્તિઓના નામ માત્ર છે. કોઈ પણ નામ, રૂપ કે રીતે એની પૂજા કરવાથી આપણને આપણું ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય છે અને એ જ આપણને શાંત અને સારા થવામાં મદદ કરે છે.

# અધ્યાય – ૧૧ વિરાટરૂપ દર્શન યોગ

આભા : દાદાજી, તમે કહ્યું કે આપણે ઈશ્વર વિશે થોડું ઘણું જરૂર જાણી શકીએ. તો શું લોકો માટે ઈશ્વરને જોવો શક્ય છે ખરો?

દાદાજી : આભા એ જરૂર શક્ય છે પરંતુ આપણી આ સામાન્ય આંખોથી નહીં. આપણાં જેવા હાથ-પગ છે તેવા ઈશ્વરને હોતા નથી. પરંતુ જ્યારે ઈશ્વર આપણી નિષ્કામ સેવાઓ અને ભક્તિથી પ્રસન્ન થાય તો કદાચ એ આપણાં સ્વપ્નમાં

આવી દર્શન જરૂર આપે. એ પોતાને કોઈપણ સ્વરૂપે અથવા આપણાં ઈષ્ટ દેવતા રૂપે દેખા દઈ શકે.

આભા : ઈશ્વરને જોવાનો અન્ય કોઈ માર્ગ છે ખરો?

દાદાજી : ઈશ્વરને જોવાનો કોઈ સૌથી ઉત્તમ માર્ગ હોય તો તે છે દરેકમાં એની હાજરીનો અનુભવ કરવો કારણ આ બધું એ ઈશ્વરનો જ વિસ્તાર છે. આ બધું ઈશ્વરનું જ એક રૂપ છે. આ એક વાર જાણી લઈએ, સમજી લઈએ અને સ્વીકારીએ તો ઈશ્વરના દર્શન ચારે તરફ થશે. આ સંપૂર્ણ સૃષ્ટિ ઈશ્વર જ છે અને આપણે એના બાળ, એના સાધનો છીએ (ગીતા ૧૧.૩૩) ઈશ્વર પોતાનું કાર્ય કરવા માટે આપણો જ ઉપયોગ કરે છે અને તે પણ આપણાં સૌની અંદર બેસીને જ કરે છે.

ચાલ હવે આપણે એક કથા જોઈએ જેમાં ઈશ્વર હમેશાં આપણી સાથે જ છે એવું પુરવાર થાય છે, પરંતુ આપણે એને આપણી આ ભૌતિક આંખોથી જોઈ નથી શકતા. (ગીતા ૧૧.૦૮)

## ૧૪. ઈશ્વર તમારી સાથે જ છે.

એક આશ્રમમાં એક ગુરૂ અને તેના પાંચ શિષ્યો રહેતા હતા. સમય જતાં તેમનું શિક્ષણ કાર્ય પુરૂં થયું અને ગુરૂએ એક દિવસ કહ્યું કે મેં જે કાંઈ શીખવ્યું છે તે તમે બરાબર સમજ્યા છો કે નહીં તેની હું પરીક્ષા લેવાનો છું. પરીક્ષા સાવ સહેલી છે. હું તમને દરેકને એક એક લાડવો આપું છું અને તે તમારે સાંજ સુધીમાં તમને કોઈપણ ન જુએ તે રીતે ખાવાનો છે. સાંજે હું તમને પુછીશ કે

તમે શું કર્યું. બધા શીષ્યો તો ખૂશ થયા અને આવી પરિક્ષા વારંવાર થાય એવું ઈચ્છવા લાગ્યા. આખો દિવસ જોત જોતામાં પસાર થયા અને સાંજે સૌ ગુરૂ પાસે પહોંચ્યા. ગુરૂએ વારા ફરતી તેમણે શું કર્યું તે વિશે પૂછ્યું. દરેકના ઉત્તર જુદા જુદા હતા એકે કહ્યું મેં તો મારો કાંબળો ઓઢીને અંદર રહ્યા લાડવો ખાઈ લીધો, બીજાએ કહ્યું હું તો મારી ઝૂંપડીમાં કોઈ ન હતું ત્યારે લાડવો આરોગી ગયો. ત્રીજો કહે મેં તો નદી કિનારે એકાંતમાં જઈને ખાધો, ચોથો કહે હું તો જંગલમાં ચાલ્યો ગયો અને આસપાસ કોઈ નથીતે નિશ્ચિત કરી ત્યાર બાદ જ મેં લાડવો ખાધો. હવે પાંચમાંનો વારો આવ્યો એતો ધીરે ધીરે ગુરૂ પાસે આવ્યોને એણે એમના હાથમાં પેલો લાડવો મૂકી દીધો તથા કહ્યું કે હું તો

બધે ખૂબ જ રખડયો પરંતુ મને કોઈ એકાંત મળ્યું જ નહીં કારણ હું જ્યારે પણ વિચારતો તો ગુરૂજીએ જણાવ્યા મુજ ઈશ્વર તો મારી સાથે જ હતો, તો પછી હું લાડવો ખાય જ કેવી રીતે શકું.

ગુરૂજી એ એની પીઠ થાબડી કહ્યું, વાહ બેટા! તું જ એક એવો છે જે મારી શીખને સમજી શક્યો.

આપણે જેને ઈચ્છીએ છીએ જેને શોધીએ છીએ તે આપણી ખૂબ જ નજીક, આપણી અંદર અને બહાર ચારે તરફ વસે છે. જે કાંઈપણ અસ્તિત્વમાં છે તે બધું જ ઈશ્વરનું એક અથવા બીજું રૂપ છે. આ સૃષ્ટિની દરેક વસ્તુ એ વિચારમાં જ સમાયેલી છે!

ઈશ્વરને જોવાની એક રીતે એ છે કે તમે એના પ્રત્યે અતૂટ ભક્તિ કેળવો અને સાથે જ સારા ગુણોને પણ અપનાવો. શ્રીકૃષ્ણ કહે છે કે આપણે કોઈપણ

પ્રકારના રાગ, દ્વેષ સ્વાર્થવૃત્તિ, દુશ્મનાવટ કે કોઈ પ્રત્યે હિંસા ન રાખીએ તો આપણે ઈશ્વર સુધી પહોંચી શકીએ અને એને જોઈ શકીએ. (ગીતા ૧૧.૫૫)

આભા : શું કોઈએ શ્રીકૃષ્ણને ઈશ્વર તરીકે જોયા છે ખરા?

દાદાજી : હા, ઘણાં સંતોએ અને ઋષીમુનિઓએ શ્રીકૃષ્ણને ઈશ્વર તરીકે જુદા જુદા સ્વરૂપમાં જરૂર જોયા છે. માં યશોદાએ બાળકૃષ્ણના મોમાં બ્રહ્માંડનું દર્શન કર્યું હતું. અર્જુનની ઈચ્છા પણ એમને ઈશ્વર તરીકે જોવાની હતી. અર્જુન સ્વયં એક મહાન આત્મા હતો અને શ્રીકૃષ્ણનો પ્રિય સખા પણ હતો તેથી એમણે એને પોતાના વિરાટ રૂપનું દર્શન કરાવ્યું. અર્જુને જે જોયું તેનું વિસ્તૃત વર્ણન ગીતાના ૧૧માં અધ્યાયમાં આપવામાં આવ્યું છે.

અહીં આપણે અર્જુને નિહાળેલા શ્રીકૃષ્ણના વિરાટ સ્વરૂપનું ટૂંકુ વર્ણન કરીશું. એણે શ્રીકૃષ્ણની ડૂંટીમાંથી નીકળેલા કમળના પુષ્પ પર આ સંપૂર્ણ સૃષ્ટિ

જેમાં બધાજ દેવો, ઋષિમુનિઓ, ભગવાન શિવ, અને બ્રહ્મા એ બધાને બેઠેલા જોયા. ઈશ્વરના અસંખ્ય હાથો - અસંખ્ય મુખ, પેટ, ચહેરા અને આંખો હતાં. એમના શરીરનો ન કોઈ અંત કે ન કોઈ આદિ જણાતો હતો. એની ચારે તરફ આંખોને ભરી દે તેવો પ્રકાશ ઝળહળી રહ્યો હતો. અર્જુને એના બધા પિતરાઈઓ તથા અન્ય રાજાઓ અને યોદ્ધાઓને એમના મુખમાં ભરખાઈ જતા પણ જોયા. શ્રીકૃષ્ણનું આ વિરાટ સ્વરૂપ ખૂબ જ ભય ઉપજાવનારું હતું. તેથી અર્જુને એમને પ્રાર્થના કરી કે તેઓ એને ચાર-ભૂજા વાળા વિષ્ણુના રૂપનું જ દર્શન કરાવે. જેમને માથે મૂગટ અને હાથોમાં શંખ ચક્ર ગદા અને પદ્મ હોય. ત્યાર બાદ
કૃષ્ણએ અર્જુનને વિષ્ણુનું ચારભુજા વાળું રૂપ બતાવ્યું.

ત્યાર બાદ કૃષ્ણએ અર્જુનને ફરી એમનું સુંદર માનવ સ્વરૂપ બતાવી સાંત્વના આપી. શ્રીકૃષ્ણએ એને જણાવ્યું કે એ એમનું આ ચારભુજા વાળું સ્વરૂપ તેઓ કેવળ ભક્તિ દ્વારા જ બતાવે છે. (ગીતા ૧૧.૫૪)

અધ્યાય ૧૧ નો સાર :

આપણે આપણી આ માનવ આંખોથી ઈશ્વરના દર્શન ન જ કરી શકીએ. આપણે એને કેવળ ધ્યાન કે સમાધિની સ્થિતી માંજ એને અનુભવી શકીએ. આપણે એને આપણી ચોતરફ પણ નિહાળી શકીએ. આ સંપૂર્ણ સૃષ્ટિ એ સર્જકનો જ અંશ છે. એનું શરીર છે. અને આપણે સૌ એ વિરાટના જ અંગ છીએ.

## અધ્યાય – ૧૨ ભક્તિ યોગ

આભા : દાદાજી, શું આપણે ધ્યાન કે પૂજા રોજ કરવા જોઈએ કે માત્ર કોઈ કોઈ વાર જ ?

દાદાજી : બાળકોએ તો પૂજા, પ્રાર્થના કે ધ્યાનમાંથી કોઈપણ પ્રકારે ઈશ્વરની ભક્તિ રોજ નિયમીતપણે કરવી જ જોઈએ. આવી સારી ટેવો શરૂઆતથી જ પાડવી જોઈએ જેથી તેઓ એક સારા માનવી બની શકે.

આભા : તમે કહ્યું કે ઈશ્વર અરૂપ અને અમૂર્ત છે પરંતુ સાથે જ એના વિવિધ સ્વરૂપો પણ છે. શું મારે ઈશ્વરની ભક્તિ રામ, કૃષ્ણ, શિવ, દુર્ગા ઈ.ના સ્વરૂપમાં કરવી કે પછી મારે અમૂર્ત ઈશ્વરની જ ભક્તિ કરવી?

દાદાજી : ગીતામાં અર્જુને પણ કૃષ્ણને આવોજ પ્રશ્ન કર્યો (ગીતા : ૧૨-૦૧) શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું કે શ્રદ્ધાપૂર્વક ઈશ્વરના મૂર્ત સ્વરૂપને પૂજવું. મોટાભાગના

લોકો માટે વધુ સરળ છે. ખાસ કરીને જેઓ હજી ઈશ્વરભક્તિની શરૂઆત જ કરી રહ્યા છે, પરંતુ એક સાચા ભક્તને બધા જ પ્રકારોમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય છેઃ પછી તે અમૂર્ત ઈશ્વર હોય કે પછી રામ, કૃષ્ણ, હનુમાન, શિવ કે માં કાળી અને દુર્ગાના સ્વરૂપે હોય.

આભા : મારે કઈ રીતે પૂજા કરવી. દાદાજી?

દાદાજી : શાળા એ જતાં પહેલાં પૂજારૂમમાં જઈ ઈશ્વર સામે ટટ્ટાર બેસી આંખ બંધ કરી, થોડા ઉંડા શ્વાસ લઈને, પોતાના ઈષ્ટ, દેવને યાદ કરવા અને એના આશિર્વાદ માંગવા, આંખો બંધ રાખી પોતાના મનને ઈષ્ટદેવ પર કેન્દ્રિત કરવું એ જ ધ્યાન કહેવાય છે. તે સાથે તુ મનમાં ‘‘ૐ'' કે ‘રામ, રામ, રામ....' મંત્રોને પણ ઉચ્ચારી શકે.

આભા : આ રીતે જ્યારે હું ધ્યાન કરવાનો પ્રયત્ન કરૂં છું તો દાદાજી, હું મારા મનને કેન્દ્રિત કરી નથી શકતી. મારૂં મન આમ તેમ બધે જ ભટકવાનું શરૂ કરી દે છે. તો મારે શું કરવું?

દાદાજી : એની જરાયે ચિંતા ન કરવી, આવું તો મોટાઓ ધ્યાન કરે ત્યારે પણ થાય જ છે. મનને વારંવાર કેન્દ્રિત કરવાનો સતત પ્રયત્ન કરતા જ રહેવું. થોડા અભ્યાસ બાદ તુ તારા મનને ન કેવળ ઈશ્વર પર જ પણ તારા શાળાના વિષયો પર પણ સારી રીતે કેન્દ્રિત કરી શકશે. આ તને, સારા ગુણ મેળવવામાં પણ સહાય કરશે. તુ તારા ઈષ્ટદેવની ફળ-ફૂલ ધરાવીને પ્રેમપૂર્વક પૂજાકરીને પણ ઈશ્વરને પ્રસન્ન કરી શકે. જ્યારે પણ તુ અભ્યાસ શરૂ કરે ત્યારે વિદ્યાના દેવ દેવીઓ જેવા કે, ગણેશ, હનુમાન અને સરસ્વતીને યાદ કરવાનું પણ ચૂકતી નહીં. તે સાથે જ કદી સ્વાર્થી ન બનવું, સખત મહેનત કરવી, ખરાબ પરિણામ

આવે તો પણ જરાએ દુઃખી થયા વિના સ્વીકારી લેવું. તારી નિષ્ફળતાઓમાંથી પણ કાંઈક શીખવાનું રાખવું. કદી પ્રયત્નો છોડવા નહી અને પોતાને સુધારતા જવું. એવા જ ગુણો અને ટેવો કેળવવા.

આભા : દાદાજી, મારે શું આટલું જ કરવાનું છે? શ્રીકૃષ્ણએ એ સીવાય બીજું કાંઈ પણ કહ્યું છે ખરૂં?

દાદાજી : તારે કેટલીક સારી ટેવો પણ કેળવવી જોઈએ જેવી કે, વડીલોની આજ્ઞા પાળવી અને અનુસરવી, જરૂરત મંદોને મદદ કરવી, કોઈને પણ ઈજા ન પહોંચાડવી, સૌની સાથે મિત્રભાવ રાખવો, દરેક સાથે નમ્રતા જાળવવી. તને જે મદદ કરે તેના તરફ અહોભાવ દાખવવો અને તારાથી જો કોઈને હાની કે ઈજા પહોંચે તો એની સાચા હૃદયથી માફી માંગવી, પછી તે તારાથી મોટા હોય કે નાના હોય તો પણ. જેઓ આ રીતે વર્તે છે. તેમને ઈશ્વર ચાહે પણ છે અને મદદ

પણ કરે છે. આવા લોકો જ ભક્ત તરીકે ઓળખાય છે. (ગીતા ૧૨- ૧૩ થી ૧૯) જો આમાની કોઈપણ ટેવ તેં નથી કેળવી તો તેમને કેળવવા સખત મહેનત કર. (ગીતા ૧૨-૨૦)

આભા : શું એક બાળક માટે ભક્ત બનવું શક્ય છે ખરૂં?

દાદાજી : મેં તને ધૃવની કથા તો કરી જ છે એ એક સાચો ભક્ત હતો. હવે હું તને એવા જ બીજા બાળ ભક્ત પ્રહલાદની કથા કરીશ.

## ૧૫. ભક્ત પ્રહલાદ

હિરણ્યકશ્યપુ રાક્ષસોનો રાજા હતો. એણે ઘોર તપસ્યા કરી, બ્રહ્માને પ્રસન્ન કર્યા અને એમની પાસેથી વરદાન મેળવ્યું કે કોઈપણ માનવી કે કોઈપણ પ્રાણી મને મારી શકશે નહીં, આ વરદાનને કારણે એ ખુબ જ ઘમંડી બની ગયો અને એણે ત્રણે લોકમાં અત્યાચાર કરવા માંડયો, એનુ કહેવું એ હતું કે

આ વિશ્વમાં એના સીવાય અન્ય કોઈ દેવ છે જ નહીં માટે સૌએ એની જ પુજા કરવી જોઈએ.

એનો પ્રહ્લાદ્ નામે એક પુત્ર હતો, એ ખૂબજ ધાર્મિક વૃત્તિ વાળો બાળક હતો અને હંમેશાં ભગવાન વિષ્ણુની જ પુજા કરતો. એ કારણે એના પિતાને ખુબ ગુસ્સો આવ્યો, એ એના પુત્રના મનમાંથી ભગવાન વિષ્ણુના ખ્યાલને કાઢવા માંગતો હતો, એટલે એણે એને એક કડક ગુરૂ પાસે, વિષ્ણુની પુજા છોડાવી માત્ર હિરણ્યકશ્યપુની પુજા કરે, એવું, શીખવવા મોકલી આપ્યો.

પ્રહ્લાદે માત્ર ગુરુને સાંભળવાની ના જ નહીં પાડે પરંતુ તે ઉપરાંત એના અન્ય સાથીઓને પણ વિષ્ણુની પુજા કરવાનું શીખવ્યું. ગુરૂ આ વાતથી ખૂબ ગુસ્સે ભરાયા અને એમણે હિરણ્યકશ્યપુને એની ફરીયાદ કરી. રાજાએ

ક્રોધિત થઈપ્રહ્લાદને ખૂબ ધમકાવ્યો અને કહ્યું. ‘‘મેં સાંભળ્યું છે કે તુ વિષ્ણુની જ પુજા કરે છે?''

પ્રહ્લાદે ધ્રુજતા ધ્રુજતા નરમાશથી કહ્યું, ‘‘ખરી વાત છે, પિતાજી?''

‘‘મને વચન આપ કે હવે પછી તું એવું નહીં કરે.'' રાજાએ કહ્યું.

‘‘હું તમને એવું કોઈ વચન આપી નહીં શકું'' પ્રહ્લાદે તરત જ જવાબ આપ્યો.

‘‘તો હું તારો વધ કરાવીશ.'' રાજા બરાડયો.

‘‘જ્યાં સુધી વિષ્ણુની ઈચ્છા ન હોય ત્યાં સુધી એ શક્ય નથી'' પ્રહ્લાદે ઉત્તર આપ્યો.

રાજાએ પ્રહ્લાદનું વલણ બદલવા બધી જાતના પ્રયત્નો કરી જોયા પણ તે સફળ ન જ થયો.

ત્યારબાદ એણે એના સેવકોને હુકમ આપ્યો કે તેઓ પ્રહ્લાદને દરિયામાં ફેંકી દે. એને આશા હતી કે પ્રહ્લાદ ડરીને વિષ્ણુને ભજવાનું ભુલી જશે. પરંતુ પ્રહ્લાદ તો પોતાની વાત પર જ અડગ રહ્યો અને વિષ્ણુની પ્રેમ અને ભક્તિપૂર્વક પૂજા કરતો રહ્યો. રાજાના સેવકોએ એને ભારી ભરકમ પત્થર સાથે બાંધીને દરિયામાં ફેંકી દીધો. પ્રભુની કૃપાથી પત્થર દૂર જઈ પડયો અને પ્રહ્લાદ તરતો તરતો સફળતા પૂર્વક કિનારે પહોંચ્યો. એણે કિનારા પર ભગવાન વિષ્ણુને ઉભેલા જોયા તો એને ખૂબ જ આશ્ચર્ય થયું.

એના તરફ જોઈ વિષ્ણુ હસ્યા અને કહ્યું, ‘‘તારે જે કાંઈપણ જોઈતું હોય તે મારી પાસે માંગ."

પ્રહ્લાદે જવાબ આપ્યો, “મારે રાજ્ય, સંપત્તિ, સ્વર્ગકે લાંબુ જીવન એમાનું કશું જ જોઈતું નથી. હું હંમેશાં તમારી જ પૂજા કરતો રહું તમને જ પ્રેમ કરતો રહું અને મારું મન કદી તમારાથી દૂર જ ન થાય એવી શક્તિ આપો."

ભગવાન વિષ્ણુએ કહ્યું “તથાસ્તુ, એવું જ થશે."

પ્રહ્લાદ જ્યારે ફરી મહેલે પહોંચ્યો, ત્યારે રાજા, એને જીવતો જોઈ, આશ્ચર્યચકિત થઈ ગયો.

“તને બહાર કોણે કાઢયો?" એણે પુછ્યું.

“ભગવાન વિષ્ણુ એ." બાળકે ખૂબ જ સહજતાથી જણાવ્યું.

“તુ મારી સામે એનું નામ ન લઈશ." રાજા બરાડયો. “એ તારો ભગવાન વિષ્ણુ છે ક્યાં? ચાલ મને બતાવ."

“એ તો બધે જ છે." બાળકે ઉત્તર આપ્યો.

“શું આ થાંભલામાં પણ એ છે?" રાજાએ પુછ્યું.

“હા, આ થાંભલામાં પણ એ છે જ!" પ્રહલાદે ખૂબ જ વિશ્વાસથી અને દૃઢતાપૂર્વક જવાબ આપ્યો.

“તો એને એ ઈચ્છે તે સ્વરૂપે મારી સામે પ્રગટ થવા કહે." હિરણ્યકશ્યપુએ ગુસ્સાથી કહ્યું અને એણે એની તલવારથી એ થાંભલાને તોડી નાખ્યો.

એ થાંભલાના તૂટવા સાથે જ એમાંથી એક મહા ભયાનક જીવ બહાર કૂદીને આવ્યો, જે અડધો માનવ અને અડધા સિંહ સ્વરૂપે

હતો, એનું નામ જ નરસિંહ હતું. હિરણ્ય કશ્યપુ એની સામે નિઃસહાય થઈ ઉભો રહ્યો, એ ડરી ગયો હતો અને એણે મદદ માટે બૂમો પાડવા માંડી. પરંતુ કોઈ આવ્યું નહીં.

જોત જોતામાં તો નરસિંહ એક ઉંબર પર ઉભા રહી હિરણ્યકશ્યપુને ઉંચકી લીધો અને એના ઘુંટણો પર મુકી ને હાથના નખ વડે
ચીરી નાખ્યો. અને એ રીતે હિરણ્યકશ્યપુનો અંત આવ્યો.

ભગવાને પ્રહલાદને પોતા પ્રત્યે ઉંડા શ્રદ્ધા રાખવા બદ્દલ આશિર્વાદ આપ્યા. હિરણ્ય કશ્યપુના મૃત્યુ બાદ, બધા જ રાક્ષસોનો નાશ કરાયો, અને દેવોએ ફરી આ જગત પર પોતાનું શાસન સ્થાપ્યું. આજ દિવસ સુધી બાળક પ્રહલાદનું નામ ભગવાનના મહાન ભક્તોમાં ગણાય છે.

અધ્યાય ૧૨ - સાર :

ભગવાનને, પ્રેમ અને ભક્તિને માર્ગે, મેળવવા એ સૌથી સરળ રીત છે. આ માર્ગે જનાર રોજ નિયમિત પોતાના ઈષ્ટદેવની, ફળ અને પુષ્પોથી પૂજા કરે છે. અને પ્રભુની કિર્તિના ભજનો ગાય છે, અને કેટલીક સારી ટેવોને અનુસરે છે.

# અધ્યાય – ૧૩ ક્ષેત્ર - ક્ષેત્રજ્ઞ વિભાગ યોગ

આભા : દાદાજી, હું ખાઈ શકું છું અને ઉંઘી શકું છું, વિચારી શકું છું અને વાત કરી શકું છું, ચાલી શકું છું, દોડી શકું છું, કામ કરી શકું છું અને અભ્યાસ પણ કરી શકું છું. પરંતુ મારું આ શરીર આ બધું કરવાનું કેવી રીતે જાણે છે?

દાદાજી : આ આખું વિશ્વ, સૃષ્ટિ કે બ્રહ્માંડ, જેમાં આપણું આ શરીર પણ આવી જાય છે. એ બધું જ પાંચ મૂળભૂત તત્ત્વોનું બનેલું છે. આ તત્ત્વો છે : પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ અર્થાત એક અદૃશ્ય તત્ત્વ. આપણે દશ ઈન્દ્રિયો અને ૧૧મું મન ધરાવીએ છીએ. જેમાં પાંચ જ્ઞાનોન્દ્રિયો : નાક, જીભ, આંખ, ત્વચા અને કાન, તથા પાંચ કર્મેન્દ્રિયો. મોઢું, હાથ, પગ, ગુદા અને જનેનન્દ્રિયો આવે છે. આપણે નાકથી સુંઘીએ છીએ, જીભથી સ્વાદ લઈએ છીએ, આંખોથી

જોઈએ છીએ, ત્વચાથી સ્પર્શ અનુભવીએ છીએ અને કાનોથી સાંભળીએ છીએ. આપણે આ ઉપરાંત લાગણીઓ ધરાવીએ છીએ જે દ્વારા દુઃખ અને સુખ અનુભવીએ છીએ. આ સઘળું આપણાં શરીરને કાર્ય કરવા માટેનું આવશ્યક એવું બધું જ એ આપે છે. (ગીતા ૧૩ : ૦૫-૦૬) એ શરીરને કામ કરવા માટેની શક્તિ પુરી પાડે છે. એને આપણે પ્રાણને નામે પણ ઓળખીએ છીએ. જ્યારે આ પ્રાણ શરીરને છોડીને ચાલ્યો જાય ત્યારે આપણે મૃત્યુ પામીએ છીએ.

આભા : તમે કહ્યું કે ઈશ્વર જ આ સૃષ્ટિનો સર્જક છે. આપણે એવું કઈ રીતે જાણીએ કે કોઈ ઈશ્વર કે સર્જક હોય છે?

દાદાજી : દરેક સર્જન પાછળ કોઈક તો સર્જક તો હોય જ ને, અને તો જ એ અસ્તિત્વમાં આવે, ખરું કે નહીં? કોઈકે અથવા તો કોઈ શક્તિ એ જ આ સૂર્ય,

પૃથ્વી, ચંદ્ર, તારાઓ ઈત્યાદી બનાવ્યા હશે, આપણે એને ઈશ્વર કે સર્જક તરીકે ઓળખીએ છીએ.

આભા : જો દરેક વસ્તુનો કોઈ સર્જક હોય જેને આપણે ઈશ્વર કહીએ, તો એ ઈશ્વરને કોણે બનાવ્યો?

દાદાજી : આ એક સરસ પ્રશ્ન છે, આભા, પરંતુ એનો કોઈ જવાબ નથી. ઈશ્વર સદાથી અસ્તિત્વમાં છે અને હમેશાં રહેશે. એને અનાદિ અને અનંત કહેવાય છે. આ ઈશ્વર જ દરેકનો સ્રોત છે આધાર છે, પરંતુ એ ઈશ્વરનો કોઈ સ્રોત જણાતો નથી !

આભા : તો પછી આ ઈશ્વર છે કેવો, દાદાજી? શું તમે એને વર્ણવી શકો ખરા?

દાદાજી : ઈશ્વરને પ્રત્યક્ષ રીતે વર્ણવવો અશક્ય છે. એનું વર્ણન માત્ર એના ગુણોની કથાઓથી કે એ શું નથી તે દર્શાવીને જ કરી શકાય, અન્ય કોઈ વાતોથી

એ થઈ શકે નહીં. એના હાથો, પગો, આંખો, માથાં અને કાન સર્વત્ર પ્રસરેલા છે. એ કોઈપણ જાતના આપણાં જેવા ભૌતિક અંગો વિના જ જોઈ, અનુભવી અને માણી શકે છે. એને આપણાં જેવું શરીર નથી, એના શરીર અને ઈન્દ્રિયો અનેરા જ છે. એ પગ વિના ચાલી શકે છે, કાનો વિના સાંભળી શકે છે, બધું જ કામ હાથો વિના કરી શકે છે, નાક વિના સુંઘી શકે છે, આંખો વિના જોઈ શકે છે, મોં વિના બોલી શકે છે અને જીભ વિના ચાખી શકે છે. એના બધાજ કાર્યો અદ્‌ભૂત હોય છે. એની મહાનતા કોઈપણ પ્રકારના વર્ણનથી બહારની છે. ઈશ્વરની હાજરી સર્વત્ર અને સર્વકાળે છે, તેથી જ એ આપણાં ખૂબજ નજીક છે. (આપણાં હૃદયમાં જ રહે છે.) અને દૂર દૂર એના ધામમાં પણવસેલો છે. એ સર્જનહાર છે (બ્રહ્મા). એ પાલનકર્તા છે (વિષ્ણુ) અને એજ સંહારનાર પણ છે (શિવ), ત્રણે એકમાં જ છે (ગીતા ૧૩ : ૧૩-૧૬)

કોઈ પણ જીવ ઈશ્વરનું વર્ણન કેમ નથી કરી શકતો તેના કારણને સૌથી ઉત્તમ રીતે જાણવું હોય તો મીઠાંની પૂતળીની કથા જાણવી જોઈએ.

## ૧૬. મીઠાંની પૂતળી :

એક વાર એક મીઠાંની પૂતળીના મનમાં આવ્યું કે આ સામે દેખાતો સમુદ્ર કેટલો ઉંડો છે તે જાણવું જોઈએ જેથી એ સૌને જણાવી શકે એ તો ઉપડી અને એણે મોટાં મોટા જ્ઞાનીઓનો સંપર્ક કર્યો, પણ એને કોઈ પાસેથી સંતોષકારક જવાબ ન મળ્યો. આખરે એણે જાતે જ ડૂબકી મારીને જાણી લાવવાનો નિશ્ચય કર્યો. એ તો મારા ભાઈ, ઉપડી અને દરિયે પહોંચી ડૂબકી લગાવી પરંતુ થયું એવું કે એ તે દરિયામાં જ ઓગળી ગઈ અને લોકોને જણાવવા પાછી ફરી જ નહીં. આવું જ અશક્ય છે કોઈપણ જીવ માટે ઈશ્વરનું

વર્ણન કરવું. જે એને સાચા હૃદયથી શોધવા જાય છે તે પાછો ફરતો નથી, અને એનામાં જ સમાઈ જાય છે. એની ગૂઢ વાસ્તવિકતામાં ઓગળી જાય છે.

આપણે બ્રહ્મને વર્ણવી ન શકીએ. સમાધીમાં આપણે એને અનુભવી શકીએ પરંતુ સાચી સમાધીમાં જતાંની સાથે જ આપણાં મન, બુદ્ધિ ઈ. કામ કરતાં જ નથી. બધું શાંત થઈ જાય છે. જે બ્રહ્મને જાણે તે સ્વયં જ બ્રહ્મ બની જાય છે. (ગીતા - ૧૮.૫૫) અને મૌન થઈ જાય છે, જે રીતે મીઠાંની પૂતળી સમુદ્રમાં ઓગળી ગઈ અને પોતાની કથા કહેવા પાછી ફરી જ ન શકી. જે લોકો ઈશ્વર કે બ્રહ્મને વર્ણવે છે એની વાતો કરે છે એને જોયા જાણ્યાના દાવા કરે છે એમને સાચો અનુભવ હોતો જ નથી. અને આ રીતે બ્રહ્મને કેવળ અનુભવી જ શકાય-વર્ણવી ન જ શકાય.

આભા : તો પછી આપણે ઈશ્વરને જાણી અને સમજી કેવી રીતે શકીએ?

દાદાજી : તમે તમારી બુદ્ધિ અને મનના ઉપયોગથી ઈશ્વરને ન જ જાણી કો. એને કેવળ માન્યતા અને શ્રદ્ધાથી જ જાણી શકાય એને આત્મજ્ઞાનથી પણ જાણી શકાય. કેવળ આ એક માત્ર ઈશ્વર જ દરેક જીવના શરીરમાં આત્મા કે પ્રાણ તરીકે વસે છે અને સૌનો આધાર બને છે. તેથી જ આપણે કોઈપણ જીવને હાનિ પહોંચાડવી ન જોઈએ અને બધાને એક સમાન ગણીને જ ચાલવું જોઈએ. (ગીતા : ૧૩-૨૮) કોઈને પણ ઈજા પહોંચાડવી એ તમારા પોતાના આત્માને જ દુઃખ આપવા જેવું છે. આપણાં શરીરમાંનો આત્મા જ આપણે માટે દરેક વાતનો સાક્ષી, માર્ગદર્શક, આધાર, માણીગર અને નિયંત્રક છે. (ગીતા : ૧૩-૨૨)

આભા : એક સર્જક અને તેના સર્જન વચ્ચે શો તફાવત છે?

દાદાજી : અદ્વૈતવાદની દૃષ્ટિથી એ બે વચ્ચે કોઈ ફરક છે જ નહીં. તે બન્ને એક જ છે. સર્જક અને સર્જન વચ્ચે નો ફરક સૂર્ય અને તેના કિરણ વચ્ચેના ફરક

જેવો જ છે. જેમને આત્મજ્ઞાન થયું છે તેમને સર્જક અને સર્જન વચ્ચેનો તફાવત સમજાઈ જાય છે. અને તેઓ સાક્ષાત્કાર મેળવનાર બને છે. (ગીતા : ૧૩-૩૪) આ સમગ્ર સૃષ્ટિ એનું જ વિસ્તરણ છે, અને આ બધું કેવળ એ સ્વયં જ છે. ઈશ્વર જ બન્ને છે સર્જક અને સર્જન, પાલક અને પ્રજા, સંહારક અને એને તેનો શિકાર. એ આપણી અંદર પણ છે અને આપણી ચોપાસ પણ, એ આપણી નજીક છે આપણાથી દૂર પણ અને એ સર્વત્ર વિદ્યમાન છે.

જો તમારા પર ઈશ્વરના આશિર્વાદ વરસે તો એ તમને જણાવશે કે તમે વાસ્તવમાં કોણ છો અને તમારી સાચી પ્રકૃતિ શું છે.

આ એક કથા છે જે આપણને સમજાવે છે કે પરમાત્મા કેવી રીતે એક વ્યક્તિગત આભા (જીવ) બનીને પોતાની ખરી પ્રકૃતિ ભૂલી શકે છે અને

ત્યારબાદ એ પોતાની સાચી પ્રકૃતિ જાણવાના પ્રયત્નો કેવી રીતે કરે છે. (ગીતા : ૧૩.૨૧)

## ૧૭. શાકાહારી વાઘ :

એક વાર એક ગર્ભવતિ વાઘણે એક ઘેટાંઓના ટોળાં પર હુમલો કર્યો. એ અશક્ત અને નબળી જ હતી. જેવી એ એના શીકાર
પર કુદી તેવો જ એને પ્રસવ થયો અને એક બચ્ચાને જન્મ આપી તરત જ મરી ગઈ. પેલું વાઘનું બચ્ચું ઘેટાંઓ સાથે જ ઉછરવા લાગ્યું. ઘેટાં ઘાસ ખાતા એટલે એણે પણ ઘાસ ખાવાનું શીખી લીધું. એટલું જ નહીં એણે અવાજ પણ ઘેટાં જેવો જ કરવા માંડયો. ધીમે ધીમે એ એક વિશાળકાય વાઘ બની ગયો. એક દિવસ અન્ય એક વાઘે એ ટોળાં પર હુમલો કર્યો. એ વાઘે જ્યારે ટોળામાં આ ઘાસ

ખાતા વાઘને જોયો તો એને ખૂબ જ આશ્ચર્ય થયું. એણે દોડીને એ વાઘને પકડયો તો એ ઘેટાં જેવા જ અવાજ કરવા લાગ્યો.

પેલો જંગલી વાઘ એને ખેંચીને નદી કિનારે લઈ ગયો અને કહ્યું : ‘‘આ પાણીમાં તારી છબી જો, શું એ મારા જેવી જ નથી, આ... લે તને હું માંસનો ટૂકડો આપું છું, તે ખા.'' આટલું કહી એણે થોડું માંસ એના મોમાં મૂક્યું. પરંતુ એતો ફરી ઘેટાં જેવો જ અવાજ કરવા લાગ્યો. ધીમે ધીમે એને માંસ અને લોહીનો સ્વાદ ભાવ્યો અને તે એને ખાવા લાગ્યો.

ત્યારે પેલા જંગલી વાઘે એને કહ્યું, ‘‘જો હવે આપણી વચ્ચે કશો ફરજ રહ્યો નથી. મારી પાછળ પાછળ આવ હું તને જંગલમાં લઈ જાઉં.''

આપણે સૌ એવું માની બેઠા છીએ કે આપણે, સમય અને કાળના બંધનોમાં બંધાએલું આ શરીર માત્ર છીએ. વાસ્તવમાં આપણે આ શરીર નથી.

આપણે તો આ શરીરમાં રહેતો શક્તિશાળી આત્મા છીએ. અને આપણે એ જ્ઞાન એટલે કે સાચા અર્થમાં આત્મજ્ઞાનને મેળવવાનું છે.

અધ્યાય - ૧૩ નો સાર :

આપણું શરીર એ બ્રહ્માંડનું જ નાનું સ્વરૂપ છે. એને પિંડ પણ કહેવાય છે અને જે બ્રહ્માંડમાં છે તે જ આપણાં પિંડમાં પણ છે. એ પાંચ મૂળભૂત તત્ત્વોનું બનેલું છે, અને એનું સંચાલન પરમાત્મા ના અંશરૂપ આત્મા કરે છે. કોઈપણ સર્જન માટે એક સર્જક અને એક સર્જનાત્મક શક્તિ આવશ્યક છે. એ શક્તિને અથવા સત્તાને આપણે જુદા જુદા નામોથી ઓળખીએ છીએ. જેમકે શ્રીકૃષ્ણ, શિવ, માં, પિતા, ઈશ્વર, અલ્લા, ગોડ જેહોવા ઈ. આ ઈશ્વરને માનવ મનથી જોઈ, જાણી, વર્ણવી કે સમજી શકાય નહીં. સર્જક પોતે જ પોતાનું સર્જન બને છે જે રીતે કપાસમાંથી એનો તાંતણો અને વસ્ત્ર બનેલું હોય છે.

# અધ્યાય – ૧૪ ગુણત્રય વિભાગ યોગ

આભા : દાદાજી, કેટલીક વાર મારામાં આળસ આવી જાય છે, મને કામ કરવાનું મન જ નથી થતું, તો કેટલીક વાર હું તરવરાટ અનુભવું છું? આવું કેવી રીતે થતું હશે?

દાદાજી : આપણે સૌ કોઈ પણ કાર્ય કરવા માટે જુદી જુદી અવસ્થાઓ માંથી પસાર થતા હોઈએ છીએ. આ અવસ્થાઓ જેને ગુણ પણ કહેવાય છે તે ત્રણ પ્રકારની હોય છે. જેમાં પહેલી છે સત્વગુણની અવસ્થા જે સારાપણાની અને ઉત્તમ અવસ્થા હોય છે. બીજી છે, રજસ કે રજો ગુણની અવસ્થા જે ઉત્કંઠા ભરી અવસ્થા હોય છે અને ત્રીજી છે તમસ કે તમો ગુણની અવસ્થા જે આજ્ઞાનની કે ખરાબ અવસ્થા છે. આપણે આપણાં આ ગુણો કે અવસ્થાને અનુરૂપ વર્તન કરીએ

છીએ. આપણામાં આ ગુણો સંતુલીત રીતે નથી રહેતા કોઈક વાર એક ગુણ અન્ય બે ગુણોથી વિશેષ હોય છે અને તેનું પ્રાધાન્ય રહેલું હોય છે.

સત્ત્વ ગુણ તમને શાંત અને સુખમય રાખે છે. જ્યારે આ ગુણ સર્વોપરી હોય ત્યારે વ્યક્તિ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, એ કોઈને હાનિ નથી પહોંચાડતો અને પ્રમાણિકતાથી કામ કરતો રહે છે. જ્યારે તમારામાં રજોગુણનું પ્રાધાન્ય હોય છે ત્યારે તમે ધન અને સત્તા માટે લોભી બનો છો. તમે ભૌતિક સુખો ભોગવવાના ધ્યેય થી જ કામ કરો છો અને તમારી સ્વાર્થ વૃત્તિને સંતોષવા કાંઈપણ કરવા તૈયાર થઈ જાઓ છો. જ્યારે તમારામાં તમોગુણ વિશેષ હોય છે - જ્યારે એક પ્રકારનું અજ્ઞાન કે અંધકાર તમારો કબ્જો લે છે, ત્યારે તમારી સાચા અને ખોટા અંગેની ઓળખ ચાલી જાય છે, અને તમે ગુનાહિત પ્રવૃત્તિઓ કરવા લાગો છો. આળસ તમારા પર હાવી થઈ જાય છે. તમે અક્કલ વગરના

અને બેકાળજી ભર્યા કામો કરો છો. તમને આધ્યાત્મિક જ્ઞાનમાં સહેજ રૂચી થતી નથી (ગીતા : ૧૪ : ૦૫-૦૯)

આભા : શું પ્રકૃતિના આ ત્રણ ગુણોનું આપણાં પર નિયંત્રણ હોય છે : દાદાજી? કે પછી આપણે જે કાંઈ કરીએ તેના પર આપણું જ નિયંત્રણ હોય છે?

દાદાજી : વાસ્તવમાં તો આ ત્રણ ગુણો જ છે જે આપણી પાસે બધા જ કર્મો કરાવેછે. (ગીતા - ૩.૨૭) જ્યારે આપણે સતોગુણના પ્રભાવમાં હોઈએ ત્યારે આપણે સત્કર્મો જ કરીએ છીએ; રજો ગુણના પ્રભાવથી આપણું વર્તન સ્વાર્થી થઈ જાય છે અને કેવળ પોતાના લાભમાં હોય તેવા જ કાર્યો કરીએ છીએ, તમો ગુણના પ્રભાવ હેઠળ આપણે આળસુ બનીએ છીએ અને દુષ્કર્મો જ કરીએ છીએ. (ગીતાઃ૧૪ : ૧૧-૧૩) સાચા અર્થમાં તો આપણે આ ત્રણે ગુણોથી ઉપર ઉઠવું જોઈએ કારણ કે નિર્વાણ કે મુક્તિનો એ જ માર્ગ છે. (ગીતાઃ૧૪.૨૦)

આભા : જ્યારે આપણે આ ત્રણે ગુણોથી ઉપર ઉઠીએ ત્યારે કેવું વર્તન કરીએ છીએ?

દાદાજી : આપણે જ્યારે આ ત્રણે ગુણોથી પર થઈ જઈએ ત્યારે આપણાં પર સુખ અને દુઃખ એકે ની કોઈ અસર થતી નથી. સફળતા અને નિષ્ફળતા આપણે માટે સમાન જ હોય છે, અને આપણે બધાને સ્વયંની જેમ જ જોઈએ છીએ. આવી વ્યક્તિ ઈશ્વર સીવાય કોઈના પર આધાર રાખતી નથી.

આભા : આ ત્રણ ગુણોથી મુક્ત થવું અને એમને ઓળંગી આગળ જવું ખુબ જ મુશ્કેલ હશે નહીં? દાદાજી હું આ ત્રણ ગુણોથી ઉપર કેવી રીતે ઉઠી શકું?

દાદાજી : આ ત્રણ ગુણોથી પર થવું સહેલું તો નથી જ, પરંતુ થોડા પ્રયત્નો કરીને એ થઈ જરૂર શકે છે. તમે જો અજ્ઞાનના અંધકારમાં અટવાઈ રહ્યા છો તો તમારે સૌ પ્રથમ તો આળસને છોડવું જોઈએ, તમારે જે કાંઈ કરવાનું છે તેને

ટાળવાથી બચવું જોઈએ અને અન્યોને મદદરૂપ થવાનું શરૂ કરવું જોઈએ. આટલું કરશો એટલે તમે એક સદ્‌માર્ગે વળશો. તમે ખૂબ જ ઉત્કંઠા સભર છો. ખૂબ જ ઉત્તેજીત રહો છો, તો તમારે તમારી સ્વાર્થવૃત્તિઓ અને લોભને છોડીને અન્યોને સહાય કરવી જોઈએ જે તમને સદ્‌માર્ગ પર ચાલવામાં મદદ કરશે. એકવાર તમને સાચો રાહ મળી જશે એટલે પ્રભુ પ્રત્યે ભક્તિ કેળવીને તમે ત્રણે ગુણોથી ઉપર ઉઠવામાં સફળ થશો. શ્રીકૃષ્ણે કહ્યું છે કેઃ જે મને પ્રેમ અને ભક્તિથી પૂજે છે તે ત્રણ ગુણોથી ઉપર ઉઠીને મારા સાક્ષાત્કાર માટેની યોગ્યતા પ્રાપ્ત કરે છે. (ગીતા ૧૪-૨૬)

આ કથા ત્રણ ગુણોની પ્રકૃતિ અંગે સમજાવે છે :

## ૧૮. ત્રણ લૂંટારા.

એક વાર એક મુસાફર જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એને ત્રણ લૂંટારાઓએ પકડીને લૂંટી લીધો. ત્યારબાદ તેમાના એક લૂંટારાએ કહ્યું, “આને હવે જીવતો રાખવાનો કાંઈ અર્થ છે ખરો?" એ એને તલવારથી મારવા જતો જ હતો ત્યાં બીજા લૂંટારાએ એને રોક્યો અને કહ્યું : “એને મારીને શું ફાયદો થશે? એને આ ઝાડ સાથે બાંધી અહીં જ છોડી દો."

લૂંટારાઅઓ એને ઝાડ સાથે બાંધીને ચાલ્યા ગયા.

થોડા સમય પછી ત્રીજો લૂંટારો પાછો ફર્યો અને મુસાફરને ઝાડથી છોડીને એણેકહ્યું, “મારી સાથે ચાલ હું તને જાહેર માર્ગ પર મૂકી દઉં."

ખૂબ લાંબો માર્ગ કાપ્યા બાદ તેઓ જાહેર માર્ગે પહોંચ્યા.

ત્યારે મુસાફરે કહ્યું, “ભાઈ તેં મારા પર ખૂબ જ ઉપકાર કર્યો છે, ચાલ હું તને મારે ઘરે લઈ જાઉં."

“અરે નહીં!" લૂંટારાએ જવાબ આપ્યો, “હું ત્યાં ન આવી શકું, સૈનિકોને ખબર પડી જશે."

એ જંગલ તે આપણો સંસાર છે. ત્રણ લૂંટારા તે ત્રણ ગુણો છે : સત્વ, રજસ અને તમસ અર્થાત સદ્ગુણો, ઉત્તેજનાઓ, અને આળસ. આ ત્રણે જ છે જે આપણાં આત્મજ્ઞાનને છીનવી લે છે. આળસ આપણો નાશ કરવા માંગે છે, ઉત્તેજનાઓ, ઈચ્છાઓ આપણાં ગમા-અણગમા અને રાગ દ્વેષ આપણને આ સંસાર સાથે બાંધી રાખવા માંગે છે. અને સદ્ગુણો આપણને આપણાં આળસ અને ઉત્તેજનાઓમાંથી છોડાવે છે. આજ સદ્ગુણોની છત્રછાયા નીચે આપણે ક્રોધ,

મોહ, લોભ અને આળસથી બચીએ છીએ. સદ્‌ગુણો આ સંસારના બંધોને પણ ઢીલા કરવામાં મદદરૂપ થાય છે. પરંતુ આ સદ્‌ગુણો પણ આપણને લૂંટે તો છે જ. એ આપણને ઈશ્વર વિશેનું શુદ્ધ જ્ઞાન નથી અપાવી શકતા. એ કેવળ પ્રભુના ધામનો માર્ગ ચીંધી શકે છે. આપણે આ ત્રણે ગુણોથી મુક્ત થઈને જ પ્રભુ માટેના પ્રેમને પામી શકીએ છીએ.

અધ્યાય ૧૪ નો સાર :

આ પ્રકૃતિએપોતાનું કાર્ય સિદ્ધ કરવા આપણને એના આ ત્રણ ગુણો પ્રદાન કરે છે - આપે છે. આપણે કોઈપણ રીતે કર્તા નથી - ભોગવનારા નથી, પરંતુ આપણને મન આપી કાંઈપણ કરવાની છૂટ આપી છે, સાચું કે ખોટું બન્ને કરવાની સ્વતંત્રતા છે. જે આપણાં કર્મો નક્કી કરે છે અને તેના ફળ ભોગવવા

પણ બાધ્ય કરે છે. તમે જો પ્રમાણિક પણે પ્રયત્નો કરી, પ્રભુ ભક્તી અને એમની કૃપા મેળવી આ ત્રણે ગુણોની અસરથી મુક્ત થઈ શકો છો.

## અધ્યાય – ૧૫ પુરુષોત્તમ યોગ

આભા : દાદાજી, હું આ બ્રહ્મા, પરમાત્મા, આત્મા, દેવી-દેવતાઓ અને જીવ વચ્ચેનો ફરક બરાબર સમજી નથી - મને ગૂંચવણ થઈ રહી છે. શું તમે ફરી વાર એ અંગે મને સમજાવી શકશો?

દાદાજી : અવશ્ય, આભા, આ બધા એવા શબ્દો છે જે તારે સારી રીતે સમજી લેવા જોઈએ.

પરમાત્માને આપણે પરમેશ્વર, પરમ પુરુષ, પિતા, માં, ઈશ્વર, ગોડ, અલ્લા, શિવ, કૃષ્ણ, બ્રહ્મ ઈ. અનેક નામોથી ઓળખીએ છીએ. બ્રહ્મ પરમાત્મા જ, દરેકનો સ્રોત અને આધાર છે. એનાંથી ઉપર બીજું કાંઈ નથી.

આત્મા એ પરમાત્માનો જ અંશ છે. એ જ વિસ્તરીને આખી સૃષ્ટિ બને છે અને તેનો આધાર પણ.

દેવ-દેવીઓ જેવા કે વિષ્ણુ, બ્રહ્મા, શંકર અને એવા અસંખ્ય નામો બ્રહ્મનું જ વિસ્તરણ છે - એના જ વિવિધ રૂપો અને શક્તિઓ છે.

વ્યક્તિગત આત્મા કે જીવ, જેવા કે આપણે સૌ માનવ, પ્રાણીઓ અને અન્ય વસ્તુઓ સઘળા દેવ દેવીઓનું જ વિસ્તરણ છે.

પરમાત્મા અને આત્મા કદી બદલાતો નથી એ અનાદી અને અનંત છે. સદાકાળ માટે છે. દેવ-દેવીઓ આ પરમાત્મામાંથી જ આવે છે અને એમનું આયુષ્ય ખુબ જ લાંબુ હોય છે. જીવનું આયુષ્ય ટૂંકું અને મર્યાદિત હોય છે.

આપણે આ સૃષ્ટિની સરખામણી એક વૃક્ષ સાથે કરીએ તો પરમાત્મા શ્રીકૃષ્ણ આ વૃક્ષનું મૂળ છે. બ્રહ્મ કે આત્મા એનું થળ છે. એનામાં અનેક વિશ્વો એ એની ડાળીઓ છે. શાસ્ત્રો જેવા કે વેદ, ઉપનીષદ અને ગીતા તેમજ ધમ્મપદ, તોરા, બાઈબલ, કુરાન ઈ. એ એના પાંદડાં છે, વ્યક્તિગત જીવો, પશુ, પ્રાણીઓ, જીવ જંતુઓ ઈ. એ એના ફળ અને પુષ્પો છે. હવે તને સમજાય છે ને કે આ બધું એકબીજા જોડે કેવી રીતે સંકળાએલું છે?

આભા : સૂર્ય, ચંદ્ર, તારાઓ અને ગ્રહો વિ. નું શું?

દાદાજી : આ સમગ્ર સૃષ્ટિ જેમાં સૂર્ય, ચંદ્ર, તારાઓ આ પૃથ્વી અને બધું જ બ્રહ્માએ બનાવ્યું છે, એની જાળવણી વિષ્ણુ કરે છે અને એના વિનાશનું કાર્ય મહેશ કરે છે. એટલે જરૂર યાદ રાખવું કે બ્રહ્મા વિષ્ણુ અને મહેશ એ બ્રહ્મની શક્તિના જ ભાગો છે. સૂર્યની પ્રકાશ અને ગરમી રૂપી શક્તિઓ બ્રહ્મની જ છે. અને એ બ્રહ્મ પણ પરમાત્મા શ્રીકૃષ્ણનો જ ભાગ છે. ઋષીઓ જણાવે છે કે આ બધું જ અન્ય કાંઈ નહીં પરંતુ પરમેશ્વર શ્રીકૃષ્ણનો જ અંશ છે. શ્રીકૃષ્ણ જ સૌની અદંર અને સૌની બહાર પણ છે. એ સ્વયં જ આ બધું છે. એ એક જ અનેક બન્યા છે. એ સ્વયં જરૂર પડે ત્યારે ધર્મની ફરી સ્થાપના માટે માનવ અવતાર લઈ પૃથ્વી પર આવે છે. (ગીતા ૪ : ૦૭-૦૮)

આશરે ૫૧૦૦ વર્ષ પૂર્વે પરમાત્મા સ્વંય શ્રીકૃષ્ણના અવતારે આ પૃથ્વી પર આવ્યા હતા.

## ૧૯. બાળકૃષ્ણની કથા.

બાળકૃષ્ણ સાથે એનો મોટોભાઈ બલરામ હતો. બન્ને ગોકુળમાં સાથે જ રમતા. કૃષ્ણને જન્મ આપનાર મા હતાં દેવકી અને એના પિતાનું નામ હતું વસુદેવ. એટલે કૃષ્ણ વાસુદેવ તરીકે પણ ઓળખાય છે. કૃષ્ણએ પોતાનું બાળપણ માં યશોદા સાથે જ વિતાવ્યું. કૃષ્ણ અને બલરામ બન્ને ગોકુળની ગોપીઓના માનીતા હતા. બલરામની માં હતી રોહિણી. યશોદા અને રોહિણી બન્ને બાળકોને ખૂબ જ ચાહતી, એમને ભાતભાતના રંગીન વસ્ત્રોથી સજાવતી.

કૃષ્ણને પીળા વસ્ત્રો અને માથે મોરમુકુંટ પહેરાવતી અને બલરામને ભુરા વસ્ત્રો. બન્ને ભાઈઓ આખો દિવસ ગોપ બાળોને મિત્ર બનાવી રમ્યા કરતા. ઘણુ ખરું તેઓ મુશ્કેલીઓને જ નોતરતા રહેતા!

એક દિવસ તેઓ બહાર ગોપબાળો સાથે કાદવમાં રમી રહ્યા હતા. એકબીજા પર કાદવ ઉડાડી ખૂબ જ ગંદા થયા હતા. રમતા રમતા એક ગોપબાળે જઈને યશોદાને ફરીયાદ કરી કે કૃષ્ણ માટી ખાઈ રહ્યો છે. યશોદા દોડીને આવી અને કૃષ્ણ પર ગુસ્સે થઈ. એણે ગામની ગોપીઓ પાસેથી એવી પણ ફરીયાદ સાંભળી હતી કે કૃષ્ણ તેમના ઘરમાંથી માખણની પણ ચોરી કરતો હતો.

એણે કૃષ્ણને પકડીને ગુસ્સાથી પૂછ્યું. "શું તે ખરેખર માટી ખાધી છે? મે તને કેટલીવાર કહ્યું કે, મોમાં ગમે તે મૂકવું નહીં!"

કૃષ્ણને યશોદા કોઈ શિક્ષા કરે તે ગમતું નહીં, એટલે એણે માતા યશોદાને રીઝવવાનું નક્કી કરી એક રમત કરી. એણે એનું મોઢું ખોલીને

યશોદાને બતાવ્યું અને કહ્યું, “જો માં મેં તો કશું જ ખાધું નથી આ ગોપ બાળો જુઠું બોલી મને હેરાન કરે છે."

યશોદાએ કૃષ્ણના મોં માં જોયું. ત્યાં તો એને આખા બ્રહ્માંડના દર્શન થયા - પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તારાઓ આકાશમાં તરતા દેખાયા - આ બધું એના મોમાં હતું. એને તરત જ ભાન થયું કે કૃષ્ણ તો ભગવાન વિષ્ણુના જ અવતાર છે અને એને પગે પડવા જતી હતી. પરંતુ બાળકૃષ્ણ એવું ઈચ્છતા નો'તા, એને તો કોઈ એક માં એના બાળકને ચાહે તેમ યશોદા એને ચાહે એટલું જ જોઈતું હતું. રાક્ષસોનો નાશ કરવા એ પૃથ્વી પર કોઈપણ રૂપે આવી શક્યા હોત પરંતુ એમણે તો એવા માતાપિતા જેમણે પ્રભુને બાળક તરીકે મેળવવા ઘણી તપસ્યા કરી હતી તેમને સંતોષવા હતા. બાળકૃષ્ણને તરત જ ભાન થયું કે એણે કરેલી રમત એ એક મોટી ભૂલ હતી!

તરત જ એણે પોતાની માયાથી યશોદા આ બધું જ ભુલી જાય એવી રમત રમી. અને બીજી જ ક્ષણે યશોદાએ જાણે સામાન્ય રીતે પોતાના પુત્રને ખોળામાં બેસાડયો હોય એવું એને લાગ્યું અને એ બ્રહ્માંડ દર્શનની વાત ભુલી જ ગઈ.

તને જ્યારે સમય મળે ત્યારે કૃષ્ણની ગોપીઓ સાથેની રમત અને એના ગોકુળ વૃંદાવનમાં કરેલા પરાક્રોની કથા તારે રસપૂર્વક વાંચવી જોઈએ.

ભગવાન આ પૃથ્વી પર સંત-મહાત્મા તરીકે પણ આપણાં અજ્ઞાનને દૂર કરવા અવતરે છે. આવા જ એક સંતની કથા આપણે હવે જોઈએ :

## ૨૦. શ્રી રામકૃષ્ણની કથા.

એકવાર ભગવાન પૃથ્વી પર રામકૃષ્ણના રૂપે અવતર્યા. તેઓ પશ્ચિમ બંગાળના કમરપુકુર નામના ગામે ૧૮ મી ફેબ્રુઆરી ૧૮૩૬ ના રોજ જન્મ્યા. મેં

તને જણાવેલ ઘણી ખરી કથાઓ, સ્વામી વિવેકાનન્દે લખેલ, ‘‘શ્રી રામકૃષ્ણની કથા-વાર્તાઓ'' એ પુસ્તકમાંથી જ લીધેલી છે. સ્વામી વિવેકાનંદ એમના સૌથી પ્રખ્યાત શીષ્ય હતા. સ્વામી વિવેકાનંદ ૧૮૯૩ માં અમેરીકા જનારા સૌ પ્રથમ સંત હતા. તેમણે ન્યુયોર્કમાં ‘વેદાંત સોસાયટી'ની સ્થાપના કરી હતી.

રામકૃષ્ણ ખૂબ જ સાદુ જીવન જીવ્યા - પોતાની રોજની ભોજન અને અન્ય આવશ્યકતાઓ માટે ઈશ્વર પર જ આધાર રાખતા. એઓ કદી ધન સ્વીકારતા નહીં. એમણે શારદામાં સાથે લગ્ન કર્યા હતા અને તેમને પોતાની માં તરીકે જ ગણતા, એમને કોઈ બાળક ન હતા. શારદા માં એમના શિષ્યોને કહેતા: ‘‘તમારે જો મનની શાંતી જોઈતી હોય તો કદી કોઈની ભૂલો જોશો નહીં, તેને બદલે તમારી ભૂલોનું જ અવલોકન કરજો. કોઈ પરાયું નથી; આ આખું જગત તમારું જ છે.'' શારદા માં એ એમના શિષ્યનો એવી ચેતવણી પણ આપી હતી કે

પુરુષો અને સ્ત્રીઓ એ એકબીજાની વધુ નજીક રહેવું જ નહીં. પછી ભલેને તે ઈશ્વર પોતે પણ સ્ત્રી કે પુરુષને રૂપે કેમ ન હોય. રામકૃષ્ણ માં કાલીની પોતાના ઈષ્ટદેવ તરીકે પુજા કરતાં જે કલકત્તામાં દક્ષિણેશ્વર મંદીરમાં બીરાજેલા છે. આ મંદીર આજે પણ ત્યાં જ છે.

અધ્યાય ૧૫ નો સાર :

આ સૃષ્ટિ હમેશાં બદલાતી રહે છે અને એ કાયમ માટે ટકતી નથી. એનું આયુષ્ય મર્યાદિત જ હોય છે. બ્રહ્મ કે આત્મા કદી બદલાતા નથી. તે શાશ્વત છે. એ બધા જ કારણોનું મૂળ કારણ છે. કૃષ્ણને આપણે પરબ્રહ્મ કે પરમાત્મા તરીકે

પણ ઓળખીએ છીએ. એમને આપણા પરમતત્ત્વ તરીકે પણ જાણીએ છીએ. કારણ એમનો અન્ય કોઈ મૂળ સ્રોત નથી. એ સ્વયં જ આ બ્રહ્મનું મૂળ છે. આ વિશ્વનું સઘળું આ બ્રહ્મમાંથી જ સર્જાય છે. આ સંપૂર્ણ દૃશ્યમાન જગત અને તે પરના સઘળા જીવ, જંતુ, પ્રાણીઓ, વૃક્ષો ઈ. સર્જનહાર બ્રહ્માએ જ બનાવેલા છે; એમનું પાલન વિષ્ણુ કરે છે અને એમનો વિનાશ શિવ કરે છે.

# અધ્યાય – ૧૬ દેવાસુર સંપદ વિભાગ યોગ

આભા : હું મારા વર્ગમાં જુદા જુદા પ્રકારના વર્તનવાળા વિદ્યાર્થીઓને જોઉં છું. દાદાજી, આપણી આસપાસ આવા જુદા જુદા વર્તનો વાળા કેટલા પ્રકારના લોકો હશે?

દાદાજી : સામાન્ય રીતે આ જગતમાં માત્ર બે જ પ્રકારના લોકો હોય છે સારા અને ખરાબ (ગીતા : ૧૬.૬) મોટા ભાગના લોકોમાં બન્ને પ્રકારના ગુણો વત્તે ઓછો અંશે હોય જ છે. તમારામાં સારા ગુણો વધારે હશે તો તમે સારા ગણાશો, અને ખરાબ ગુણો વધારે હશે તો ખરાબ ગણાશો.

આભા : જો મારે એક સારી વ્યક્તિ બનવું હોય તો મારે કયા ગુણો કેળવવા જોઈએ?

દાદાજી : તમારું પ્રમાણિક હોવું ખુબ જ અગત્યનું છે તે ઉપરાંત તમે અહિંસક અને સત્યવાદી હોવા જોઈએ. તમારો સ્વભાવ શાંત અને ક્રોધ વિનાનો હોવો પણ જરૂરી છે. અન્ય આવશ્યક ગુણો છે, દયાભાવ, લોભી ન હોવું, નમ્ર રહેવું, સામાની ભુલોને માફ કરવી, નકામાં ટોળટપ્પાં ન કરવા, આ બધા જ દિવ્ય ગુણો ગણાય છે કારણ એ જ તમને ઈશ્વર તરફ દોરી જાય છે.

આભા : એવા કયા ખરાબ ગુણો છે જેને મારે ટાળવાજોઈએ?

દાદાજી : દંભ - અર્થાત તમે જે નથી તેવા છો એવું દર્શાવવું - એવો, દેખાવ કરવો, જુઠું બોલવું, ઘમંડી અને અભિમાની હોવું, અન્યોની ઈર્ષ્યા કરવી, સ્વાર્થી બનવું માત્ર પોતાનું જ હિત જોવું, લોભી અને ક્રોધી હોવું, નગુણા હોવું, એટલે કે અન્યોના સારાં ગુણો કે કાર્યોની કદર ન કરવી, ઉદ્દંડ અને હિંસક બનવું - આ બધા જ ખરાબ ગુણો છે કારણ એ આપણને ઈશ્વરથી દૂર લઈ જાય છે. - આ

બધા જ ખરાબ ગુણો આપણી પડતીના કારણે બને છે. અને આપણને પારાવાર મુશ્કેલીઓમાં મુકે છે. જે લોકો આવા ખરાબ ગુણોવાળા હોય તેમને મિત્રો કદી ન બનાવવા - તેમની નજીક પણ જવું નહીં. - તેમનાથી હમેશાં દૂર જ રહેવું કારણ તેમને શું કરવું અને શું ન કરવું એનું ભાન હોતું જ નથી. જે તમારું ભલું કરે, તેમને મદદ કરી તેમના હમેશાં ઋણી રહો - તેમને અહોભાવથી જુઓ પછી તે ભલે મોટા હોય કે નાના, તવંગર હોય કેગરીબ. તમે જ્યારે આવું નથી કરતા તો સૌથી મોટું પાપ કરો છો અને એવા પાપમાંથી છૂટવાનો કોઈ માર્ગ હોતો નથી.

ઈચ્છાઓ, ક્રોધ અને લોભ ખુબ જ નુકસાનકારક હોય છે. શ્રીકૃષ્ણએ આ ત્રણેને સૌથી મહાન નરક તરીકે ઓળખાવ્યા છે. (ગીતા - ૧૬.૨૧)

આ કથા તમને સમજાવશે કે લોભને કારણે દુઃખ કેવી રીતે આવે છે :

## ૨૧. શ્વાન અને હાડકું :

એક દિવસ એક શ્વાનને એક મઝાનું હાડકું મળી ગયું. એણે એને પોતાનાં મોમાં ઉઠાવી લીધું અને એક એકાંત જગ્યા શોધીને, ત્યાં બેસીને એ થોડા સમય માટે પેલાં હાડકાને ચુસતો-ચાવતો રહ્યો. પછી એને તરસ લાગી એટલે એ હાડકાને મોમાં લઈ નજીકના તળાવે પહોંચ્યો. ત્યાં તળાવના પાણીમાં એક અન્ય કુતરાને મોમાં હાડકાં સાથે જોયો. એને લોભ થયો, એ એવું ઈચ્છવા લાગ્યો કે પેલા કુતરા પાસેથી પણ એ હાડકાંને છીનવી લે. એણે પેલા કુતરાને ડરાવવા જોર જોરથી ભસવા માંડયું. અને શું થયું ખબર છે ? એનું પોતાનું જ હાડકું મોમાંથી સીધું તળાવના પાણીમાં પડી ગયું. શ્વાનને પોતાની ભુલ સમજાઈ પરંતુ ત્યાં સુધીમાં તો ખૂબ મોડું થઈ ગયું હતું.

લોભનો અંત ત્યારે જ આવે જ્યારે તમે જે તમારી પાસે છે તેનાથી જ સંતોષ મેળવો. એક સંતોષી નર સદા સુખી હોય છે. એક લોભીઓ જીવનમાં કદી સાચું સુખ અને શાંતી મેળવી શકતો નથી.

આભા : મને શું કરવું અને શું ન કરવું એની સમજ કેવી રીતે પડે?

દાદાજી : શાસ્ત્રોમાં સુચવેલા માર્ગે ચાલવું, અને તે માટે સંતો, ઋષીમુનીઓ અને વડીલો જેમણે આ શાસ્ત્રોને જાણ્યાં છે, તેમનો અભ્યાસ કર્યો છે, તેમના સુચનો અનુસારનું વર્તન કરવું. હમેશાં ઈશ્વર પર શ્રદ્ધા રાખવીઅને માં બાપ તેમજ ગુરુજનોનું કહ્યું કરવું.

આપણે જેમ બને તેમ વધારે સારા ગુણો અને સારી ટેવો કેળવવી જોઈએ, પરંતુ કોઈ એવું નથી હોતું જેમાં બધા જ સારા ગુણો હોય અને ખરાબ ટેવો એકે ન હોય. સામાન્ય રીતે, સારા અને નરસા બન્ને ગુણો જ ઈશ્વર

આપણને આપતો હોય છે. એટલે કોઈ એક વ્યક્તિ સર્વગુણ સંપન્ન હોય એવું બનતું નથી.

દ્રોપદીની આ કથામાંથી આપણે આ સત્યને સમજી શકીશું.

## ૨૨. દ્રોપદીની કથા.

દ્રોપદી પાંચ પાંડવોની પત્ની હતી. એના પાછલા જન્મમાં એ એક ઋષીની દીકરી હતી એ ખુબ જ સુંદર અને સુશીલ કન્યા હતી પરંતુ એના પૂર્વ જન્મોના કાર્યોને કારણે એના લગ્ન થઈ શક્યા નો'તા. તે કારણે એ ખૂબ જ દુઃખી હતી. તેથી જ એણે ભગવાન શિવને રીઝવવા તપ આદર્યું. ખૂબ જ લાંબા સમય સુધીની ઘોર તપશ્ચર્યા બાદ ભગાવન શિવ એના પર પ્રસન્ન થયા અને એમણે વરદાન માંગવા જણાવ્યું. એણે એક એવા પતિની માંગણી કરી જે ખુબ જ ધાર્મિક, બળવાન, શુરવીર યોદ્ધો, સુંદર અને નમ્ર સ્વભાવનો હોય. ભગવાન શિવ તો તથાસ્તુ કરીને ચાલ્યા ગયાં.

ત્યારબાદના જન્મમાં એના લગ્ન પાંચ પાંડવો સાથે થયા, પરંતુ તે આવી પરિસ્થિતિમાં ખુશ ન હતી. એ જન્મમાં દ્રૌપદી શ્રીકૃષ્ણની પણ મહાન

ભક્ત હતી, અને શ્રી કૃષ્ણ તો અંતર્યામી હતા, તેઓ સૌના ભૂત, વર્તમાન અને ભાવિના જાણનારા હતા. એમને દ્રોપદીની પીડા સમજાઈ ગઈ. અને એમણે દ્રૌપદીને એના પાછલા જન્મની ઘટના જણાવી. શ્રી કૃષ્ણએ એ પણ જણાવ્યું કે તેં વર્ણવેલા ગુણો કોઈ એક વ્યક્તિમાં હોય એવું તો અશક્ય જ છે, અને તેથી જ એણે આ જીવનમાં પાંચ પતિઓ સાથે લગ્ન કરવા પડયા, જે દરેકના ગુણો એની માંગણી મુજબના છે.

શ્રી કૃષ્ણના આવા કથાનક અને તારણ બાદ દ્રૌપદી તેના માબાપે તેમજ પાંચ પાંડવો એ આ પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરી લીધો અને ત્યાર બાદ તેઓ સુખ-શાંતીથી જીવ્યા. આ કથાનો સાર એ જ છે કે કોઈપણ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબના બધાજ ગુણોવાળા પતિ કે પત્ની મેળવી શકે નહીં, માટે એણે જે મળે તેમાં સંતોષ માનીને જ જીવવાનું શીખવું જોઈએ. કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ

હોઈ ન શકે.

અધ્યાય ૧૬ નો સાર :

સામાન્ય રીતે બે પ્રકાર ના જ લોકો હોઈ શકે : સારા કે દૈવી ગુણોવાળા અને ખરાબ કે આસુરી ગુણો વાળા. મોટાભાગના લોકોમાં બન્ને પ્રકારના જ ગુણ વધતે-ઓછે અંશે હોય છે. આધ્યાત્મિક પ્રગતિ માટે એટલે કે મુક્તિના માર્ગ જનારાઓએ ખરાબ ટેવોને ઘટાડવી જોઈએ અને સારા ગુણોને કેળવવા જોઈએ.

# અધ્યાય – ૧૭ શ્રધ્ધાત્રય વિભાગ યોગ

આભા : દાદાજી, મારે કેવો ખોરાકખાવો, તેની કેવી રીતે ખબર પડે?

દાદાજી : આભા, ખોરાક ત્રણ પ્રકારના હોય છે (ગીતા : ૧૭.૦૭-૧૦) જે ખોરાક લાંબુ આયુષ્ય, સદ્ગુણો, તાકાત, તંદુરસ્તી, સુખ અને આનંદ આપે તે રસાળ, સુંવાળા, સ્વસ્થ અને પોષક હોય છે. આવા તંદુરસ્તી ભર્યા ખોરાકો સૌથી ઉત્તમ છે. અને એ બધા પોષક અને સાત્વીક ખોરાક તરીકે ઓળખાય છે.

જે ખોરાક વધુ પડતા કડવા, ખાટા, ખારા, ગરમ, તેલથી લથબથ અને તેજાબી હોય તેમને રાજસીક કે ખાવા ન જોઈએ તેવા ખોરાક કહી શકાય. આવા સત્વહિન ખોરાક તંદુરસ્તી માટે નુકસાનકારક છે. તે રોગોને નોતરે છે અને તેમને શક્ય હોય ત્યાં સુધી ટાળવા જ જોઈએ.

જે ખોરાક સારી રીતે રંધાએલા ન હોય, બગડેલા હોય, બેસ્વાદ હોય, વાસી હોય, દાઝી ગયેલા હોય, અશુદ્ધ હોય (જેમ કે માંસ-મદિરા) એ બધા તામસિક ખોરાક કહેવાય એ બધા ખોરાકને અયોગ્ય કહી શકાય અને તેમને કદી ન ખાવા.

આભા : મારે અન્યો સાથે વાતચીત કેવી રીતે કરવી જોઈએ?

દાદાજી : કદી જુઠું ન બોલવું, કઠોર, કડવા અને ગાળો ભર્યા શબ્દો કદી ન વાપરવા, કોઈનું અપમાન ન કરવું, વાણી હમેશાં સૌમ્ય, મૃદુ ઉપયોગી અને સાચી હોવી જોઈએ. (ગીતા ૧૭.૧૫) જે નરમાશ અને આદરપૂર્વક બોલે છે, તેને સૌ પસંદ કરે છે, તે સૌના હૃદય જીતી લે છે. એક ડાહ્યામાણસે જો કોઈને મદદરૂપ થવું હોય તો સાચું જ બોલવું જોઈએ અને તે સત્ય કડવું લાગે તેવું હોય

તો ચૂપ જ રહેવું જોઈએ. જેમને આવશ્યકતા છે તેમની મદદ કરવી એ આપણો ધર્મ છે.

આભા : મારે અન્યોને મદદ કેવી રીતે કરવી?

દાદાજી : આપણાંથી ઓછા ભાગ્યશાળી હોય, જેઓ અસહાય હોય તેવા દરેકને આપણે બનતી મદદ કરવી એ આપણી ફરજ છે. જેને પણ જરૂર હોય તેવા દરેકને મદદ કરવા તત્પર રહો, પરંતુ તેના બદલામાં કશાંની પણ અપેક્ષા રાખવી નહીં. ધનનો કોઈ સૌથી ઉત્તમ ઉપયોગ હોય તો તે દાન કરવામાં રહેલો છે. અને તેજ ધનને વાપરવાનો એક માત્ર માર્ગ છે. આ દાનનો સાચો મહિમા ત્યારે છે જ્યારે જમણાં હાથે થયેલા દાનની જાણ ડાબા હાથને પણ ન થાય. કોઈપણ સારા કાર્યમાં આપણે બનતી બધીજ રીતોથી મદદ કરવી જોઈએ.

આપણને જે કાંઈ મળ્યું છે એ આ જગત પાસેથી જ મળ્યું છે તો એ ઋણ ચૂકવવા જગતને પાછું આપીએ એનાથી ઉત્તમ કશું નથી. પણ એ ધન કુમાર્ગે કમાયેલું ન હોય તેનું ધ્યાન રાખવાની જવાબદારી તમારી છે. અને એ દાન સુપાત્રને જ હોય તે જોવું પણ તમારે માટે આવશ્યક છે. (ગીતા ૧૭: ૨૦-૨૨)

આભા : જો આપણે સાચા હૃદયથી પ્રાર્થના કરીએ તો શું ઈશ્વર આપણને જે કાંઈપણ જોઈએ તે આપશે?

દાદાજી : ઈશ્વરમાં રાખેલી સંપૂર્ણ શ્રદ્ધા જ બધાં કાર્યો પાર પાડે છે. શ્રદ્ધા રાખ્યા પછી કશું જ અશક્ય નથી. શ્રદ્ધા તો ચમત્કારો કરી શકે છે. કોઈપણ કાર્ય શરૂ કરતા પહેલાં પૂર્ણ શ્રદ્ધા ધરાવવી જ જોઈએ. ગીતામાં જણાવ્યું જ છે કે જો આપણે હમેંશા ઈશ્વરની સંપૂર્ણ શ્રદ્ધાંથી પ્રાર્થના કરતા રહીએ તો આપણે જેની પણ ઈચ્છા કરીશું તે આપણને અવશ્ય મળશે જ (ગીતા : ૧૭.0૩) તમારે શું

બનવું છે તે અંગે જ ચિંતન કરતા રહો, તો તમારા બધાં જ સ્વપ્ન સાકાર થશે. હવે આપણે એક કાગડો અને તેની શ્રદ્ધા વિશેની કથા જોઈએ :

## ૨૩. તરસ્યો કાગડો.

ઉનાળાનો દિવસ હતો. એક કાગડો ખૂબ જ તરસ્યો થયો હતો. પાણીની શોધમાં એ આમતેમ ખૂબ રખડયો. પરંતુ એને પાણી ક્યાંએ ન મળ્યું. નદી, તળાવ, ઈ. બધા જ સુકાઈ ગયા હતા. કુવાનું પાણી ઉંડુ હતું. કાગડાની તરસ તો વધતી જ જતી હતી. એ આમતેમ ફાંફાં મારતો જ રહ્યો. હવે તો તરસ સાથે એને થાક પણ પૂષ્કળ લાગ્યો.

અંતે એને લાગ્યું કે હવે મોત નજીક જ છે. અને એણે ઈશ્વરને યાદ કરી એને પાણી માટે પ્રાર્થના કરવા લાગ્યો. અને એને એક ઘર પાસે પડેલો પાણીનો કુંજો દેખાયો. આ જોઈ એને ખૂબ આનંદ થયો. એને લાગ્યું કે એમા પાણી હોવું

જોઈએ. પણ જ્યારે એણે જોયું કે પાણી તો કુંજાની સાવતળીએ છે એટલે એ ફરી નિરાશ થયો. એ પાણીને જોઈ શકતો હતો પરંતુ એની ચાંચ ત્યાં સુધી પહોંચતી નો'તી. એ ખુબ જ ઉદાસ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે એ પાણી સુધી કેવી રીતે પહોંચી શકે. અચાનક એને કાંઈક સૂઝ્યું. એણે જોયું કે કુંજાની આસપાસ ઘણાં કાંકરા વેરાયેલા પડયા છે. એણે તો એક પછી એક કાંકરા પોતાની ચાંચથી ઉંચકીને કુંજામાં નાંખવા માંડયા. ધીરે ધીરે પાણી ઉપર આવવા લાગ્યું અને થોડા જ સમયમાં તો કાગડાની ચાંચ પાણી સુધી પહોંચી ગઈ. એણે ધરાઈને પાણી પીધું, ઈશ્વરનો પાડ માન્યો અને ત્યાંથી ઉડી ગયો.

માટે જ એવી કહેવત છે ને કે "મન હોય તો માળવે જવાઈ" કાગડાએ એ જ કર્યું જે આપણાં સૌએ કરવું જોઈએ. એણે પ્રયત્ન કરવાનું છોડયું નહીં. અને શ્રદ્ધા હતી કે એની પ્રાર્થના જરૂરથી ફળશે.

એવી જ એક બીજી સરસ કથા છે :

## ૨૪. સસલા અને કાચબાની કથા.

કાચબાની ગતી હમેશાં ધીમી જ હોય છે. એનો મિત્ર સસલો ઘણીવાર એની ઝડપ અંગે એના પર હસતો. એક દિવસ કાચબો પોતાનું વારંવારનું અપમાન સહી ન શક્યો અને એણે સસલાને પડકાર્યો. એણે એની સાથે દોડવાની શરત લગાવી. જંગલના બધા જ પ્રાણીઓ એ સાંભળી હસવા લાગ્યા, કારણ આવી કોઈ પણ શરત બરાબરી વાળા વચ્ચે જ હોઈશકે. એક હરણે નિર્ણાયક થવાનું કબુલ્યું.

દોડ શરૂ થઈ, સસલો તો જોરમાં દોડયો અને જોત જોતામાં આગળ નીકળી ગયો. જેમ જેમ એ જીતવાના અંતિમ સ્થળ નજીક પહોંચવા લાગ્યો તેમ

તેમ એ જીતવા અંગે નિશ્ચિત્ત થતો ગયો. એણે પાછળ જોયું તો કાચબો ખૂબ જ પાછળ રહી ગયો હતો.

સસલાને જીતવાનો પાકો વિશ્વાસ હતો, એણે વિચાર્યું, “હું પેલા ઝાડ નીચે બેસીને કાચબાની આવવાની રહા જોઉં. જેવો એ દેખાશે કે હું દોડીને જીતવાના સ્થળે પહોંચી જઈશ. એનાથી કાચબાને એકદમ ગુસ્સો આવશે અને તે જોઈ મને ખૂબ આનંદ થશે."

સસલો તો આવું વિચારતો ઝાડ નીચે બેસી ગયો. કાચબો તો હજી ઘણેં દૂર હતો. ઠંડો પવન ધીરે ધીરે વાય રહ્યો હતો. થોડો સમય પસાર થયા બાદ સસલો તો ઝાડ નીચે ઉંઘી ગયો. અને જ્યારે એ જાગ્યો તો એણે જોયું કે કાચબો જીતના સ્થળે પહોંચી ચૂક્યો હતો. અને સસલો એ દોડમાં હારી ગયો ! જંગલના

બધા પ્રાણીઓ સસલાને જોઈ હસવા લાગ્યા. અને એને એક અમુલ્ય બોધ મળ્યો.

‘‘ધીરજ અને ખંતથી બધું જ શક્ય બને છે. આળસુએ તો પસ્તાવું જ પડે છે.''

તમે જો શ્રદ્ધા અને મહેનતથી કોઈપણ કાર્ય ઉપાડો તો તેમાં જરૂર સફળ થવાના જ. તમારે જે કાંઈ મેળવવું હોય તે માટે તમારા ઉત્સાહને જાળવી રાખો, તમને તે મળશે જ મળશે. આપણે જે કાંઈ છીએ તે આપણાં વિચારોનું જ પરિણામ છીએ. વિચારો જ આપણાં ભવિષ્યને ઘડે છે. આપણે જે કાંઈ હમેશાં વિચારતા રહીએ છીએ તે જ આપણે બનીએ છીએ. માટે કદી નકારાત્મક વિચારો કરશો નહીં, કદી શંકાઓના શિકાર થશો નહીં. તમારા ધ્યેય તરફ આગળ વધતા રહો. તમે કામને ટાળવાથી, આળસથી, કે અધૂરા પ્રયત્નોથી કદી પુરૂં કરી શકશો નહીં, તમારા સ્વપ્નને સદા હૃદયમાં જાગતું જ રાખો, એ જરૂર સાચું પડશે.

જીતવાનો દૃઢ નિર્ણય અને ઈશ્વરમાં અખૂટ શ્રદ્ધા તમારી બધી જ મુશ્કેલીઓને દૂર કરશે. પરંતુ સફળતાના આ ફળોને અન્યો સાથે વહેંચીને ખાવાનું ચૂકશો નહીં. તમારે જો તમારા સ્વપ્નોને સાકાર થતા જોવા હોય તો, અન્યોને પણ તેમના સ્વપ્નો સાકાર કરવામાં મદદ કરો!

આ અન્ય એક કથા છે જેમાં વ્યક્તિ શીખે છે કે સ્વયંને મદદ કરનારની જ પ્રભુ પણ મદદ કરે છે.

## ૨૫. વ્યક્તિ જેણે કદી હાર ન માની.

યવા એક ઋષીપુત્ર હતો. તેણે ઈન્દ્ર પાસેથી વરદાન મેળવવા ઘોર તપસ્યા કરી. એણે પોતાના શરીરને અનહદ કષ્ટો આપીને ઈન્દ્રને પ્રસન્ન કર્યો. ઈન્દ્ર એની સમક્ષ પ્રગટ થયા અને પુછ્યું કે એ શરીરને આટલું બધું કષ્ટ શા માટે આપી રહ્યો છે.

યવાએ જવાબ આપ્યો, “મારે વેદોનો અભ્યાસ કરી તેમાં પારંગત થવું છે, કોઈ ગુરુ પાસેથી એમનું જ્ઞાનમેળવવામાં લાંબો સમય જશે મારે તો તપ કરીને એ જ્ઞાન સીધું જ મેળવવું છે મને એવું વરદાન આપો."

ઈન્દ્રએ હસીને ઉત્તર આપ્યો, “વત્સ તું ખોટે માર્ગે જઈ રહ્યો છે. ઘરે પાછો જા. કોઈ સારા ગુરૂને શોધી કાઢ, અને તેમની પાસેથી જ વેદોનું જ્ઞાન મેળવ. તપ કરવાથી એ જ્ઞાન સીધું મળી શકે તેમ નથી; એને મેળવવાનો કેવળ એક જ માર્ગ છે અને તે છે અભ્યાસ, અભ્યાસ અને માત્ર અભ્યાસ." આટલું કહી ઈન્દ્ર અન્તર્ધ્યાન થઈ ગયા.

તેમ છતાં યવે આશા ન છોડી, એણે તો પોતાના તપસ્યાને વધુ ઘોર અને કઠોર બનાવી દીધી. ઈન્દ્ર ફરી એની સામે પ્રગટ થયા અને એને ચેતવણી

આપી. ત્યારે યવે પ્રતિજ્ઞા કરી કે જો એની પ્રાર્થના સાંભળવામાં ન આવશે તો એ પોતાના અંગ-હાથ-પગ ઈ. વારાફરતી કાપીને અગ્નિમાં હોમી દેશે. પરંતુ એ હાર નહીં માને. એણે તો એની તપસ્યા ચાલુ જ રાખી. એ તપસ્યા દરમ્યાન એક સવારે જ્યારે એ ગંગામાં સ્નાન કરવા જઈ રહ્યો હતો ત્યારે એણે એક વૃદ્ધને ગંગામાં મુઠી ભરીને રેતી નાખતો જોયો.

“વડીલ, તમે આશું કરી રહ્યા છો?" તેણે વૃદ્ધને પુછ્યું. વૃદ્ધે જવાબ આપ્યો, “હું આ નદી પર બંધ બાંધી રહ્યો છું. જેથી લોકોને નદી પાર કરવામાં સરળતા રહે. અત્યારે એને પાર કરવી કેટલી મુશ્કેલ છે, જુએ છે ને તું? કેમ છે ને મારૂં આ કામ સૌને ઉપયોગી?"

યુવ હસવા લાગ્યો, એણે કહ્યું, ‘જે આ નદી પર મુઠીભર રેતી વડે બંધ બાંધવાના સ્વપ્ન જુએ એવો મુરખ બીજો તો ન જ મળી શકે! ઘરે જઈને અન્ય કાંઈ ઉપયોગી કામ કરો.'

વૃદ્ધે કહ્યું, “શું મારું કામ તારા વેદોને અભ્યાસથી નહીં પરંતુ કેવળ તપથી જાણવાના કામ કરતા પણ વધારે મૂર્ખાઈ ભર્યું છે?"

હવે યુવને જણાયું કે એ વૃદ્ધ ઈન્દ્ર પોતે જ છે. એણે ઈન્દ્રને આજીજી કરી કે આ જ્ઞાનની વ્યક્તિગત ઈચ્છાનું વરદાન આપે.

ઈન્દ્રએ એને આશિર્વાદ આપ્યા અને કહ્યું કે : “જા હું તને જે જોઈએ છે તેનું વરદાન આપું છું. જઈને વેદોનું વાંચન કર; અને તેને તેનું જ્ઞાન થઈ જશે."

યુવે વેદોનો અભ્યાસ કર્યો અને વેદાચાર્ય બની ગયો.

સફળતાનું રહસ્ય એજ છે કે તમને જેની ઈચ્છા હોય તેનો સતત વિચાર કરતા રહો અને જ્યાં સુધી તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી હાર માનશો નહીં. નકારાત્મક વિચારો, ટાળવાની વૃત્તી, આળસ, અને બેદરકારી જેવા ગુણો તમને અંતરાયરૂપ ન બને તેની કાળજી કરો.

કોઈપણ કાર્ય શરૂ કરતાં પહેલાં અને એના અંતે “ૐ તત્ સત્" જે બ્રહ્મના ત્રીગુણાત્મક મંત્રનું ઉચ્ચારણ કરો.

આભા : દાદાજી, આ “ૐ તત્ સત્" નો અર્થ શો થાય?

દાદાજી : એનો અર્થ છે, માત્ર પરમાત્માનું જ અસ્તિત્વછે. ૐનો ઉપયોગ કોઈપણ કાર્ય કે અભ્યાસ શરૂ કરતાં પહેલાં કરાય છે. ૐ તત્ સત્ ઉપરાંત ૐ શાંતી શાંતી શાંતીઃ નો ઉપયોગ પણ શરૂઆત અને અંતમાં કરવામાં આવે છે.

અધ્યાય ૧૭ નો સાર :

અન્ન ત્રણ પ્રકારનું હોય છે - સાત્વિક, રાજસિક અને તામસિક - અને તે આપણી તંદુરસ્તીને અસર કરે છે. સાચું બોલો પણ ગમતું બોલો. સુપાત્રને જ દાન કરો, જેથી એનો દુરુપયોગ ન થાય. તમે તમારા ધ્યેય માટે સખત મહેનત કરશો તો તમારા દરેક સ્વપ્નને સાકાર કરી શકશો.

## અધ્યાય – ૧૮ મોક્ષ સન્યાસ યોગ

આભા : દાદાજી, અહીં વપરાયેલા કેટલાક શબ્દોથી મારા મનમાં ગૂંચવણ થઈ છે.આ સન્યાસ અને કર્મયોગ એ વચ્ચે શું ફરક છે,તે જરા મને ફરી સમજાવશો?

દાદાજી : કેટલાક લોકો એવું માને છે કે સન્યાસનો અર્થ ઘરબાર - સગાસંબંધી સૌને છોડીને જંગલમાં ચાલ્યા જવું અને કોઈ ગુફા શોધીને તેમાં જ રહેવું - એટલે કે સમાજને ત્યાગીને એકાંતમાં જ રહેવું. પરંતુ શ્રીકૃષ્ણએ સન્યાસને, તમારા બધા જ કામો પાછળ રહેલી સ્વાર્થી વૃત્તીઓને ત્યાગવી તે છે, એ રીતે ઓળખાવ્યો છે. (ગીતા : ૬.૦૧ - ૧૮.૦૨) કર્મયોગમાં વ્યક્તિ પોતાના કર્મના પરિણામોમાં જે કર્મફળને ભોગવવાની વૃત્તિ હોય છે તેનો સદંતર ત્યાગ કરે છે.

તે રીતે એક સન્યાસી એ પરિપક્વ થયેલો કર્મયોગી જ ગણાય, જે કોઈપણ કાર્ય પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે નથી કરતો.

આભા : શું એનો અર્થ એવો થાય કે મને આનંદ આપનાર કોઈ પણ કામ હું કરી જ નહીં શકું?

દાદાજી : એનો આધાર તમે તમારા મનમાં કઈ રીતના આનંદની ઈચ્છા રાખો છો, તે ઉપર છે. કાર્યો જેવા કે ધુમ્રપાન, મદીરાપાન, જુગાર રમવો, અને ચરસ, અફીણ, ગાંજો જેવા સેવનોથી શરૂઆતમાં તો આનંદ અને સુખ મળતા હોય એવું જણાય છે, પરંતુ લાંબેગાળે એની અસરો ચોક્કસ જ હાનિકારક હોય છે. કોઈપણ ઝેર શરૂઆતમાં મીઠું જ લાગે છે પણ તમે જાણો જ છો કે અંતે તો એ મોતને નોતરનારૂં જ હોય છે અને આટલું સમજાય ત્યાં સુધીમાં ખૂબ જ મોડું થઈ ગયું હોય છે. જ્યારે બીજી તરફ જરૂરતમંદને મદદ કરવી, પુજાપાઠ અને કસરત,

ધ્યાન ઈ. કરવા શરૂઆતમાં મુશ્કેલ અને કંટાળા ભર્યા જ લાગે છે, પરંતુ એના પરિણામો લાંબેગાળે સુખદ જ હોય છે. (ગીતા : ૫.૨૨ - ૧૮.૩૮).

એક સોનાનો નિયમ એ છે કે કોઈપણ કાર્ય શરૂઆતમાં સુખદ અને આનંદ આપનારૂં હોય અને લાંબેગાળે જો વિનાશ કરનારું હોય તો એને કદી કરવું નહીં.

આભા : દાદાજી, સમાજને માટે કહી શકાય એવાં કયા કામો છે?

દાદાજી : વેદોની પૌરાણિક પરંપરામાં શ્રીકૃષ્ણએ જે રીતે વર્ણવ્યું છે તે મુજબ માનવીના જીવન માટે એમણે ચાર પ્રકારના કાર્યો દર્શાવ્યા છે. (ગીતા : ૪.૧૩ - ૧૮. ૪૧-૪૪) આ ચાર વિભાગો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. એ બધાનો આધાર વ્યક્તિની માનસિક, બૌદ્ધિક અને શારીરિક ક્ષમતાઓને આધારે હતો. વ્યક્તિની કિંમત એના આ ગુણોને આધારે - અને નહીં કે જન્મ અથવા સામાજીક

સ્તરને આધારે થતી. પરંતુ આ ચાર વર્ણો મોટે ભાગે ખોટી રીતે લેવાયા અને તેમાંથી જ આજના ભારતમાં તેમજ અન્યત્ર પણ થતી જાતીવાદની પ્રથાનો જન્મ થયો, અને એ જન્મને આધારે જ જોવાવા લાગી.

જેમને વિદ્યાભ્યાસમાં, શિક્ષણ તથા ઉપદેશો આપવામાં, લોકોને આધ્યાત્મિક વિષયોનું માર્ગદર્શન આપવામાં રસ હતો તેઓ બૌદ્ધિકો કે બ્રાહ્મણો તરીકે ઓળખાયા. જે લોકો દેશનું રક્ષણ કરી શકે તેવા, નિતિ નિયમોનું પાલન કરાવી શકે તેવા અને ન્યાય તથા રાજ્ય કારોબાર ચલાવી શકે તેવા હતા તેઓ ક્ષત્રિયો અને યોદ્ધાઓ તરીકે ઓળખાયા, જેઓ ખેતી, પશુપાલન, વેપાર ધંધો, નાણાંની લેવડ દેવડ - ઉદ્યોગ ઈ. માં કુશળ હતા તેઓ વૈશ્ય તરીકે ઓળખાયા. અને જેઓ સેવા આપવામાં તેમજ સખત મજુરી કરવા માટે સક્ષમ હતા તે શુદ્રો બન્યા.

વ્યક્તિ ક્યાં તો જન્મથી જ કેટલીક ક્ષમતાઓ સાથે લાવે છે કે પછી ક્ષમતાઓને શિક્ષણ, કેળવણી અને મહેનત દ્વારા કેળવે છે. કોઈ એક સામાજીક સ્તરે કે કોઈકુટુંબમાં, પછી તે ઉંચુ હોય કે નીચું, જન્મ લેવાથી વ્યક્તિનું સાચું મુલ્ય નક્કી નથી થઈ શકતું.

વર્ણ વ્યવસ્થામાં જે કામ સોંપાતું તે વ્યક્તિની કુશળતાને આધારે જ હતું. કમનસીબે આ ચાર વર્ણોનું વર્ગીકરણ અસંખ્ય વાડાબંધી વાળી જાતીઓમાં પરિણમ્યું, અને મૂળ વિચારોનું અધઃપતન થયું. આજના યુગની જાતી વ્યવસ્થાને સ્વામી વિવેકાનંદે આજના માનવધર્મ માટે એક નામોશી ભર્યો અભિશાપ ગણાવ્યો છે. કેટલાક બૌદ્ધિકો પણ પરદેશમાં જઈને આવા જાતી આધારીત મંડળોની રચના કરે છે જે ખુબ જ શરમજનક ગણાય!

આભા : કોઈપણ વ્યક્તિ સમાજમાં જ કાર્યરત રહીને, મુક્તિ કેવી રીતે મેળવી શકે?

દાદાજી : જ્યારે કોઈપણ કાર્ય નિસ્વાર્થ ભાવે, કોઈપણ ફળની અપેક્ષા વિના સાચા હૃદયથી કરાય છે ત્યારે એ પ્રભુની પુજા સમાન જ છે. તમને અનુકુળ એવા કોઈપણ કામને તમે પ્રામાણિકતાથી કરો ત્યારે તમને તે કર્મ તરીકે ચોંટતું નથી અને તમે પ્રભુને મેળવી લો છો. એ જ તો મુક્તિ છે!

તમે જો એવું કોઈ કામ કરો જે તમને અનુકુળ નથી તો એવું કામ તમારામાં તાણ ઉભું કરશે અને તમે એમાં સફળ પણ નહીં થાવ. તમારે યોગ્ય હોય, અને જેમાં તમને રસ પડે એવું કામ શોધવું એજ સૌથી અગત્યનું છે. તે માટે આવશ્યક છે કે સૌ પ્રથમ તમે સ્વયંને ઓળખો અને ત્યારબાદ જ નક્કી કરો કે કયું કામ તમારે યોગ્ય છે. (ગીતા : ૧૮.૪૭). ત્યારે જ તમને તમારા કામથી

તાણ નહીં પહોંચે અને એવું કામ જ તમારામાં ઉત્સાહ લાવી તમારે માટે તેમજ અન્યો માટે ઉપયોગી અને ઉત્પાદક બનશે.

આ જગતમાં કોઈપણ કાર્ય સંપૂર્ણ નથી. દરેક કાર્યમાં કોઈનો કોઈ દોષ તો હોય જ છે (ગીતા : ૧૮-૪૮) જ્યારે તમે તમારી ફરજ બજાવો ત્યારે આવા દોષોની ચિંતા કરવી નહીં. તમારે તમારી ફરજને, પ્રભુ પ્રત્યેની ભક્તિથી અને તમારા આત્મજ્ઞાનના અભ્યાસની મદદથી તમારી ઈન્દ્રિયોને નિયંત્રણમાં રાખી, બજાવતા રહેવું. એ રીતે જ તમને પ્રભુની પ્રાપ્તિ થશે અને તમે મુક્ત થઈ શકશો.

નીચે જણાવેલ કથા એજ દર્શાવે છે કે કામ ગમે તે હોય વ્યક્તિ જો એને નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ સમજીને કરે (ગીતા ૧૮, ૪૬-૫૮) તો એ જરૂર આત્મ સાક્ષાત્કાર પામી શકે છે.

## ૨૬. હું કાંઈ સારસ નથી !

કૌશિક નામના એક પવિત્ર બ્રાહ્મણે ખૂબ જ ઉંચી આધ્યાત્મિક શક્તિઓ મેળવી હતી. એક દિવસ એ એક વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠો હતો. ત્યાં વૃક્ષ પર બેઠેલા એક સારસે એને અપવિત્ર કર્યા. કૌશિકે ક્રોધથી ઉપર સારસ તરફ જોયું એનો ક્રોધ એટલો જલદ હતો કે પેલું સારસ પક્ષી બળીને ભસ્મ થઈ ગયું. જ્યારે પક્ષી બળીને જમીન પર પડયું ત્યારે એ પવિત્ર બ્રાહ્મણને ખુબ જ દુઃખ થયું.

કેટલાક સમય બાદ એ એક વાર ભિક્ષા માટે કોઈ એક યજમાનના દરવાજે ઉભો હતો. ગૃહિણી ત્યારે એના પતિને ભોજન કરાવવામાં વ્યસ્ત હતી અને એવું જણાયું કે એ બારણે ઉભેલા ભિક્ષુકને વિસરી ગઈ હોય. એના પતિનું ભોજન પુરું થતાં એ ભિક્ષા લઈને બહાર રાહ જોતા બ્રાહ્મણ પાસે આવી. અને કહ્યું, “મને ખેદ છે કે તમને રોકી રાખ્યા. મને માફ કરજો."

પરંતુ કૌશિક તો ક્રોધથી રાતોપીળો થયો અને કહ્યું, “બહેન, તમે મને લાંબા સમય સુધી રાહ જોવડાવી, આ યોગ્ય ન કહેવાય."

ગૃહિણીએ કહ્યું, “કૃપા કરી મને ક્ષમા કરો, હું મારા બીમાર પતીની સેવામાં હતી અને તે કારણે જ મોડું થયું."

“પતિની સેવા કરવી યોગ્ય જ છે." કૌશિકે ઉત્તર આપ્યો, “પરંતુ તમે ઘમંડી સ્ત્રી હો એવું મને લાગે છે."

“હું મારા બીમાર પતિની સેવામાં હતી એટલે જ મારે તમને રોકી રાખવા પડયા," ગૃહિણીએ જણાવ્યું, “કૃપા કરી મારા પર ગુસ્સે ન થશો, હું કાંઈ સારસ પક્ષી નથી કે તમારા ક્રોધથી ભસ્મ થઈ જાંઉ. તમારો ક્રોધ, જે સ્ત્રી એના પતિ અને કુટુંબની સેવામાં રોકાયેલી હોય તેને નુકસાન ન જ કરી શકે."

કૌશિકને અત્યંત આશ્ચર્ય થયું, એ વિચારવા લાગ્યો કે આ સ્ત્રીએ સારસની ઘટના વિશે કેવી રીતે જાણ્યું.

ગૃહિણીએ ઉમેર્યું, “હે મહાત્મા, તમે ફરજ પાલનના મહત્ત્વને ઓળખતા નથી, તેમજ એ પણ નથી જાણતા કે ક્રોધ જ વ્યક્તિમાં વસેલો એનો સૌથી મહાન શત્રુ છે. અહીંથી દૂર મિથિલાના રામપુર ગામે જાઓ અને ત્યાંના વ્યાધરાજ પાસેથી ભક્તિ અને શ્રદ્ધા પૂર્વકના ફરજ પાલનનું રહસ્ય જાણો."

કૌશિક તો પેલા ગામે પહોંચ્યો અને ત્યાં વ્યાધરાજ નામના માણસને મળ્યો. એને એ જોઈ આશ્ચર્ય જ થયું કે વ્યાધરાજ એક ખાટકીની દુકાન પર માંસ વેચી રહ્યો હતો. એ ઉઠીને એમની પાસે આવ્યો અને હાથ જોડી એણે કહ્યું, “ભગવન્ મારા અહોભાગ્ય કે તમે મારે બારણે પધાર્યા, કુશળ તો છો ને? પેલા

સુશીલ ગૃહિણીએ જ તમને મારી પાસે મોકલ્યા છે ખરુંને? મને ખબર છે તમે શા માટે આવ્યા છો? ચાલો આપણે મારે ઘરે જઈએ."

કૌશિક, વ્યાધરાજ જોડે એને ઘરે ગયો. ત્યાં એણે એક સુખી અને આનંદભર્યા કુટુંબને જોયું. વ્યાધરાજ જે પ્રેમ અને આદરથી એનાં માંબાપની સેવા કરી રહ્યો હતો તે જોઈને એને ખૂબજ આશ્ચર્ય થયું. પોતાની ફરજ વ્યક્તિ કેવી રીતે નીભાવી શકે તેનો પાઠ કૌશિકે પેલા ખાટકી પાસેથી મેળવ્યો. વ્યાધરાજ કદી કોઈ પ્રાણીને મારતો નહીં, એ કદી માંસ ખાતો નહી, એ કેવળ એના પિતાનો કૌટુંબિક વ્યવસાય એના પિતાની નિવૃત્તિ બાદ ચલાવી રહ્યો હતો.

ત્યારબાદ કૌશિક પોતાને ઘરે પાછો ફર્યા અને પોતાના માંબાપની સેવા કરવાની ફરજને, જે અગાઉ ચૂક્યો હતો, નિષ્ઠાપૂર્વક કરવા લાગ્યો.

કથાનો સાર એટલો જ છે કે તમે જો તમારા જીવનમાં તમારી ફરજોનું પ્રામાણિકતા અને નિષ્ઠાથી પાલન કરશો તો પણ આધ્યાત્મિક પૂર્ણતાને પહોંચી શકશો. એજ પ્રભુની સાચી ભક્તિ છે. (ગીતા : ૧૮.૪૩)

ભગવાન શ્રીકૃષ્ણ આપણાં સૌના હૃદયમાં જ વસે છે, અને આપણાં દરેક કર્મ માટે આપણને માર્ગદર્શન આપતા રહે છે. (ગીતા : ૧૮.૬૧) દરેક કાર્ય માટે તમારા ઉત્તમ પ્રયત્નો કરો અને તેનું જે કાંઈપણ ફળ આવે તેને પ્રસન્નતાથી સ્વીકારી લો. એને જ પ્રભુ પ્રત્યેની શરણાગતી કહેવાય છે. (ગીતા : ૧૮.૬૬) આધ્યાત્મિક જ્ઞાનની ભેટ એજ સૌથી ઉત્તમ ભેટ છે. કારણ આધ્યાત્મિક જ્ઞાનનો અભાવ જ આ સંસારના બધા દુષણોનું કારણ છે. આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર જ ભગવાન શ્રીકૃષ્ણની સેવા અને સર્વોચ્ચ ભક્તિ છે. (ગીતા : ૧૮. ૬૮-૬૯)

સદાકાળનું સુખ અને સમૃદ્ધિ ત્યારે જ શક્ય છે જ્યારે તમે તમારી ફરજોનું નિષ્ઠા અને પ્રામાણિકતાથી પાલન કરો, અને સાથે જ ભગવાન શ્રીકૃષ્ણએ પવિત્ર ગીતામાં ચિંધેલા આધ્યાત્મિક જ્ઞાનને માર્ગે ચાલો. (ગીતા : ૧૮.૭૮)

અધ્યાય ૧૮ નો સાર :

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, વાસ્તવમાં એક કર્મયોગીઅને સન્યાસી વચ્ચે કોઈ ફરક નથી. એક કર્મયોગી પોતાનું કાર્ય ફળની અપેક્ષા વિના કરતો રહે છે, જ્યારે એક સન્યાસી કદી નીજી સ્વાર્થ માટે કામ કરતો નથી. બે પ્રકારના આનંદ કે સુખ હોય છે - પ્રગતિકારક અને અધોગતી આપનારા. સમાજમાં જુદી જુદી વ્યક્તિને અનુકુળ એવા જુદા જુદા કામો હોય છે. દરેકે પોતાનું કામ ડહાપણથી પસંદ કરવું જોઈએ. પ્રભુનો સાક્ષાત્કાર, સત્સંગ, સેવા અને સાધના

રૂપે શરૂ થનાર ત્રણ કાર્યો દ્વારા સમાજમાં રહ્યા રહ્યા જ સિદ્ધ કરી શકાય છે. તે માટે સંસાર ત્યાગી સન્યાસી થવાની કોઈ આવશ્યકતા નથી.

## ૐ તત્ સત્

અક્ષરનાદ ઈપુસ્તક વિભાગ-

અક્ષરનાદ.કોમ

## ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

એક ક્લિકે અનેક ઈ-પુસ્તકો